# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 251 ■ વિક્રમ સંવત ૨૦૮૨
કાર્તિક સુદ-૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 24 October 2025, Friday ■ REGD.No. MCS/058/2024-26

શુક્રવાર, ૨૪ ઑક્ટોબર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦ | મેટિની પૂર્તિ ૫ ૬ ૭ ૮ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


**તેલના ખેલથી જગત અધ્ધરતાલ**

# ટ્રમ્પ પછી ઈયુના રશિયા પર પ્રતિબંધો

▸ રશિયાની બે મોટી તેલ કંપની પર અમેરિકાના પ્રતિબંધો ▸ બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ભારે ઉછાળો
▸ આ તો યુદ્ધ ભણી લઈ જનારું પગલુંઃ મૉસ્કો ▸ ચીને રશિયા પાસેથી તેલ લેવાનું બંધ કર્યું

મૉસ્કોઃ ટ્રમ્પ વહીવટીતંત્રએ રશિયાની સૌથી મોટી બે તેલ ઉત્પાદક કંપની પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી એ પછી ગુરુવારે યુરોપિયન યુનિયન (ઈયુ)એ પણ રશિયા પર વધુ આર્થિક પ્રતિબંધો લાદ્યા હતા. ટ્રમ્પ અને ઈયુના નિર્ણયને લીધે ગુરુવારે મોડી રાતે બ્રેન્ટ ક્રૂડના ભાવમાં પોણા પાંચ ટકા ઉછાળો આવ્યો હતો અને બેરલદીઠ ૬૫.૫૭ ડૉલરનો ભાવ બોલાતો હતો.

યુક્રેન સાથેના યુદ્ધનો અંત આણવા રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનના અર્થતંત્રને સજા કરવાના ભાગરૂપ ટ્રમ્પ વહીવટીતંત્રએ રશિયાના સૌથી મોટા તેલ ઉત્પાદક પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે.

અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આગલે દિવસે રશિયાના તેલ ઉદ્યોગ વિરુદ્ધ નવા શિક્ષાત્મક પગલાં લીધા બાદ યુરોપિયન યુનિયને પણ ગુરુવારે રશિયા પર વધુ પ્રતિબંધ લાદ્યા હતા.

જોકે રશિયાના અધિકારીઓએ આ પગલાં બિનઅસરકારક હોવાનું (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ-પુતિન વચ્ચેની બેઠક મોકૂફ

રશિયા અને યુક્રેન વચ્ચે ફેબ્રુઆરી ૨૦૨૨થી છેડાયેલા યુદ્ધના અંતની આશા પર પાણી ફરી વળ્યું છે.

આંતરરાષ્ટ્રીય મીડિયા પાસેથી મળતી માહિતી મુજબ, રશિયા-યુક્રેન યુદ્ધના ઉકેલ માટેના પ્રયાસોને મોટો ફટકો પડ્યો છે, કારણ કે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન વચ્ચે પ્રસ્તાવિત બેઠક મુલતવી રાખવામાં આવી છે. આ બેઠક બુડાપેસ્ટમાં યોજાવાની હતી, પરંતુ હાલમાં તેને મુલતવી (જુઓ પાનું ૨) ▸▸

## રશિયાનું ઑઈલ ખરીદવાનું બંધ કરવા સિવાય ભારત પાસે વિકલ્પ જ નથી

નવી દિલ્હી : ટ્રમ્પ વહીવટીતંત્રે રશિયાની તેલની બે મોટી કંપની રોસનેફ્ટ ઑઈલ કંપની (રોસનેફ્ટ) અને લુકોઈલ ઓએઓ (લુકોઈલ) પરના પ્રતિબંધને લીધે ભારત માટે હવે રશિયા પાસેથી તેલની આયાત કરવાનું લગભગ અશક્ય બની જશે. ભારતે હાલના વર્ષમાં ૩૬ ટકા તેલની આયાત રશિયાથી કરી હતી. રશિયાથી તેલથી આયાતને લીધે અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ સાથે તંગદિલી ઊભી થઈ હતી. આને લીધે ટ્રમ્પે ભારત પર વધારાની ૨૫ ટકા ટૅરિફ લાદી હતી. બ્લુમબર્ગના અહેવાલ પ્રમાણે આને લીધે ભારત અને રશિયાને ફાયદો થયો હતો, પરંતુ હવે આગામી મહિનામાં આયાત બંધ થઈ જશે. રિફાઈનરીના અધિકારીએ માહિતી આપી હતી કે રશિયન તેલની (જુઓ પાનું ૨) ▸▸


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 11,556/-
PER 1 GRAM OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


## હવે ફાઈનલઃ તેજસ્વી યાદવ ઈન્ડિ જોડાણનો સીએમપદનો ચહેરો

પટણાઃ બિહાર વિધાનસભાની ચૂંટણી માટે વિપક્ષ ઈન્ડિ બ્લૉકે આરજેડીના નેતા તેજસ્વી યાદવના નામની મુખ્ય પ્રધાનપદના ચહેરા તરીકે ગુરુવારે જાહેરાત કરી હતી.

બિહાર વિધાનસભા ચૂંટણી અગાઉ વિપક્ષના આ પ્રયાસને એકતા દર્શાવવા માટેની છેલ્લી તક લેખવામાં આવે છે.

આરજેડી સાથેના મતભેદ દૂર કરવા બુધવારથી પટણામાં ધામા નાખીને બેઠેલા કૉંગ્રેસના વરિષ્ઠ નેતા અશોક ગહલોતે કહ્યું હતું કે બિહારના ગૂંચવણભર્યા સામાજિક માળખાને જોતાં રાજ્યમાં ઈન્ડિ બ્લૉક સત્તા પર આવશે તો (જુઓ પાનું ૨) ▸▸

## નાગ મિસાઈલથી આધુનિક તોપ...૭૯,૦૦૦ કરોડના શસ્ત્ર ખરીદાશે

### ઑપરેશન સિંદૂર પછી હથિયારોની ખરીદીનો ભારતનો બીજો નિર્ણય

નવી દિલ્હીઃ ભારત સરકારે ગુરુવારે સૈન્યની લડાયક ક્ષમતાઓને વધારવા માટે નાગ મિસાઇલો, તોપ, એમ્ફીબિયસ યુદ્ધ જહાજો અને ઇલેક્ટ્રોનિક ગુપ્તચર અને દેખરેખ પ્રણાલીઓ સહિત ૭૯,૦૦૦ કરોડ રૂપિયાના શસ્ત્રો અને લશ્કરી હાર્ડવેર ખરીદવાના પ્રસ્તાવોને મંજૂરી આપી છે.

સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહની અધ્યક્ષતામાં મળેલી સંરક્ષણ સંપાદન પરિષદ (ડીએસી)ની બેઠકમાં આ ખરીદી પ્રસ્તાવોને મંજૂરી આપવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર પછી ખરીદી અંગેનો આ બીજો મોટો નિર્ણય છે. પાંચમી ઓગસ્ટના રોજ ૬૭,૦૦૦ કરોડ રૂપિયાના ખરીદી પ્રોજેક્ટ્સને મંજૂરી આપવામાં આવી હતી. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, ડીએસી એ લગભગ ૭૯,૦૦૦ કરોડ (જુઓ પાનું ૨) ▸▸

## અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા શીખ ડ્રાઈવરે નશામાં ટ્રક ઘુસાડી ટ્રાફિકમાં, ત્રણનાં મોત

નવી દિલ્હીઃ અમેરિકાના દક્ષિણ કેલિફોર્નિયામાં એક ભયાનક ટ્રક અકસ્માત મામલે ૨૧ વર્ષીય ભારતીય નાગરિક જશનપ્રીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. આ ભીષણ અકસ્માતમાં ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા. આ માહિતી મીડિયા અહેવાલોમાં આપવામાં આવી છે. જશનપ્રીત સિંહ પર અકસ્માત સમયે નશાની હાલતમાં ૧૮ પૈંડાવાળો ટ્રક ચલાવી રહ્યો હોવાનો આરોપ (જુઓ પાનું ૨) ▸▸

## ખતરનાક ફટાકડો કાર્બાઈડ ગનઃ ૧૪ બાળકે આંખો ગુમાવી

ભોપાલ : દિવાળીમાં સામાન્ય ફટાકડા તરીકે વેચાતી 'કાર્બાઈડ ગન'ને લીધે ૧૪ બાળકોએ તેમની આંખની રોશની ગુમાવી છે અને મધ્ય પ્રદેશમાં આની ગંભીર ઈજા સાથે ૧૨૨ બાળકોને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. દિવાળીમાં દુકાનદારો આને રમકડા તરીકે વેચે છે. આને દેશી 'ફાયરક્રેકર ગન' તરીકે પણ ઓળખવામાં આવે છે. આ દુકાનોમાં ૧૫૦-૨૦૦ (જુઓ પાનું ૨) ▸▸

## ટ્રમ્પ કૂણા પડશે?: ટૅરિફ ૧૫ ટકા કરશે?

નવી દિલ્હી-વોશિંગ્ટનઃ ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફને લઈ સંબંધો વધુ વણસ્યા છે, પરંતુ હવે એમાં સુધારાનો નવો આશાવાદ જાગ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ ટૅરિફમાં ટૂંક સમયમાં પંદરથી ૧૬ ટકા કરી શકે છે. બંને દેશ વચ્ચે ટ્રેડ ડીલ કરવામાં આવી હોવાનો એક રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે. જો ટૅરિફમાં ઘટાડો થાય તો ભારતીય વિવિધ સેક્ટરને ફાયદો થઈ શકે છે.

ટ્રેડ ડીલ અંતિમ સ્વરુપમાં હોવાનો દાવો ભારત અને અમેરિકા વચ્ચે ટેરિફ વિવાદ ટૂંક સમયમાં ખતમ થવાની ફરીથી અટકળો(જુઓ પાનું ૨) ▸▸

## વર્ષાન્ત સુધીમાં ભારત માની જશેઃ ટ્રમ્પ

વૉશિંગ્ટનઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે તેમના એ દાવાનું પુનરુચ્ચારણ કર્યું હતું કે ભારતે રશિયાથી તેલ ખરીદવાનું બંધ કરવા સંમત થયું છે અને આ વર્ષના અંત સુધીમાં રશિયા પાસેથી તેલ લેવાનું લગભગ બંધ કરી દેશે. ટ્રમ્પે કહ્યું હતું કે આ એક પ્રક્રિયા હોય છે અને આમાં થોડો સમય લાગે છે.

ટ્રમ્પે કહ્યું હતું કે હું ચીનને પણ આમ કરવા સમજાવીશ. ચીન અને ભારત રશિયાના તેલના મોટા ખરીદદાર છે.

ટ્રમ્પે બુધવારે વાઈટ હાઉસમાં કહ્યું હતું કે તમે જાણો છો એમ ભારતે મને (જુઓ પાનું ૨) ▸▸




PARAS

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# સરફરાઝ મુસ્લિમ હોવાના કારણે ટીમમાં પસંદ નથી થતો?

**ભારતમાં** રાજકારણીઓની માનસિકતા અત્યંત હલકી છે. તેમને સમાજમાં કોઈ પણ ભોગે ભાગલા પાડીને રાજકીય ફાયદો મેળવવામાં જ રસ હોય છે. કૉંગ્રેસનાં ડો. શમા મોહમ્મદ અને આ મામલે એવરગ્રીન અસદુદ્દીન ઓવૈસીએ ક્રિકેટર સરફરાઝ ખાન વિશે બકવાસ કરીને આ હલકી માનસિકતાનો પરિચય આપ્યો છે.

સરફરાઝ ખાન હમણાં ભારતીય ટીમની બહાર છે. મંગળવારે સાઉથ આફ્રિકા એ સામે રમનારી ભારત એ ટીમ જાહેર થઈ તેમાં પણ સરફરાઝનું નામ નથી. તેના પગલે ડો. શમાએ ટ્વિટ કરી છે કે, ખાલી પૂછું જ છું કે, સરફરાઝને તેની ખાન અટકના કારણે ભારતીય ટીમમાં પસંદ નથી કરાયો એવું નથી ને ? ગૌતમ ગંભીરનું આ અંગે વલણ કેવું છે એ બધાં જાણે છે. ગૌતમ ગંભીર ભાજપના સાંસદ રહી ચૂક્યા છે તેથી શમા એવું સૂચવવા માગે છે કે, ભાજપના રાજમાં ક્રિકેટમાં પણ કોમવાદ આવી ગયો છે અને મુસ્લિમોને અન્યાય કરાઈ રહ્યો છે.

અસદુદ્દીન ઓવૈસીએ પણ એક રાષ્ટ્રીય અખબારમાં સરફરાઝની બાદબાકી સામે સવાલ કરતા લેખની લિંક મૂકીને મમરો મૂક્યો છે. ઓવૈસીએ કોઈ કોમેન્ટ કરી નથી પણ બીજા કોઈ ક્રિકેટરની નહીં ને એક મુસ્લિમ ક્રિકેટરની પસંદગી ના થઈ તેની જ વાત માંડીને ઓવૈસી શું કહેવા માગે છે એ કોઈને સમજાવવાની જરૂર નથી.

ઓવૈસી સાહેબને તો કોઈ ઓળખાણની જરૂર જ નથી પણ ડો. શમા મોહમ્મદનો થોડો પરિચય મેળવી લઈએ કેમ કે શમા બહુ જાણીતું નામ નથી. ૫૨ વર્ષનાં શમા ડેન્ટિસ્ટ છે અને ૨૦૧૫માં કૉંગ્રેસમાં જોડાયાં એ પહેલા થોડા સમય માટે ઝી ટીવીમાં પત્રકાર તરીકે કામ કર્યું હતું. કેરળના કન્નુર જિલ્લામાં જન્મેલાં ડો, શમાએ પ્રાથમિક શિક્ષણ કુવૈતની ઇન્ડિયન સ્કૂલમાં લીધું છે કેમ કે તેમના પિતા કુવૈત રહેતા હતા.

સદ્દામ હુસૈનના ઈરાકી લશ્કરે ૧૯૯૦માં કુવૈત પર આક્રમણ કર્યું ત્યારે કુવૈતમાં ફસાયેલા ભારતીય પરિવારોમાં શમાનો પરિવાર પણ હતો. ભારત સરકારે આ પરિવારોને કુવૈતથી બહાર કાઢીને ભારત લાવીને વસાવ્યા ને એ રીતે ૧૭ વર્ષની ઉંમરે શમા કુવૈતથી પાછાં આવ્યાં. શમાએ ભારતમાં બારમું ધોરણ પાસ કરીને મેંગલોરની યેનેપોયા યુનિવર્સિટીમાં બેચલર ઓફ ડેન્ટલ સાયન્સમાં એડમિશનન લીધું.

ડેન્ટલ સાયન્સમાં ગ્રેજ્યુએશન પછી લાંબા સમય સુધી શમાએ ડેન્ટિસ્ટ તરીકે કામ કર્યું પણ તેનાથી કંટાળ્યાં એટલે પત્રકાર બન્યાં ને છેવટે રાજકારણી બની ગયાં. કૉંગ્રેસે તેમને રાષ્ટ્રીય પ્રવક્તા બનાવેલાં અને અત્યારે પણ ટીવી ચેનલો પરની ચર્ચામાં ભાગ લેવા માટેની કૉંગ્રેસની પેનલમાં ડો. શમાનું નામ છે.

શમા મોહમ્મદને ક્રિકેટમાં કેટલી ખબર પડતી હશે તેની તેમને જ ખબર પણ આ પહેલાં પણ ક્રિકેટ વિશે બકવાસ કરીને બખેડો ખડો કરી ચૂક્યાં છે. માર્ચ ૨૦૨૫માં શમા મોહમ્મદે એક્સ પર ભારતીય કેપ્ટન રોહિત શર્માને જાડિયો અને ભારતનો સૌથી અપ્રભાવશાળી કેપ્ટન ગણાવીને પોતાની પાર્ટીની જ ખફગી વહોરી લીધી હતી.

સોશ્યલ મીડિયા પર લોકો તૂટી પડતાં કૉંગ્રેસે શમાને આ પોસ્ટ ડિલિટ કરવાની ફરજ પાડી હતી પણ શમાએ પડ્યા પછીય ટંગડી ઊંચી રાખીને પોતાની ટ્વિટનો બચાવ કરવાનું ચાલુ રાખ્યું હતું, શમાનો બચાવ હતો કે, પોતે રોહિતની સરખામણી અગાઉના કેપ્ટનો સાથે કરીને તેને જાડિયો કહ્યો હતો.

શમાએ એવો સવાલ પણ કરેલો કે, મારી વાતમાં શું ખોટું છે? શમાએ ભારતના બંધારણે આપેલા વાણી સ્વાતંત્ર્યના અધિકારની દુહાઈ આપીને પોતાને ગમે તે કહેવાનો અધિકાર છે એવો વાહિયાત બચાવ પણ કર્યો હતો. શમાબેન ભૂલી ગયેલાં કે, વાણી સ્વાતંત્ર્યનો અધિકાર કોઈના વિશે વ્યક્તિગત ખરાબ ટિપ્પણી કરવાની છૂટ નથી આપતો. કોઈ આવી છૂટ લે તો એ બદનક્ષી ગણાય છે.

ડો. શમાની રોહિત શર્મા વિશેની કોમેન્ટ વ્યક્તિગત હતી તેથી તેને હજુય માફ કરી દેવાય કેમ કે રોહિત શર્મા વિશે ઘણાં લોકો ડો. શમા જેવો જ મત ધરાવતાં હશે પણ સરફરાઝ ખાન અંગે ડો. શમાની કોમેન્ટ અક્ષમ્ય છે કેમ કે આ બકવાસ કરીને ડો. શમા હળાહળ કોમવાદી માનસિકતા બતાવી રહ્યાં છે. સરફરાઝ ખાનને મુસ્લિમ હોવાના કારણે ભારતીય ક્રિકેટ ટીમમાં સ્થાન નથી મળી રહ્યું એવું કહીને ડો, શમા આ દેશના મુસ્લિમોના માનસમાં ઝેર ભરવાની નીચ હરકત કરી રહ્યાં છે.

ડો. શમાની નીચ હરકત વિશે વાત કરતાં પહેલાં સરફરાઝ ખાનના છેલ્લા કેટલાક સમયના દેખાવ વિશે વાત કરી લઈએ. સરફરાઝ ખાન સારો બેટ્સમેન છે અને ઘરેલુ ક્રિકેટમાં રનના ઢગલા ખડકે છે તેમાં બેમત નથી પણ આંતરરષ્ટ્રીય ક્રિકેટમાં તેનો દેખાવ એવો જોરદાર નથી એ પણ હકીકત છે. સરફરાઝે રણજી ટ્રોફી સહિતની ઘરેલુ સ્પર્ધાઓમાં રનના ઢગલા ખડક્યા પછી ૨૦૨૪માં તેને ભારતીય ટીમમાં સ્થાન મળ્યું ને અત્યાર સુધીમાં સરફરાઝ ૬ ટેસ્ટ રમ્યો છે. આ ૬ ટેસ્ટમાં સરફરાઝે ૩૭.૧૦ રનની એવરેજથી ૩૭૧ રન બનાવ્યા છે.

સરફરાઝ ટોપ ઓર્ડર બેટ્સમેન છે એ જોતાં આ એવરેજ બહુ સારી નથી. તેની એવરેજ ઓછામાં ઓછી ૫૦ રનની આસપાસ હોવી જોઈએ. સરફરાઝે ૬ ટેસ્ટમાં ૧ સદી અને ૩ અડધી સદી ફટકારી છે. સરફરાઝે ઇંગ્લેન્ડ સામેની પોતાની પહેલી ટેસ્ટની બંને ઈનિંગ્સમાં સદી ફટકારી હતી ને પછી એક અડધી સદી ફટકારી હતી. ઇંગ્લેન્ડ સામેનો તેનો દેખાવ સારો હતો પણ ન્યૂ ઝીલેન્ડ સામેની ટેસ્ટ સીરિઝમાં તેનો દેખાવ સાવ શરમજનક હતો.

સરફરાઝ પહેલી ટેસ્ટની પહેલી ઈનિંગમાં ઝીરો રને ઉડેલો. બીજી ઈનિંગમાં ૧૫૦ રન ફટકારીને જોરદાર દેખાવ કર્યો પણ પછીની ૪ ઈનિંગ્સમાં કુલ ૨૧ રન કર્યા. ભારતીય ટોપ બેટિંગે ધોળેલા ધોળકાના કારણે ન્યૂ ઝીલેન્ડ પહેલી વાર ભારતીય ધરતી પર ટેસ્ટ સીરિઝ જીત્યું.

આ નામોશીના કારણે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવાને દરવાજો બતાવીને નવી ટીમ બનાવાઈ. શુભમન ગિલની આ ટીમે ઈંગ્લેન્ડમાં ટેસ્ટ સીરિઝ ડ્રો કરી અને હમણાં વેસ્ટ ઈન્ડિઝ સામેની બંને ટેસ્ટ જીતી લીધી. આ નવી ટીમના બધા ખેલાડી સારું રમે છે ત્યારે તેમનાં પત્તાં કાપીને સરફરાઝને ના લેવાય ને ?

ડો. શમા અને ઓવૈસી જેવાં લોકોની વિચારશક્તિ હિંદુ-મુસ્લિમથી આગળ વધી જ નથી શકતી કેમ કે આ કૉંગ્રેસની વિચારધારા છે. ભૂતકાળમાં મોહમ્મદ અઝહરુદ્દીન સટ્ટા કાંડમાં ફસાયો પછી તેણે લવારો કરેલો કે, હું મુસ્લિમ છું એટલે મને બદનામ કરવા આ બધી વાતો કરાય છે. ભલા માણસ, તને વરસો લગી ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રાખ્યો ત્યારે તને મુસ્લિમ છું એ વાત યાદ નહોતી ને હવે આ વાત યાદ આવી ગઈ ? અઝહરુદ્દીન પછીથી કૉંગ્રેસનો સાંસદ બનેલો ને અત્યારે તેલંગાણા કૉંગ્રેસનો કાર્યકારી પ્રમુખ છે. ટૂંકમાં આ કૉંગ્રેસી માનસિકતા છે, બાકી આ દેશમાં માત્ર મુસ્લિમ હોવાના કારણે કોઈને અન્યાય થાય એવો માહોલ જ નથી.

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન – સૌર હેમંતઋતુ,
શુક્રવાર, તા. ૨૪–૧૦–૨૦૨૫, વિંછુડો

- ભારતીય દિનાંક ૨, માહે કાર્તિક, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, કાર્તિક સુદ–૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે કાર્તિક, તિથિ સુદ–૩
- પારસી શહેનશાહી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧લો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૩જો, માહે ૫મો જમાદિલ અવ્વલ, સને ૧૪૪૭
- નક્ષત્ર અનુરાધા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૬, અમદાવાદ ક. ૦૬ મિ. ૪૧, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.

–: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :–

- ભરતીઃ બપોરે ક. ૧૨–૫૫, મધ્યરાત્રિ પછી ક. ૦૧–૪૬ (તા. ૨૫)
- ઓટઃ સવારે ક. ૦૭–૦૭, સાંજે ક. ૧૮–૫૮.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, કાર્તિક શુક્લ – તૃતીયા. વિંછુડો, સૂર્ય મહાનક્ષત્ર સ્વાતિમાં સવારે ક. ૦૬–૪૧, વાહન દેડકો (સંયોગિયું નથી) બુધ વૃશ્ચિકમાં સવારે ક. ૧૨–૩૮. મુસ્લિમ ૫મો જમાદિલ અવ્વલ માસારંભ.
- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શનિ દેવતાનું પૂજન વિશેષરૂપે, અગ્નિદેવતાનું પૂજન, નાગકેસરના ઔષધીય પ્રયોગો, અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, મુંડન કરાવવું નહીં, પ્રયાણ શુભ, નવા વસ્રો, આભૂષણ, મહેંદી લગાવવી, વાસણ, વાહન, યંત્ર, દસ્તાવેજ, પશુ લે–વેંચ, દુકાન, સ્થાવર લેવડદેવડ, ધાન્ય ભરવું, બી વાવવું, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, શાંતિ પૌષ્ટિક, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–શનિ ત્રિકોણ કાળજીવાળા, ચંદ્ર–નેપ્ચ્યૂન ત્રિકોણ સ્વપનદષ્ટા, ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ અચોક્કસ સ્વભાવના, બુધ–ગુરુ ત્રિકોણ પ્રમાણિક
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ, બુધ–ગુરુ ત્રિકોણ
- ગ્રહગોચરઃ સૂર્ય તુલા, મંગળ–તુલા, માર્ગી બુધ–તુલા/ વૃશ્ચિક, ગુરુ–કર્ક, શુક્ર–કન્યા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# દિલ્હીમાં કુખ્યાત સિગ્મા ગેંગના ચાર ગુંડાનું ઍન્કાઉન્ટર

નવી દિલ્હીઃ દિલ્હી પોલીસ અને બિહાર પોલીસે મળીએ ગત મોડી રાત્રે દિલ્હીના બહાદુર શાહ માર્ગ એક એન્કાઉન્ટરમાં ચાર મોસ્ટ-વોન્ટેડ ગેંગસ્ટરને ઠાર કર્યા હતાં. અહેવાલ મુજબ આ ચારેય કુખ્યાત સિગ્મા ગેંગના સભ્યો હતો.

અહેવાલ મુજબ ગત રાત્રે ૨.૨૦ વાગ્યે પોલીસ અને ગેંગસ્ટરો વચ્ચે ગોળીબાર થયો હતો. સૂત્રોના જણાવ્યા અનુસાર, પોલીસે ગેંગસ્ટરોને રોકવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેમણે ભાગી જવાના પ્રયાસમાં ગોળીબાર કર્યો હતો, જેનો પોલીસે વળતો જવાબ આપ્યો હતો. પોલીસે કરેલા ગોળીબારમાં, ચારેય બદમાશોને ગોળી વાગી હતી. ચારેયનેરોહિણી સ્થિત ડો. બાબા સાહેબ આંબેડકર હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતાં. દિલ્હી પોલીસ અને બિહાર પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ એન્કાઉન્ટર સ્થળે પહોંચ્યા છે, હાલ વિસ્તારની નાકાબંધી કરવામાં આવી છે. ફોરેન્સિક લેબની ટીમો પુરાવા એકઠા કરી રહ્યા છે.

માર્યા ગયેલા ગેંગસ્ટરોની ઓળખ રંજન પાઠક (૨૫), બિમલેશ મહાતો (૨૫), મનીષ પાઠક (૩૩) અને અમન ઠાકુર (૨૧) તરીકે થઈ છે. રંજન પાઠક ગેંગનો લીડર હતો. અમન ઠાકુર દિલ્હીનો રેહવાસી હતો, જ્યારે બાકીના ત્રણેય બિહારના સીતામઢીના રહેવાસી હતાં.

અહેવાલ મુજબ બિહાર વિધાનસભા ચૂંટણી માટે મતદાન પહેલા આ ગેંગ એક મોટું કાવતરું રચી રહી હતી. બિહારમાં પોલીસથી બચવા ગેંગના સભ્યો દિલ્હીમાં એકઠા થયા હતાં. બાતમીના આધારે પોલીસ તેમની ગતિવિધિઓ પર નજર રાખી રહી હતી.

# સિંગાપોરમાં ફટાકડા ફોડવા બદલ ભારતીય મૂળની વ્યક્તિની ધરપકડ

સિંગાપોરઃ સિંગાપોરમાં દિવાળીની ઉજવણી દરમિયાન ફટાકડા ફોડવા બદલ ગુરુવારે ૩૯ વર્ષીય એક ભારતીય મૂળના વ્યક્તિ પર કેસ દાખલ કરવામાં આવ્યો હતો. સિંગાપોરમાં ફટાકડા ફોડવા પર પ્રતિબંધ છે. આ જાણકારી સ્થાનિક મીડિયા અહેવાલમાં આપવામાં આવી હતી.

મીડિયા અહેવાલ અનુસાર દિલીપકુમાર નિર્મલ કુમારે ગયા અઠવાડિયે કાર્લિસ્લે રોડ પર ખુલ્લા મેદાનમાં ફટાકડા ફોડ્યા હતા. જે બંદૂક, એક્સપ્લોઝિવ્સ અને વેપન્સ કંટ્રોલ એક્ટ ૨૦૨૧ હેઠળ ગુનો છે. ફટાકડા ફોડવાની એક વીડિયો ક્લિપ ઓનલાઇન પોસ્ટ થયા બાદ આ ઘટના પ્રકાશમાં આવી હતી. અહેવાલો અનુસાર પોલીસે તે સમયે પુષ્ટિ કરી હતી કે રિપોર્ટ દાખલ કરવામાં આવ્યો છે અને તપાસ ચાલી રહી છે.

દિલીપ કે જે ગુરુવારે વિડીયો લિંક દ્વારા કોર્ટમાં હાજર થયો હતો. જે કસ્ટડીમાં રહેલા લોકો માટે એક પ્રક્રિયા છે. તે ૨૦ નવેમ્બરે ફરીથી કોર્ટમાં હાજર થશે. પ્રતિબંધિત વિસ્ફોટકોના અનધિકૃત ઉપયોગ માટે પાંચ વર્ષ સુધીની જેલની સજા અને ૧૦૦,૦૦૦ સિંગાપોર ડોલર(૭૭,૦૦૦ અમેરિકન ડોલર) સુધીના દંડની સજાની જોગવાઇ છે.

# પ્રજામત

## કેલેન્ડર બદલ્યું એટલે વર્ષ બદલાયું?

નવું વર્ષ બેસે એટલે આપણે આપણાં ઘરમાં, ઓફિસમાં, કારખાનામાં કેલેન્ડર બદલાવીએ છીએ. એનો અર્થ એ કે વર્ષ બદલાયું. પણ વર્ષ બદલાતાં આપણે પણ બદલાયા છીએ ખરા?

વિત્યાં વર્ષોમાં આપણામાં જે ખામીઓ, કમજોરીઓ હતી એ બધી એમની એમ જ રહી છે કે સંકલ્પ કરીને એને અથવા એમાંથી કેટલીક દૂર કરી છે? જો જવાબ હા હોય તો વર્ષ બદલાયું લાગશે અને નકારાત્મક હોય તો પછી માત્ર કેલેન્ડર જ બદલ્યું છે.

જૈન ધર્મના ૨૪મા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીનો કલ્યાણ દિન દિવાળીના દિવસે આવે છે. શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી આ સંસારમાં જ્ઞાનદીપ બુઝાયો, પરંતુ એ વિતરાગ પરમાત્માની જ્ઞાનજ્યોતિ આખા વિશ્વમાં ફેલાઈ એના પ્રતીક તરીકે દેવો અને માનવોએ દીપમાળા કરીને ઊજવી હતી.

દિવાળી આવે એટલે ઘેર-ઘેર દીપમાળા પ્રગટે. કોઈ દીપક ઓલવાઈ જતાં આપ પૂછશો કે હે પ્રકાશ, તું ક્યાં છે? એનો જવાબ છે કોડિયાના ઘીમાં જ તો. આ જ રીતે પ્રભુના દર્શન પણ આપણા હૃદયમાં જ થશે. આપણા જીવનમાં ડગલેને પગલે પ્રભુની શક્તિ જ કામ કરે છે. તેથી આપણે અભિમાન ત્યાગી ભગવાનની ભક્તિમાં લીન થવું જોઈએ.

આપણી સમક્ષ અનેક વિષમતાઓ અને પ્રતિકૂળ વાતાવરણ છે એ હકીકત છે. છતાં દીવડાની નાની જ્યોત અમાસ જેવા અંધકારને દૂર કરે છે. તેવી જ રીતે નવા વર્ષનાં સોનેરી કિરણો આખા જગતને તેજોમય બનાવે છે. નૂતનવર્ષનો આશાભર્યો શુભારંભ એટલે અંધકારનું ગમન અને ઊજાસનું આગમન.

પરિવર્તન એ જ જીવન. નિરાશાને આશામાં અને સંઘર્ષને સફળતામાં પરિવર્તિત કરવાનો દૃઢ સંકલ્પ.

**સુરેશ એસ. ચૌધરી**
– ફોરજેટ હિલ રોડ, મુંબઈ

## ટ્રાન્સપોર્ટેશન ના બરાબર

ભીવંડી, વાડા અને થાણાથી ૨૦-૩૦ કિમીના અંતરે નાના ઉદ્યોગો ચાલે છે. ત્યાં વાહનવ્યવહાર વ્યવસ્થા ના બરાબર છે. રિક્ષામાં એક સાથે પાંચથી છ લોકોને બેસાડવામાં આવે છે. લાચાર ગરીબ વર્ગના લોકો મૂંગા મોંએ આ બધું સહન કરે છે. બસની કોઈ વ્યવસ્થા નથી અને નેતાઓને રિક્ષા ચાલકોની ફિકર છે.

એવામાં સવાલ એ થાય છે કે શું માણસની કિંમત કાંઈ નથી? જે લોકોને ભાડા પરવડતાં નથી તેઓ સવારે ને સાંજે ચાલીને કામે જાય છે. એવામાં આ લોકોની સમસ્યા તરફ પણ સરકાર ધ્યાન દોરે એ જરૂરી છે.

**ફખરૂદીન ખાનભાઈ ચિતલવાલા**

**પત્ર મિત્રોને ખાસ સૂચના** પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઈ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ–મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ–મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. – તંત્રી

# પુતિન કંઇક નવાજૂની કરવાના: રશિયાએ અણુ કવાયત હાથ ધરી

મોસ્કોઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા પોણા ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધને રોકવા માટે પ્રયાસ કરી રહ્યા છે. તાજેતરમાં ટ્રમ્પે યુક્રેનિયન પ્રમુખ વોલોડીમીર ઝેલેન્સ્કીને રશિયન પ્રમુખ પુતિને મુકેલી શરતો સ્વીકારવા દબાણ કર્યું હતું. ટ્રમ્પ હંગેરીમાં પુતિન સાથે મુલાકાત પણ કરવાના છે, એવામાં રશિયાએ તેના સ્ટ્રેટેજિક ન્યુક્લિયર ફોર્સનો લશ્કરી અભ્યાસ હાથ ધરીને વિશ્વભરમાં ખળભળાટ મચાવી દીધો છે.

આજે બુધવારે રશિયન રાષ્ટ્રપતિ અને સુપ્રીમ કમાન્ડર વ્લાદિમીર પુતિનના નિરીક્ષણ હેઠળ રશિયાના ન્યુક્લિયર ફોર્સે જમીન, સમુદ્ર અને હવાના ત્રણેય માર્ગે ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ્સ અને ક્રુઝ મિસાઇલોના પરીક્ષણો હાથ ધર્યા હતાં. અહેવાલો અનુસાર, કોઈ પણ સમયે લોન્ચિંગ માટેની તૈયારી ચકાસવા અને કમાન્ડ સ્ટ્રક્ચરનું રિહર્સલ કરવા માટે આ કવાયત હાથ ધરવામાં આવી હતી. રશિયન આર્મી ચીફ ઓફ ધ જનરલ સ્ટાફ વેલેરી ગેરાસિમોવે રાષ્ટ્રપતિ પુતિનને સમક્ષ કવાયતની વિગતો રજુ કરી હતી.

આ કવાયતમાં કોસ્મોડ્રોમથી લેન્ડ-બેઝ્ડ ''યાર્સ'' ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલનું લોન્ચિંગ કરવામાં આવ્યું, બેરેન્ટ્સ સમુદ્રમાં ન્યુક્લિયર સબમરીનથી ''સિનેવા'' બેલિસ્ટિક મિસાઇલનું લોન્ચિંગ કરવામાં આવ્યું અને સ્ટ્રેટેજિક બોમ્બર વિમાનથી ન્યુક્લિયર-કેપેબલ ક્રૂઝ મિસાઇલોનું લોન્ચ કરવામાં આવી.

# ઈન્ડિ ગઠબંધનનો નાયબ સીએમનો ચહેરો મુકેશ સહાની 'દેવદાસ'માં શાહરૂખ સાથે હતા

નવી દિલ્હીઃ બિહાર વિધાનસભાની ૨૦૨૫ની ચૂંટણી માટે મહાગઠબંધને રાષ્ટ્રીય જનતા દળ (આરજેડી)ના નેતા અને ભૂતપૂર્વ નાયબ મુખ્ય પ્રધાન તેજસ્વી યાદવને મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે ઔપચારિક રીતે જાહેર કર્યા છે. ગઠબંધને વિકાસશીલ ઇન્સાન પાર્ટી (વીઆઇપી)ના વડા મુકેશ સહાનીને નાયબ મુખ્ય પ્રધાનના ચહેરા તરીકે પણ નામ આપ્યું છે. ''મલ્લાહના પુત્ર'' તરીકે જાણીતા સહાની, અઠવાડિયાની વાટાઘાટો પછી ગયા વર્ષે એપ્રિલમાં મહાગઠબંધનમાં જોડાયા હતા. એક લેખ મુજબ, દરભંગા જિલ્લાના સુપૌલ બજાર ગામના રહેવાસી સહાની, ૧૯ વર્ષના હતા જ્યારે તેઓ ૧૯૯૯માં એક મિત્ર સાથે ઘરેથી મુંબઈ ભાગી ગયા હતા.

તે ટૂંક સમયમાં તેના પિતા જીતન રામ પાસે પાછો ફર્યો, પરંતુ છ મહિના પછી ફરીથી ત્યાંથી ચાલ્યો ગયો કારણ કે તે મુંબઈમાં અનુભવેલી ''સ્વતંત્રતા'' ગુમાવી બેઠો હતો.

એક કોસ્મેટિક્સ સ્ટોરમાં સેલ્સમેન તરીકે કામ કર્યા પછી, સહાનીએ ફિલ્મો અને ટીવી શો માટે સેટ બનાવવાના વ્યવસાયમાં ઝંપલાવ્યુ. તેને શરૂઆતમાં સફળતા મળી, જેના કારણે તેને મુકેશ સિનેવર્લ્ડ પ્રાઇવેટ લિમિટેડ શરૂ કરવા માટે પ્રેરણા મળી. પાછળથી તેણે નીતિન દેસાઈ અને ઉમંગ કુમાર જેવા ઉદ્યોગના જાણીતા નામો સાથે ભાગીદારી કરી. તેને મોટો બ્રેક ત્યારે મળ્યો જ્યારે દેસાઈએ તેને શાહરૂખ ખાન અભિનીત ફિલ્મ દેવદાસના સેટ પર કામ કરવા માટે રોક્યો.

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પ પછી ઈયુના

જણાવી તેને નકારી કાઢ્યા હતા.

યુક્રેન યુદ્ધને મામલે અમેરિકાએ પોતાની નીતિ વધુ આક્રમક બનાવી રશિયાની બે સૌથી મોટી તેલ કંપનીઓ પર પ્રતિબંધ લાદ્યા હતા. અમેરિકાનાં આ પગલાં અંગે રશિયાએ આકરી પ્રતિક્રિયા આપી હતી.

રશિયાની સુરક્ષા સમિતિના નાયબ અધ્યક્ષ દિમિત્રી મૅડવેડેવે અમેરિકાને રશિયાનું દુશ્મન લેખાવ્યું હતું અને અમેરિકાનાં આ પગલાંને યુદ્ધનું પગલું લેખાવ્યું હતું.

યુરોપિયન યુનિયનની તરફદારી કરી 'શાંતિદૂત' ટ્રમ્પ યુદ્ધના માર્ગે આગળ વધી રહ્યા હોવાનું તેમણે કહ્યું હતું.

અમેરિકાએ રશિયાની બે સૌથી મોટી તેલ ઉત્પાદક કંપની રૉસનેફ્ટ અને લુકૉઈલ પર પ્રતિબંધ મૂક્યા બાદ ચીનની તેલ કંપનીઓએ રશિયા પાસેથી તેલની ખરીદી રદ કરી દીધી છે. યુક્રેન યુદ્ધને મામલે રશિયાએ અપનાવેલા વલણ બાદ અમેરિકા દ્વારા લાદવામાં આવેલા પ્રતિબંધને પગલે ભારતે પણ રશિયા પાસેથી તેલની આયાત કરવા પર તીવ્ર કાપ મૂકવાનો નિર્ણય લીધો છે.

### નાગ મિસાઈલથી

રૂપિયાના કુલ ખર્ચના વિવિધ પ્રસ્તાવોને મંજૂરી આપી હતી.

ભારતીય નૌકાદળ માટે, લેન્ડિંગ પ્લેટફોર્મ ડોક્સ (એલપીડીસ), ૩૦ મીમી નેવલ સરફેસ ગન (એનએસજીસ), એડવાન્સ્ડ લાઇટવેઇટ ટોર્પિડોઝ, ઇલેક્ટ્રો ઓપ્ટિકલ ઇન્ફ્રા-રેડ સર્ચ એન્ડ ટ્રેક સિસ્ટમ અને ૭૬ મિ.મી. સુપર રેપિડ ગન માઉન્ટ માટે સ્માર્ટ દારૂગોળાની ખરીદીને મંજૂરી આપવામાં આવી હતી.

મંત્રાલયે જણાવ્યું હતું કે એલપીડીસની ખરીદી નૌકાદળને સેના અને વાયુસેના સાથે કામગીરી હાથ ધરવામાં મદદ કરશે.

એલપીડી એ એમ્ફીબિયસ યુદ્ધ જહાજો છે જેનો ઉપયોગ ભારે સાધનો અને ભૂમિ સૈનિકોના પરિવહન માટે થાય છે. મંત્રાલયે જણાવ્યું હતું કે એલપીડીસ દ્વારા પૂરી પાડવામાં આવતી સંકલિત દરિયાઈ ક્ષમતા નૌકાદળને શાંતિ જાળવણીની કામગીરી, માનવતાવાદી સહાય, આપત્તિ-રાહત પગલાં વગેરે કાર્યો હાથ ધરવામાં પણ મદદ કરશે.

### ટ્રમ્પ-પુતિન વચ્ચેની બેઠક

રાખવાનું ચોક્કસ કારણ જાહેર કરવામાં આવ્યું નથી.

આ બેઠક ગયા અઠવાડિયે જાહેર કરવામાં આવી હતી, જોકે તેની તારીખ નક્કી કરવામાં આવી ન હતી. આ નિર્ણય અમેરિકી વિદેશ પ્રધાન માર્કો રુબિયો અને રશિયન વિદેશ પ્રધાન સેરગેઈ લાવરોવ વચ્ચેની વાતચીત બાદ લેવાયો હતો. મોસ્કોએ યુક્રેનમાં યુદ્ધવિરામની માંગ સ્વીકારવાનો સ્પષ્ટ ઇનકાર કર્યા બાદ આ બેઠક મુલતવી રાખવામાં આવી છે, જેના કારણે યુદ્ધ રોકવાના તાત્કાલિક પ્રયાસો અટકી ગયા હોય તેવું લાગે છે. (એજન્સી)

### વર્ષાન્ત સુધીમાં

કહ્યું છે કે તે રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરશે. આ એક પ્રોસેસ હોવાથી ઓચિંતું બંધ ન થાય. આ વર્ષના અંત સુધીમાં ભારત રશિયા પાસેથી તેલ નહીં મગાવે. ભારત મહાન દેશ છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી જોડે વાત કરી, તેઓ મહાન છે.

ટ્રમ્પ છેલ્લા કેટલાયે દિવસોથી દાવો કરે છે કે ભારતે મને ખાતરી આપી છે કે તે રશિયા પાસેથી તેલની આયાત ઓછી કરશે.

### રશિયાનું ઑઈલ ખરીદવાનું

આયાત હવે શૂન્ય થઈ જશે.

અબજોપતિ મુકેશ અંબાણીની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ રશિયાના ભારે ડિસ્કાઉન્ટ ધરાવતા ખનીજ તેલની સૌથી મોટી ખરીદદાર કંપની છે, પરંતુ અમેરિકાના મોસ્કો સાથે સંકળાયેલી કંપનીઓ પરના અંકુશોને લીધે આ કંપનીને હવે રશિયાથી તેલની આયાત ઘટાડવી પડશે.

ઉદ્યોગના અધિકારીઓ કહે છે કે સરકારી રિફાઈનરી વચગાળાના ટ્રેડરના માધ્યમથી હાલમાં આયાત કરવાનું ચાલુ રાખશે.

જામનગરમાં વિશ્વની સૌથી મોટી રિફાઈનરી ધરાવતી રિલાયન્સ ભારત રશિયાથી આવતા દરરોજના ૧૭-૧૮ લાખ બેરલ તેલનું અડધું તેલ ખરીદે છે. રિલાયન્સ તે તેલને રિફાઈન કરીને યુરોપ અને અમેરિકામાં બજાર ભાવે વેચીને જંગી નફો કરે છે.

### ટ્રમ્પ કૂણા પડશે?

વહેતી થઈ છે. એટલું જ નહીં, બંને દેશ ટૂંક સમયમાં ડીલ પણ સંપન્ન કરવામાં આવશે, ત્યારે એની વચ્ચે દાવો કરવામાં આવ્યો છે કે ભારત અને અમેરિકા બંને એક લાંબા સમયની ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવાની નજીકમાં છે, જેમાં અમેરિકા દ્વારા લગાવવામાં આવેલા ટેરિફને પચાસ ટકાથી ઘટાડવામાં આવશે.

રશિયા પાસેથી ક્રૂડ ખરીદી ઘટાડી શકાય આ ટૅરિફ પચાસ ટકામાંથી પંદરથી સોળ ટકા સુધી લાવી શકાય છે એની સાથે એગ્રીકલ્ચર અને એનર્જી બંને ક્ષેત્ર પર પણ ડીલ કરી શકાય છે. રિપોર્ટમાં જણાવ્યા મુજબ ટ્રેડ ડીલમાં મુખ્ય વસ્તુ રશિયાથી ક્રૂડ ઓઈલની આયાતનો મુદ્દો પણ સામેલ હોઈ શકે છે. ભારત રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદીમાં ઘટાડો પણ કરી શકે છે.

### અમેરિકામાં ગેરકાયદે ઘૂસેલા

છે. મીડિયા અહેવાલ અનુસાર સિંહનો ટ્રક સાન બર્નાડિનો કાઉન્ટીમાં ઇન્ટરસ્ટેટ ૧૦ પર ધીમી ગતિએ ચાલતા ટ્રાફિકમાં ઘૂસી ગયો હતો. જેમાં ત્રણ લોકોના મોત નીપજ્યા હતા. જ્યારે અનેક લોકો ઘાયલ થયા હતા.

આ અકસ્માતનો વીડિયો જશનપ્રીત સિંહના ટ્રકમાં લગાવેલા ડેશકેમમાં કેદ થયો હતો. ડેશકેમના ફૂટેજ પરથી જાણવા મળે છે કે અથડામણ પહેલા ટ્રકની બ્રેક મારવામાં આવી ન હતી. ટોક્સિકોલોજી પરીક્ષણો પરથી પુષ્ટિ થઇ છે કે અકસ્માત સમયે જશનપ્રીત સિંહ કોઇ નશીલા પદાર્થના પ્રભાવ હેઠળ હતો.

ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટીના જણાવ્યા અનુસાર સિંહ કાયદેસર ઇમિગ્રન્ટ ન હતો. તેની ધરપકડ બાદ આઇસીઇએ તેમના વિરુદ્ધ અટકાયતનો આદેશ જારી કર્યો છે. તેના પર નશામાં વાહન ચલાવતી વખતે ગંભીર હત્યા સહિત અનેક આરોપ છે.

### હવે ફાઈનલ

વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી)ના વડા મૂકેશ સાહની અને સમાજના અન્ય વર્ગના નેતા નાયબ મુખ્ય પ્રધાન હશે.

પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી તેમ જ અન્ય ઘટક પક્ષના નેતાઓ સાથે ચર્ચાવિચારણા કર્યા બાદ તેજસ્વી યાદવ જ ઈન્ડિ બ્લૉકનો મુખ્ય પ્રધાનપદનો ચહેરો હશે એવો નિર્ણય અમે લીધો હતો.

બનવાજોગ, કૉંગ્રેસના અમુક નેતાઓ દ્વારા માગણી કરવામાં આવી હતી કે જો બિહારમાં ઈન્ડિ બ્લૉક સત્તા પર આવશે તો મુસ્લિમ કે દલિત સમુદાયની વ્યક્તિને નાયબ મુખ્ય પ્રધાન બનાવવામાં આવે. (એજન્સી)

### ખતરનાક ફટાકડો

રૂપિયામાં વેચાય છે. આ ટીનની પાઈપ અને ગન પાવડરની બનેલી હોય છે. આને લીધે જોરદાર સ્ફોટ થાય છે જેથી ચહેરા અને આંખને ગંભીર ઈજા થાય છે. ત્રણ દિવસમાં ૧૨૦થી વધારે બાળકો આંખની ગંભીર ઈજા સાથે મધ્ય પ્રદેશમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આમાંથી ૧૪ બાળકોએ તો આંખ ગુમાવી છે.

સૌથી વધારે અસરગ્રસ્ત જિલ્લો વિદિશા છે. સરકારે ૧૮ ઑક્ટોબરે આવી ગન પર પ્રતિબંધ મૂક્યો હોવા છતાં અહીંની સ્થાનિક બજારોમાં આ ગન વેચાય છે.

# ફ્રેશર્સ પાર્ટીમાં મારપીટ કરાતાં વિદ્યાર્થીનું મોતઃ છ પકડાયા

લાતુરઃ લાતુર જિલ્લામાં આવેલી ખાનગી કૉલેજમાં ફ્રેશર્સ પાર્ટી દરમિયાન મારપીટ કરવામાં આવતાં વિદ્યાર્થીનું મૃત્યુ થયું હતું. આ પ્રકરણે પોલીસે છ કૉલેજ સ્ટુડન્ટને પકડી પાડ્યા હતા.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૮ ઑક્ટોબરે એમઆઈડીસી વિસ્તારમાં આવેલી પ્રતિષ્ઠિત કૉલેજમાં આયોજિત ફ્રેશર્સ પાર્ટીમાં બની હતી.

પાર્ટીમાં ડાન્સ દરમિયાન નાના વિવાદે મોટું સ્વરૂપ ધારણ કર્યું હતું. સૂરજ શિંદેની તેની કૉલેજના વિદ્યાર્થીઓ સાથે બોલાચાલી થઈ હતી. ઉગ્ર દલીલો પછી ગુસ્સામાં આરોપીઓએ શિંદેની મારપીટ કરી લાકડીથી ફટકાર્યો હતો.

ગંભીર રીતે ઘવાયેલા શિંદેને સારવાર માટે નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું. ઘટના બાદ એક વિદ્યાર્થીની ફરિયાદને આધારે પોલીસે હત્યાનો ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ ચાર વિદ્યાર્થીની ૧૬ ઑક્ટોબર સુધીમાં ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન બે સગીર વિદ્યાર્થીની સંડોવણી પણ સામે આવી હતી. બન્નેને ૨૧ ઑક્ટોબરે તાબામાં લેવાયા હતા. બન્ને સગીર સાથે આ કેસમાં પકડાયેલા આરોપીની સંખ્યા છ પર પહોંચી હતી. સબ-ઈન્સ્પેક્ટર સુરેશ પોગુલવારની ટીમ આ મામલે વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)■



**નિયંત્રણઃ** છઠ પૂજા માટે ઉત્તર ભારત જઈ રહેલા પ્રવાસીઓની ભીડને માર્ગદર્શન કરી રહેલા પોલીસ જવાન (અમય ખરાડે)

# મહિલા અને ચાર સંતાનની કરપીણ હત્યાના કેસમાં ૩૧ વર્ષ બાદ ત્રણ આરોપી નિર્દોષ

થાણેઃ મીરા રોડના ઘરમાં માતા અને ચાર સંતાનની નિર્દયતાથી હત્યા કરવાના કેસમાં ૩૧ વર્ષ બાદ થાણે સેશન્સ કોર્ટે ત્રણ આરોપીને દોષમુક્ત કર્યા હતા.

એડિશનલ સેશન્સ જજ વી. જી. મોહિતેએ આરોપીઓને ગુનામાં સંડોવતા સાંયોગિક પુરાવાની કડી જોડવામાં તપાસકર્તા પક્ષ નિષ્ફળ ગયો હોવાની નોંધ કરી હતી. કોર્ટના આદેશની નકલ બુધવારે પ્રાપ્ત થઈ હતી. કોર્ટના દસ્તાવેજો અનુસાર કાશીમીરાના પેન્કરપાડા વિસ્તારની મારવાડ ચાલમાંના ઘરમાંથી ૧૬ નવેમ્બર, ૧૯૯૪ના રોજ રાજનારાયણ શિવચરણ પ્રજાપતિની પત્ની અને ચાર સંતાનના મૃતદેહ મળી આવ્યા હતા. પાંચેયની કરપીણ હત્યા કરાઈ હતી અને ઘરનો દરવાજો લૉક હતો.

પ્રજાપતિની ફરિયાદને આધારે સાહબલાલ અમરનાથ ચૌહાણ (૪૮), વિજય રામવૈદ્ય (૫૩) અને સંજય રામવૈદ્ય (૫૧) વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. પડોશમાં રહેતા આ ત્રણેયે જ હત્યા કરી હોવાનું ફરિયાદીનું કહેવું હતું.

ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે એક આરોપીના મોટા ભાઈએ ફરિયાદીની પત્નીનો વિનયભંગ કર્યો હતો, જેને પગલે તેમની વચ્ચે વિવાદ થયો હતો. આ મામલે સમાધાન થયું હતું, તેમ છતાં ફરિયાદીના પરિવાર પ્રત્યે આરોપીમાં રોષ હતો.

આ કેસમાં ૧૯૯૭માં કોર્ટમાં આરોપનામું દાખલ કરવામાં આવ્યું હતું. બચાવ પક્ષના વકીલ તરીકે એડ્વોકેટ દીપક ઠાકુર અને સાગર કોલ્હે કોર્ટમાં હાજર રહ્યા હતા.

તપાસકર્તા પક્ષ પાસે ગુનાનો સાક્ષી ન હોવાથી આખો કેસ સાંયોગિક પુરાવા પર આધારિત હતો. કોર્ટે જણાવ્યું હતું કે ઘટના બની તે સમયે આરોપીઓ ફરિયાદીના પડોશી હતા તે તપાસકર્તા પક્ષ પુરવાર કરી શક્યો નથી. એ સિવાય ગુનાનો હેતુ પણ સ્પષ્ટ નથી. ગુનામાં વપરાયેલું હથિયાર કે શંકાસ્પદ વસ્તુ જપ્ત કરાઈ નથી. ૨૦૨૨થી ૨૦૨૩ દરમિયાન ધરપકડ કરાઈ ત્યારથી આરોપીઓ જેલમાં હતા. તેમની વિરુદ્ધ બીજો કોઈ કેસ ન હોવાથી તેમને છોડી મૂકવાનો આદેશ કોર્ટે આપ્યો હતો. (પીટીઆઈ)■

# હાઈ કોર્ટે પરિવારની મરજી વિરુદ્ધ લગ્ન કરવા માગતી સગર્ભા મહિલાને પોલીસ સુરક્ષાનો આદેશ આપ્યો

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે પોલીસને લઘુમતી સમુદાયની ૩૧ વર્ષીય ગર્ભવતી મહિલાને સુરક્ષા સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. મહિલા પોતાના સાથી સાથે લગ્ન કરવા માટે ઘરેથી ભાગી ગઈ હતી, અને તેણે તેના પરિવાર તરફથી ધમકીઓનો હવાલો આપ્યો હતો.

જસ્ટિસ સારંગ કોટવાલ અને શ્યામ ચાંડકની બેન્ચે જણાવ્યું હતું કે, તેના પરિવારે તેમના સંબંધને સ્વીકાર્યો ન હોવા છતાં મહિલા પુખ્ત હોવાથી, તે તેના નિર્ણયો લેવા માટે સ્વતંત્ર છે. ગયા અઠવાડિયે પસાર થયેલા તેના આદેશમાં, કોર્ટે મહિલાના પિતા દ્વારા દાખલ કરાયેલ હેબિયસ કોર્પસ (વ્યક્તિને હાજર કરો) અરજીનો નિકાલ કર્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે તેની પુત્રી એપ્રિલથી ગુમ છે. મહારાષ્ટ્રની બહાર તેના સાથી સાથે રહેતી મહિલાને આ મહિનાની શરૂઆતમાં કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી.

તેણે હાઈ કોર્ટને જણાવ્યું હતું કે તેના પરિવારે તેમનો સંબંધ સ્વીકાર્યો નહોતો અને અવરોધો ઊભા કરી રહ્યો હતો તેથી તે પોતાની ઇચ્છાથી ઘર છોડીને ગઈ હતી. તે ત્રણ મહિનાની ગર્ભવતી હતી અને તેના સાથી સાથે લગ્ન કરીને સ્થાયી થવા માગતી હતી.

મહિલાના પિતાએ એપ્રિલમાં વાકોલા પોલીસમાં તેના ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. પ્રારંભિક તપાસ બાદ, પોલીસને જાણવા મળ્યું કે મહિલા તેના સાથી સાથે મહારાષ્ટ્રની બહાર રહેતી હતી. તેના માતાપિતા અને સંબંધીઓ આ સંબંધની વિરુદ્ધ હોવાથી મહિલાએ તેમની સલામતી અંગે આશંકા વ્યક્ત કરી હતી. (પીટીઆઈ)■

# અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને ૨૫.૭૮ લાખ વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણે મોટર એક્સિડન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) ૨૦૨૦માં નવી મુંબઈમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલી વ્યક્તિના પરિવારને ૨૫.૭૮ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.


નવેમ્બર, ૨૦૨૦માં બ્રિજેન્દ્ર લાલ બહાદુર સિંહ નવી મુંબઈના પનવેલમાં નાગઝરી ગામ નજીક મોટરસાઇકલ પર જઇ રહ્યો હતો ત્યારે ટ્રકે તેને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બ્રિજેશનું મૃત્યુ થયું હતું.

એમએસીટીના સભ્ય આર.વી. મોહિતેએ પોતાના આદેશમાં જણાવ્યું હતું કે ડ્રાઇવર પૂરપાટ વેગે ટ્રક હંકારી રહ્યો હતો અને તેની બેદરકારીને કારણે આ અકસ્માત થયો હતો.

આ પ્રકરણે નોંધાયેલા એફઆઇઆર, ઘટનાસ્થળનું પંચનામું તથા પોસ્ટમોર્ટમ રિપોર્ટ જોયા બાદ મોહિતેએ ૨૫.૭૮ લાખના વળતરનો આદેશ આપ્યો હતો.

બ્રિજેશ સિંહન મૃત્યુ સમયે તેનો માસિક પગાર ૪૫ હજાર રૂપિયા હતો, એવો દાવો કરીને તેના પરિવારજનોએ એક કરોડ રૂપિયાના વળતરની માગણી કરી હતી. જોકે એમએસીટી દ્વારા વેતન રજિસ્ટર, અટેન્ડન્ટ રજિસ્ટર અને એપોઇન્ટમેન્ટ લેટર જેવા મુખ્ય દસ્તાવેજોનો અભાવ હોવાનું જણાવીને બ્રિજેશનો પગાર પંદર હજાર રૂપિયા નક્કી કર્યો હતો. (પીટીઆઇ)■

# મહારાષ્ટ્રઃ નિવૃત્ત વન અધિકારીએ ઘરને નર્સરીમાં ફેરવી દીધું



લાતુર : જેમ ટીપે ટીપે સરોવર ભરાય,તેમ કુંડે કુંડે વનનું સર્જન થઇ શકે છે તે એક નિવૃત્ત વન અધિકારીએ સાબિત કરી બતાવ્યું. વન અધિકારી તરીકે વર્ષો વિતાવ્યા પછી, શિવાજી ગિરી નિવૃત્તિ પછી પણ લીલોતરી સાથે પોતાનો સંબંધ છોડવા માગતા નહોતા. તેઓ મહારાષ્ટ્રના લાતુરમાં તેમના ઘરે કુંડા અને છોડ લાવ્યા, ધીરે ધીરે તેમનું ઘર એક સમૃદ્ધ લીલાછમ સ્વર્ગમાં ફેરવાઈ ગયું.

સહાયક વન અધિકારી તરીકે નિવૃત્ત થયેલા ગિરીએ જણાવ્યું હતું કે ગાઢ જંગલવાળા નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં ઘણાં વર્ષો સુધી પોસ્ટિંગ રહેતા તેમણે પ્રકૃતિ સાથે ઊંડો સંબંધ વિકસાવ્યો હતો. શહેરના અંબાજોગાઈ રોડ પરના તેમના ઘરમાં ૭૫ થી વધુ પ્રકારના છોડ - ઔષધીય અને ફૂલોના છોડથી લઈને ફળ આપતા અને દુર્લભ વન્ય પ્રજાતિઓના છોડ છે. ગિરીએ કહ્યું કે તેમની પત્ની તેમના લીલા પરિવારની સંભાળ રાખવામાં દરરોજ તેમની સાથે જોડાય છે.

ભૂતપૂર્વ વન અધિકારીએ કહ્યું કે તે પુસ્તકો વાંચવામાં પોતાનો સમય વિતાવે છે અને તેમની પાસે ઇકોલોજી અને વન્યજીવન પર ઘણાં પુસ્તકો છે. તેમની પાસે પર્યાવરણીય મુદ્દાઓ અને સંરક્ષણ પ્રયાસો પર અખબારના ક્લિપિંગ્સથી ભરેલી સ્ક્રેપબુક્સ પણ છે. (પીટીઆઈ)■

# નવી મુંબઈમાં ઘરમાં ઘૂસીને યુવતીની જાતીય સતામણીઃ ચાર સામે ગુનો

થાણેઃ નવી મુંબઈના સાનપાડા વિસ્તારમાં ઘરમાં ઘૂસી ૧૮ વર્ષની યુવતીની મારપીટ કર્યા બાદ તેની જાતીય સતામણી કરવા બદલ ચાર જણ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર ૨૦ ઑક્ટોબરે આ ઘટના બની હતી. ફરિયાદી યુવતીને પ્રેમ કરતો હોવાનો દાવો કરનારો આરોપી તેના ત્રણ સાથીદાર સાથે મોડી રાતના યુવતીના ઘરમાં ઘૂસ્યો હતો. યુવતીએ તેમને ઘરમાંથી નીકળી જવાનું કહેતાં આરોપીઓએ લોખંડના સળિયાથી તેની મારપીટ કર્યા બાદ તેની જાતીય સતામણી પણ કરી હતી. આરોપીઓએ યુવતીના ભાઇની પણ મારપીટ કરી હતી, એમ ફરિયાદમાં જણાવાયું હતું.

યુવતીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે સાનપાડા પોલીસે ચાર આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, જેમાંથી બે જણની હજી ઓળખ થઇ નથી. કેસની તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવવી નથી, એમ પોલીસે કહ્યું હતું. (પીટીઆઇ)■

# ફટાકડામાં અત્યંત વિષારી ભારે ધાતુની હાજરીઃ એનજીઓનો દાવો

મુંબઈઃ તાજેતરના દિવાળીના તહેવારના દિવસો દરમિયાન ફોડવામાં આવેલા ફટાકડાઓને કારણે વાતાવરણમાં અત્યંત ઝેરી ભારે ધાતુના રજકણ ફેલાયો હોવાનો દાવો એક બિનસરકારી સંસ્થા (એનજીઓ) દ્વારા કરવામાં આવ્યો છે. આ વર્ષે દિવાળીના દિવસો સુધી ચોમાસુ ખેંચાઈ ગયું હોવાથી ફટાકડાને કારણે હવાની ગુણવત્તા બગડી હોવાનું સ્પષ્ટ થયું હતું. મુંબઈ સ્થિત એનજીઓએ ઝેરી ફટાકડાના ઉપયોગને નિયંત્રિત કરવામાં અને નાગરિકોના સ્વાસ્થ્ય પર પ્રતિકૂળ અસરોથી બચાવવામાં નિષ્ફળતા માટે રાજ્ય સરકારને દોષી ઠેરવી હતી. આવાઝ ફાઉન્ડેશન દ્વારા મંગળવારે જારી કરવામાં આવેલા એક નિવેદન અનુસાર વર્ષોના પરીક્ષણ અને પ્રચાર છતાં રાજ્ય સરકાર ઝેરી ફટાકડા ફોડવાથી લોકોની આરોગ્ય પર પ્રતિકૂળ અસરોને નિયંત્રિત કરવામાં નિષ્ફળ ગઈ છે.

ફાઉન્ડેશને આ વર્ષે રાસાયણિક સામગ્રીના પરીક્ષણ માટે ઉપયોગમાં લેવાતી વિવિધ કંપનીઓ દ્વારા ઉત્પાદિત ૨૫ પ્રકારના ફટાકડાઓની સૂચિ રજૂ કરી દાવો કર્યો હતો કે મોટાભાગના ફટાકડા પર અવાજની માત્રાનો ઉલ્લેખ નથી કરવામાં આવ્યો જ્યારે કેટલાકમાં જરૂરી ક્યૂઆર કોડ નહોતા.

સંસ્થા દ્વારા એવો પણ દાવો કરવામાં આવ્યો હતો કે ઘણા ફટાકડા પર છાપવામાં આવેલું રાસાયણિક બંધારણ પરીક્ષણ દરમિયાન મળી આવેલી વાસ્તવિક સામગ્રીથી ખૂબ અલગ છે. ઉદાહરણ તરીકે, બ્લુબેરી ફટાકડા પરના લેબલમાં પોટેશિયમ નાઇટ્રેટ (૫૫%), એલ્યુમિનિયમ (૨૦%), સલ્ફર (૧૫%) અને ઝિયોલાઇટ (૧૦%)ની હાજરી હોવાનું જણાવાયું છે. જોકે, પ્રયોગશાળાના વિશ્લેષણમાં એલ્યુમિનિયમ (૩૬.૫૭૧%), પોટેશિયમ (૧૬.૮૫૧%), સલ્ફર (૪.૦૪૫%), સિલિકોન (૦.૧૪૮%) અને ઓક્સિજન (૪૨.૨૪૯%) મળી આવ્યા હતા. (પીટીઆઈ)■

# બેસ્ટની બસ અને ટેમ્પો સામસામે ટકરાતાં સાત જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સિગ્નલ ક્રૉસિંગ પાસે બેસ્ટની બસ અને ટેમ્પો સામસામે ટકરાતાં સાત જણ ઘવાયા હોવાની ઘટના ભાંડુપમાં બની હતી. જખમીઓમાંથી બેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યારે બસ ડ્રાઈવર વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.


નવઘર પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સવારે વસંતરાવ નાઈક માર્ગ પર ભાંડુપ પમ્પિંગ સિગ્નલ પાસે બની હતી. અકસ્માતમાં બસના બે પ્રવાસી સાગર રાજારામ જાધવ (૩૦) અને આનંદકુમાર સાઈરામ શર્મા (૬૪) તેમ જ ટેમ્પોમાં હાજર ડ્રાઈવર રમેશ બેચેનલાલ ગુપ્તા (૩૪), દુર્ગાદાસ નાગેશ દેવકર (૫૪), રાજેશકુમાર મીઠાઈલાલ જયસ્વાલ (૫૪), ગુલાબ ચીનીલાલ જયસ્વાલ (૭૨) અને સંજય શ્યામલાલ જયસ્વાલ (૩૭) જખમી થયા હતા.

મળતી માહિતી અનુસાર બેસ્ટની રૂટ નંબર-૪૯૨ની બસ થાણેના ભૂમિ એકર્સથી જોગેશ્વરીમાં મજાસ ડેપો જઈ રહી હતી. બસ સિગ્નલ ક્રૉસિંગ પાસે સામેથી આવેલા ટેમ્પો સાથે ભટકાઈ હતી. ટેમ્પો ભાંડુપથી વાશી જઈ રહ્યો હોવાનું કહેવાય છે.

બન્ને વાહન સામસામે ટકરાતાં સાત જણ ઘવાયા હતા. બનાવની જાણ થતાં નવઘર પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. જખમીઓને મુલુંડ પૂર્વની વીર સાવરકર હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

ઈજાગ્રસ્તોમાંથી સાગર જાધવ અને દુર્ગાદાસ દેવકરને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીનાઓને પ્રાથમિક સારવાર બાદ હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. આ પ્રકરણે ટેમ્પોના ડ્રાઈવર ગુપ્તાનું નિવેદન નોંધી પોલીસે બસ ડ્રાઈવર સંતોષ પાટીલ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. ■


દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન



સ્વ. શ્રી વસંતભાઇ (બટુકભાઇ) મહેતા

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રૂક્ષ્મણીબેન સુખલાલ અભેચંદ મહેતાના સુપુત્ર વસંતભાઇ (બટુકભાઇ) ઉ. વર્ષ ૯૧, સ્વ. મૃદુલાબેનના પતિ, તે સ્વ. જયંતીભાઇ, સ્વ. લાલચંદભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, કિશોરભાઇ, સ્મિતાબેન, વીણાબેન, ઉષાબેન અને રેખાબેનના ભાઇ, તે શિલ્પા પરેશભાઇ સંઘવી, સ્વાતી કિરીટભાઇ મહેતા, શીતલ સુમીતભાઇ પારેખના પિતાશ્રી તે દેવાંશી, શાલીન, વત્સલ, આશના અને જહાનવી ના નાના તે સ્વ. શાંતાબેન નટવરલાલ ગુલાબચંદ મહેતાના જમાઇ તા. ૨૩-૧૦-૨૦૨૫ ગુરૂવારના રોજ અરિહંત શરણ પામેલ છે.

સ્વર્ગસ્થનું દેહદાન કરેલ હોવાથી અંતિમ યાત્રા રાખેલ નથી અને સ્વ. ના પાર્થિવ દેહના અંતિમ દર્શન તા. ૨૪-૧૦-૨૦૨૫ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૪.૩૦ કલાક સુધી તેમના નિવાસ સ્થાને રાખવામાં આવેલ છે.

: દર્શન સ્થળ :
પોકાર નિકેતન, ૩, ગાંધીનગર,
લાલ બહાદુર શાસ્ત્રી માર્ગ,
ઘાટકોપર (પ.), મુંબઇ - ૪૦૦ ૦૮૬.

પ્રાર્થના સભા
શનિવાર તા. ૨૫-૧૦-૨૦૨૫
સમય : સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે

સ્થળ :
ઘાટકોપર જોલી જીમખાના,
જાસ્મીન બેંક્વેટ હોલ, કિરોલ રોડ,
ઘાટકોપર (વેસ્ટ), મુંબઇ - ૪૦૦ ૦૮૬.

લૌકિક વ્યહાર બંધ છે. | દેહ તથા ત્વચા દાન કરેલ છે.


# નૅશનલ પાર્કમાં માતા-પિતા સાથે ફરવા આવેલી બાળકીનું બાઈકની અડફેટે મૃત્યુ

મુંબઈઃ બોરીવલીના સંજય ગાંધી નૅશનલ પાર્કમાં માતા-પિતા સાથે ફરવા આવેલી બે વર્ષની બાળકીને પૂરપાટ વેગે આવેલી બાઈકે અડફેટે લેતાં તેનું મૃત્યુ થયું હતું.

કસ્તુરબા માર્ગ પોલીસના જણાવ્યા મુજબ બુધવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ બનેલી ઘટનામાં મૃત્યુ પામેલી બાળકીની ઓળખ માનસી યાદવ તરીકે થઈ હતી. આ પ્રકરણે બાઈકસવાર વિનોદ કવલે (૩૭) વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરાઈ હતી.

નવી મુંબઈના ઐરોલી ખાતે રહેતો સુજિત યાદવ (૩૦) પત્ની રાજકુમારી, પુત્રી માનસી અને પિતરાઈ શિવમ સાથે બોરીવલી આવ્યો હતો. યાદવ ટ્રક ડ્રાઈવર હોવાથી મુંબઈથી રાજકોટ વચ્ચે તે નિયમિત રીતે ટ્રક ચલાવતો હોવાનું પોલીસનું કહેવું છે.

દિવાળીમાં રજા હોવાથી નવા વર્ષ નિમિત્તે સુજિત પત્ની અને દીકરીને ફરાવવા બોરીવલીના નૅશનલ પાર્ક લઈ આવ્યો હતો. વાઘ-સિંહ સફારીના ટિકિટ કાઉન્ટર પાસેના કઠેડા નજીક સુજિત પત્ની અને પિતરાઈ સાથે ઊભો હતો ત્યારે માનસી રસ્તાને કિનારે રમતી હતી. તે સમયે પૂરપાટ વેગે આવેલી બાઈકે માનસીને અડફેટે લીધી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર ગંભીર જખમી માનસી અને સુજિતને નૅશનલ પાર્કના ગેટ સુધી છોડ્યા પછી કવલે બાઈક પર પસાર થઈ ગયો હતો. માનસીને લઈ સુજિત કાંદિવલીની શતાબ્દી હૉસ્પિટલ પહોંચ્યો હતો, જ્યાં સાંજે પાંચ વાગ્યે તબીબે તેને મૃત જાહેર કરી હતી. ■

# જન્મદિવસે બાળકીનો વિનયભંગઃ યુવકની ધરપકડ

થાણેઃ થાણે જિલ્લામાં જન્મદિવસે આઠ વર્ષની બાળકીનો વિનયભંગ કરવા બદલ પોલીસે યુવકની ધરપકડ કરી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

ભિવંડી વિસ્તારમાં પંદરમી ઑક્ટોબરે આ ઘટના બની હતી. એ દિવસે બાળકીનો જન્મદિવસ હતો. બાળકી તેના ઘરની સામે રમી રહી હતી ત્યારે આરોપી દિનેશકુમાર શર્મા તેની પાસે આવ્યો હતો અને બર્થડે ગિફ્ટ ખરીદી આપવાનું કહીંને તેને પોતાની સાથે આવવાનું કહ્યું હતું. એ સમયે બાળકી ગભરાઇ ગઇ હતી અને ઘરે જતી રહી હતી.


દરમિયાન બાળકી તેના મિત્રો સાથે રમી રહી હતી ત્યારે આરોપી શર્મા તેને પોતાની સાથે લઇ ગયો હતો અને તેને અયોગ્ય સ્પર્શ કર્યો હતો. બાળકીએ બૂમાબૂમ કરતાં આરોપીએ તેને ઘટનાની કોઇને જાણ કરતાં ગંભીર પરિણામ ભોગવવાની ધમકી આપી હતી.

જોકે બાળકીએ ઘરે જઇને પરિવારજનોને ઘટનાની જાણ કરી હતી. આથી તેના પિતાએ બુધવારે ભિવંડી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરીને શર્માની ધરપકડ કરી હતી. (પીટીઆઇ)■

# એન્ટોપ હિલમાં ચારિત્ર્ય પર શંકા કરનારા પતિએ કરી પત્નીની હત્યા


શ્રી જલારામ જયંતિ ઉત્સવ સમિતિ
મલાડ (પૂર્વ) આયોજિત





ડાયરો અને
હાસ્ય દરબાર
સાંઈરામ દવે અને
સાથી કલાકારો દ્વારા
શનિ,તા.૨૫-૧૦-૨૫, સાંજે ૬.૩૦
રામલીલા મેદાન, ગોશાળા લેન, મલાડ (પૂર્વ)
જાહેર આમંત્રણ - પ્રવેશ નિઃશુલ્ક



મુંબઈઃ એન્ટોપ હિલના પ્રતીક્ષાનગર વિસ્તારમાં ચારિત્ર્ય પર શંકાને લઇ થયેલા ઝઘડામાં ૨૭ વર્ષની પત્નીની તેના પતિએ હત્યા કરી હતી. મૃતકની ઓળખ ચંદાદેવી યાદવ તરીકે થઇ હોઇ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરીને પતિ રામસિંગાર યાદવની ધરપકડ કરી હતી. રામસિંગાર યાદવ તેની પત્નીના ચારિત્ર્ય પર શંકા કરતો હતો, જેને કારણે દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા હતા. બુધવારે પણ દંપતી વચ્ચે આ બાબતને લઇ ઝઘડો થયો હતો. ઝઘડો ઉગ્ર બનતા રામસિંગાર રોષે ભરાયો હતો અને તેણે પત્નીની બેરહેમીથી મારપીટ કરી હતી. ■

# મુંબઈ બાયો-મેડિકલ વેસ્ટ પ્લાન્ટ ચાલુ રહેશે, શહેર બહારની સુવિધા હજી અપૂર્ણ

મુંબઈ : બોમ્બે હાઈ કોર્ટે શહેરની બહાર નવી સુવિધા ઊભી કરવા માટે સમય મર્યાદા વધારતા પૂર્વ મુંબઈના ઉપનગરીય ગોવંડીમાં બાયો-મેડિકલ વેસ્ટ પ્લાન્ટ ચાલુ રહેશે.

ગયા અઠવાડિયે પસાર કરાયેલા આદેશમાં, મુખ્ય ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર અને ન્યાયાધીશ ગૌતમ અંકડની બેન્ચે ઓપરેટર, એસએમએસ એન્વોક્લીન પ્રાઇવેટ લિમિટેડ દ્વારા પડોશી થાણે જિલ્લામાં નવી સુવિધા ઊભી કરવા માટે સમયમર્યાદા લંબાવવાની માગણી કરતી અરજી સ્વીકારી હતી. જોકે, કોર્ટે કંપનીને વિલંબ માટે શહેર સ્થિત અંધ બાળકો માટેની શાળાને રૂ. ૨ લાખ ચૂકવવાનો નિર્દેશ આપ્યો હતો. બેન્ચે નોંધ્યું હતું કે નવું ઇન્સિનેરેટર સ્થાપવામાં વિલંબ કંપનીને કારણે નહીં પરંતુ રોડ કનેક્ટિવિટી, વીજળી અને પાણી પુરવઠા જેવી મૂળભૂત સુવિધાઓના અભાવને કારણે થયો છે. ઓગસ્ટ ૨૦૨૩ માં, હાઈ કોર્ટે કંપનીને બે વર્ષની અંદર બાયો-મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ માટે નવી સુવિધા શરૂ કરવા અને પછી ગોવંડીમાં હાલના પ્લાન્ટ પર કામ બંધ કરવાનો નિર્દેશ આપ્યો હતો. નવી સુવિધા પાતાળગંગા-બોરીવલી ખાતે શરૂ થવાની હતી, પરંતુ પાછળથી તેને ઓછી માનવ વસ્તીવાળા થાણે જિલ્લાના અંબરનાથના જામ્બીવલી ઔદ્યોગિક વિસ્તારમાં શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. (પીટીઆઈ)■


In Loving Memory of
Shri Dhiraj Bhimjibhai Mehta
A man of immense strength, grace and wisdom.



19th April 1938 -
15th October 2025

We welcome his friends, family and well-wishers to pay their last respects and celebrate his life

26th October 2025, Sunday
5:00pm to 7:30pm
at Jalaram Hall ,
N S Rd Number 6,
Hatkesh Society, JVPD Scheme, Mumbai- 400049

With lots of Love and Respect
THE MEHTA FAMILY
Usha, Anish – Kaumudi
Darshan – Bindi
Puja, Shanai, Diya

છેલ્લા પાનાનું ચાલુ

## ગૂંગળામણને કારણે

મૃદુલા સિંહ (૫૭), સલીમ જાવેદ (૪૮) અને અબુ ભાટી (૬૦)ને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે બાકીના આઠ જણને પ્રાથમિક ઉપચાર પછી હૉસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ૧૨થી વધુ ફાયર એન્જિન અને અન્ય સાધનોની મદદથી આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું કારણ તાત્કાલિક જાણી શકાયું નહોતું. ■

## આંતરરાષ્ટ્રીય ડ્રગ

ધરાવતો મોહંમદ સલીમ ડ્રગ કાર્ટેલમાં 'વૈભવી જીવનશૈલી' માટે જાણીતો છે. મહારાષ્ટ્ર, રાજસ્થાન, ગુજરાત, મધ્ય પ્રદેશ અને તેલંગણા સહિત દેશભરમાં ડ્રગ કાર્ટેલ દ્વારા સ્થાપિત મેફેડ્રોન બનાવવાની ફેક્ટરીઓના સંચાલન માટે તે જવાબદાર છે. દક્ષિણ મુંબઈના ડોંગરી વિસ્તારનો રહેવાસી મોહંમદ સલીમ છેલ્લાં ત્રણ વર્ષથી દુબઇમાં રહેતો હતો. અગાઉ તે સલીમ ડોલા સાથે કેટરિંગનો વ્યવસાય ચલાવતો હતો, ઑગસ્ટ, ૨૦૨૦માં તે દેશ છોડીને જતો રહ્યો હતો,

મોહંમદ સલીમ આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટનો મહત્ત્વનો સભ્ય છે, જે સલીમ ડોલા ઑપરેટ કરે છે. આ કેસમાં સલીમ ડોલા વોન્ટેડ છે અને તેની સામે પણ રેડ કોર્નર નોટિસ જારી કરવામાં આવી છે. મોહંમદ સલીમ ત્રીજો આરોપી છે, જેને યુનાઇટેડ અરબ એમિરેટ્સથી ડિપોર્ટ કરીને ભારત લાવવામાં આવ્યો છે. આ વર્ષની શરૂઆતમાં તાહિર સલીમ ડોલા (સલીમ ડોલાના પુત્ર) અને માસ્ટરમાઇન્ડ મુસ્તફા મોહંમદ કુબ્બાવાલાને ભારત લવાયા બાદ તેમની ધરપકડ કરાઇ હતી.

મુંબઈ ક્રાઇમ બ્રાન્ચે ૨૫૨ કરોડના મેફેડ્રોનની જપ્તીના કેસમાં મહિલા સહિત પંદર લોકોની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન પોલીસે આરોપીઓની શહેરમાં સાત કરોડ રૂપિયાની સ્થાવર-જંગમ મિલકતો જપ્ત કરી હતી.

ઉલ્લેખનીય છે કે ફેબ્રુઆરી, ૨૦૨૪માં કુર્લા પશ્ચિમથી ૧૨.૨૦ લાખના ડ્રગ્સ સાથે પરવીનબાનો શેખની ધરપકડ કરી હતી. મહિલા પાસે મળેલું ડ્રગ્સ દુબઇમાં રહેતા વોન્ટેડ આરોપીના મુંબઈના સાગરીત સાજીદ શેખ પાસેથી ખરીદાયું હતું, જેને બાદમાં પકડી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન દુબનિા વોન્ટેડ આરોપીના સંપર્કમાં રહીને સાંગલીની ફેક્ટરીમાં ડ્રગ્સ બનાવવા માટે લાગનારો કાચો માલ પૂરો પાડનારા અને તૈયાર થયેલું ડ્રગ્સ વેચનારા સુરતના બે આરોપીની પણ ધરપકડ કરવામાં આવી હતી.

દરમિયાન પોલીસની ટીમે માર્ચ, ૨૦૨૪માં સાંગલીના ઇરળી ગામમાં ડ્રગ્સ બનાવવાની ફેક્ટરીનો પર્દાફાશ કરીને ત્યાંથી ૨૫૨ કરોડનું મેફેડ્રોન જપ્ત કર્યું હતું અને છ આરોપીને ઝડપી પાડ્યા હતા. ડ્રગ્સની ખરીદી-વેચાણનો વ્યવહાર જે આંગડિયા મારફત કરવામાં આવતો હતો તેની પણ ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે આરોપીઓ વિરુદ્ધ આરોપનામું દાખલ કર્યું હતું. ■

## પ્રધાનોના કામનું

પર છે. તેથી, વિસ્તરણ કે વર્તમાન મંત્રીઓને દૂર કરવા અંગે કોઈ પરિસ્થિતિ નથી. અમારા માટે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ હાલમાં મહત્વપૂર્ણ છે. તેથી, કૅબિનેટમાં ફેરબદલની કોઈ શક્યતા નથી, એમ મુખ્ય પ્રધાને સ્પષ્ટ કર્યું હતું.

ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, 'ભાજપ, શિવસેના અને એનસીપી આગામી મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીઓમાં સાથે લડશે. પરંતુ ભાજપ પુણે અને પિંપરીમાં પોતાના દમ પર લડશે.'

બીજી બાજુ, મહાયુતિમાં ઘણી જગ્યાએ મતભેદો જોવા મળી રહ્યા છે. આ મતભેદોને ધ્યાનમાં રાખીને, મહાયુતિના નેતાઓ આગામી ચૂંટણીઓનો સામનો કેવી રીતે કરે છે? તે જોવું પણ મહત્વપૂર્ણ છે. સ્થાનિક સ્તરે ચાલી રહેલા મતભેદો ચરમસીમાએ ન જાય તે માટે મહાયુતિના ઘટક પક્ષોના વરિષ્ઠ નેતાઓ કયા પગલાં લઈ રહ્યા છે? તે જોવું મહત્વપૂર્ણ છે. ■

## ઠાકરે બંધુઓએ

સેનાના નેતા અવિનાશ જાધવે સોશિયલ મીડિયા પર કરેલી એક પોસ્ટ ચર્ચામાં આવી છે. તેમણે પોસ્ટ કરી છે કે ઠાકરે ફક્ત એક બ્રાન્ડ નથી, પરંતુ મરાઠી લોકો માટે જીવનભરની ગેરંટી છે. આનાથી શિવસેના (ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે) જૂથને પરોક્ષ રીતે ટેકો આપવાની ચર્ચા શરૂ થઈ ગઈ છે. દરમિયાન ગુરુવારે રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરે ફરી એકવાર ભાઈબીજ તહેવાર નિમિત્તે તેમની બહેનના ઘરે સાથે જતા જોવા મળ્યા. તેથી, ૪ મહિનામાં ઠાકરે ભાઈઓની આ ૧૦મી બેઠક છે. ■

## નાગપુર હવે

વિકાસ માટે સરકારે અપનાવેલી રોકાણકાર-મૈત્રીપૂર્ણ નીતિઓ અને અગ્રણી ઉદ્યોગોનો વધતો વિશ્વાસ આનાથી ઉજાગર થાય છે.

સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ કંપની ભારતમાં સંરક્ષણ ક્ષેત્રમાં લગભગ ૧૨ હજાર ૮૦ કરોડનું રોકાણ કરી રહી છે. આ પ્રોજેક્ટ નાગપુરમાં ૬૮૦ કરોડ રૂપિયાનું રોકાણ કરીને મિહાનના સ્પેશિયલ ઇકોનોમિક ઝોનમાં લાગુ કરવામાં આવી રહ્યો છે. આ પ્રોજેક્ટ લગભગ ૪૦૦ સીધી નોકરીઓ અને લગભગ એક હજાર પરોક્ષ નોકરીઓનું સર્જન કરશે.

આ પ્રોજેક્ટ નાગપુરને સંરક્ષણ ઉત્પાદન ઉદ્યોગમાં આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા આપશે અને વિદર્ભની ઔદ્યોગિક પ્રગતિમાં મોટો ફાળો આપશે. આ મહારાષ્ટ્ર સરકાર અને મહારાષ્ટ્ર એરપોર્ટ ડેવલપમેન્ટ કંપનીના સતત પ્રયાસોનું પરિણામ છે. ■

## પાલિકા ચૂંટણીમાં

જણાવ્યું હતું. શિવસેના (યુબીટી) ચૂંટણી પૂર્વે ગઠબંધન અંગે કૉંગ્રેસના કેન્દ્રીય નેતૃત્વનો સંપર્ક કરશે. ભાજપને હરાવવા વિપક્ષે હાથ મિલાવી મુંબઈને બચાવવાની જરૂર છે, એમ પણ રાજ્યસભાના સંસદસભ્યએ જણાવ્યું હતું.

કૉંગ્રેસના નેતાઓએ સંયુક્ત મહારાષ્ટ્ર સમિતિના ઇતિહાસને સમજવો પડશે (જેણે મરાઠી ભાષી વિસ્તારોને સમાવતા નવા રાજ્યની રચના માટે લડત આપી હતી), જ્યાં તમામ પક્ષો શહેરને બચાવવા માટે એક સાથે આવ્યા હતા એ વાતનો ઉલ્લેખ કરી રાઉતે ઉમેર્યું હતું કે કોણ શું કહી રહ્યું છે તે અંગે હું કોઈ અભિપ્રાય નહીં આપું. કૉંગ્રેસ ઈન્ડિયા બ્લોક અને મહા વિકાસ આઘાડી (એમવીએ) અમારી સાથી છે. એક પક્ષને કારણે ઇન્ડિયા બ્લોક અને એમવીએ અસ્તિત્વમાં નથી. તેમાં કોંગ્રેસ જેવા અન્ય પક્ષો પણ છે. તેમણે કહ્યું કે, કૉંગ્રેસના મરાઠી

નેતૃત્વએ મુંબઈ પર 'તોળાઈ રહેલા ખતરા' વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ. (પીટીઆઈ) ■

## સોયાબીનના

૩ હજાર ૫૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ભાવે સોયાબીન વેચી રહ્યા હોવાથી તેમને ૧ હજાર ૮૦૦થી ૨ હજાર રૂપિયા પ્રતિ ક્વિન્ટલ નુકસાન થઈ રહ્યું છે.

પ્રાપ્તિ કેન્દ્રોમાં એમએસપી હજી સુધી અમલમાં નથી. એના અમલમાં ઈરાદાપૂર્વક વિલંબ કરવામાં આવી રહ્યો છે એવો આરોપ કરી કૉંગ્રેસ નેતાએ કર્યો હતો. તેમણે એવો દાવો કર્યો હતો કે ખરીફ પાકને નુકસાન થતા ભાવો વધવા જોઈતા હતા, પરંતુ તેના બદલે તે ઘટી રહ્યા છે. (પીટીઆઈ) ■

## ચિરાબજારમાં

અધિકારીઓ અને પાલિકાનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઇમારતનો ભાગ તૂટી પડવાના બનાવની તપાસ સત્તાવાળા દ્વારા કરવામાં આવી રહી છે અને વધુ કોઇ દુર્ઘટનાને ટાળવા માટે આ સ્થળેથી બધાને દૂર કરાયા હતા. દરમિયાન ભાયખલા પશ્ચિમમાં મદનપુરા ખાતે સાંકલી સ્ટ્રીટમાં એક માળના મકાનનો ભાગ બુધવારે બપોરે તૂટી પડ્યો હતો. સદનસીબે આ ઘટનામાં કોઇને ઇજા થઇ નહોતી. ■

## દિવાળી દરમિયાન

દરમિયાન અવાજના સ્તરમાં પણ ૩.૨ ટકાનો વધારો થયો હતો,'' તેમણે ઉમેર્યું.

''અમે નાગરિકોને તહેવારો દરમિયાન પર્યાવરણીય અસર ઘટાડવા માટે પ્રયાસો કરવા વિનંતી કરીએ છીએ. ગ્રીન ફટાકડા એ દિશામાં એક યોગ્ય પગલું છે,'' થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્ય પર્યાવરણીય અધિકારી મનીષા પ્રધાને જણાવ્યું હતું. (પીટીઆઈ) ■


# ક્લાસિફાઈડ

### ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

### ૧૪. નોકરી ખાલી છે

MEGA CARRIER OPPORtunity for Retires, Professional, Housewife. On Tuesday 28/10/2025 (11:15 AM.) Free Entry Age 45+., Registration Compulsory - 9653662882. (B-16655)

### ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી ઈસ્ટ**

ભાડેથી (60) ટુ બેડ ફુલ્લી ફર્નિશ્ડ હાઈવે નજીક (લીફટ/પાર્કિંગ) ગંગર - 8080524858. (બી-૧૬૬૫૨)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**''સુદર્શન જ્યોતિષ''**

સમસ્યાઓનું સમાધાન. જન્માક્ષર ગૃહકલેશ વ્યાપારમાં લાભ, સંતાનથી પરેશાની, શત્રુબાધા, લગ્નમાં રુકાવટ, સૌતન-ત્રાશ, છુટાછેડા, લવ પ્રોબ્લેમ સ્પેશિયાલિસ્ટ. 9737117093 વિક્રોલી (ઈસ્ટ). (બી-૧૬૬૩૯)

**''શ્રીજી જ્યોતિષ''**

અશક્યને શક્ય કરનાર. સચોટ નિવારણ. જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમી મિલન, (લવ પ્રોબ્લમ, પર્સનલ પ્રોબ્લેમ, સ્પેશિયાલિસ્ટ) 9372024547 (ઘાટકોપર) (નિરાશ થયેલા વ્યક્તિઓ ખાસ મળો). (બી-૧૬૬૩૧)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


# જૈન મરણ

સુરેન્દ્રનગર નિવાસી હાલ મુંબઇ સ્વ. ચંદ્રકાંતભાઇ મુળજીભાઇ શાહના પુત્રવધૂ મનીષાબેન (ઉં. વ. ૫૯) અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગિરીશભાઇના ધર્મપત્ની. તે ધવલભાઇ અને રચનાબેનના માતુશ્રી. તે અભિજીતભાઇના સાસુ. પિયરપક્ષે સ્વ.જયાબેન, સ્વ. પ્રતાપભાઇની દીકરી. તે કલ્પનાબેન, રાજુભાઇ, દિલીપભાઇ, મીનાક્ષીબેન, સ્વ. નીતીનભાઇના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

સુરેન્દ્રનગરના હાલ મુંબઈ સ્વ. ચંદ્રકાંતભાઈ મૂળજીભાઈ શાહના પુત્રવધૂ મનીષાબેન (ઉં. વ. ૫૯) અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગિરીશભાઈના ધર્મપત્ની. તે ધવલભાઈ અને રચનાબેનના માતુશ્રી. તે અભિજીતભાઈના સાસુ. પિયરપક્ષ સ્વ. જયાબેન, સ્વ. પ્રતાપભાઈની દીકરી. તે કલ્પનાબેન, રાજુભાઈ, દિલીપભાઈ, મીનાક્ષીબેન, સ્વ. નિતીનભાઈના બેન. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજકોટના હાલ ઘાટકોપર દિનેશભાઈ જયંતીલાલ મોદીના ધર્મપત્ની અ. સૌ. વર્ષાબેન (ઉં. વ. ૮૨) તે હેમેન, જયેશના માતુશ્રી. તે સૌ. જીજ્ઞા તથા સૌ. નિપાના સાસુ. સૌ. દીશા મનીલ રૂપાણી, તનીષ, રિયાંશના દાદી. તે અમરેલીના સ્વ. જેકુંવરબેન હિંમતલાલ ટોળીઆના પુત્રી ૨૨-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવાના હાલ મુલુંડ અનંતરાય જયંતિલાલ શાહ (એ. જે. શાહ) (ઉં. વ. ૯૨) ૨૧-૧૦-૨૫ના અરિહંતશરણ થયેલ છે. તે સ્વ. કુસુમબેનના પતિ. હિરેન, કાર્તિકેય, ફાલ્ગુની, ડિમ્પલના પિતાશ્રી. ગીતા, મોના, નિલેશકુમાર, ધર્મેશકુમારના સસરા. કૌશલકુમાર, જીનલ, અનુજકુમાર, અંકિતકુમારના દાદા સસરા. મહુવાવાળા સુમતિચંદ્ર હરજીવનદાસ સંઘવીના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

ગોંડલના હાલ મુંબઈ સૂર્યકાન્ત નાનાલાલ કોઠારી (ઉં. વ. ૮૩) ૨૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલા છે. તે સાધનાબેનના પતિ. સંજીવ અને સેજલના પિતા. જિજ્ઞાના સસરા. માલવિકાના દાદા. પ્રેમના નાના. સચીનના સસરા. સર્વ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી વિશા શ્રી માળી સ્થાનકવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદિવલી સ્વ.સુમતિબેન જયંતિલાલ નાગરદાસ શાહના સુપુત્ર દિનેશભાઈ (ઉ.વ. ૭૭) તે ઉષાબેન ના પતિ, સુભદ્રાબેન,અરુણાબેન, પ્રફુલ્લાબેન, સ્વ. રેખાબેન,દિપીકાબેન,કમલેશભાઈ અને સંજયભાઈના ભાઈ, પ્રજ્ઞેશ, અવની અને કેયુર ના પિતા , શાહ વ્રજલાલ અબજી ભાઈ (ટુવાવાળા)ના જમાઈ તે જીજ્ઞેશ કુમાર, પાયલ અને પ્રતીતિના સસરા તા. ૨૧/૧૦/૨૦૨૫ મંગળવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ

**ઝાલાવાડ જૈન શ્વે. વિશા શ્રી મૂ. પૂજક**

વઢવાણ નિવાસી હાલ બોરીવલી શ્રી સુરેશ ધીરજલાલ શાહ ના ધર્મપત્ની શ્રીમતી ઇંદિરા (ઉં . વ.૭૬) તા. ૨૦-૧૦-૨૦૨૫ ના અરિહંત શરણ પામેલ છે. તે સ્વ. સવાઇલાલ રાયચંદ પારેખના સુપુત્રી, તે અમોલ અને ભૌમિકના માતુશ્રી , તે કવિતા અને અમીના સાસુ , તે દેશના, મેહેર અને માહિરના દાદીની પ્રાર્થના સભા - શનિવાર - તા. ૨૫-૧૦-૨૦૨૫, સવારે ૧૦.૦૦ વાગ્યે, બાલાશ્રમ, અતુલ ટાવર પાસે. કાંદિવલી વેસ્ટ. મુંબઈ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

સુવઇના જતીન ગાલા (ઉ.વ. ૪૪) તા. ૨૦-૧૦-૨૫ના અવસાન પામેલ છે. કસ્તુરબેન હંસરાજ ભાણજી ગાલાના પુત્ર. ભાવનાના પતિ. શનાયાના પિતા. રંજનબેન શાંતીલાલના જમાઇ. ધવલ, નિલમના ભાઇ. પ્રા. શ્રી થાણા વર્ધમાન સ્થાનક, નૌકા વિહારની સામે, તળાવપાળી, થાણા (વે.) ટાઇમ : ૧૦.૩૦ થી ૧૨. નિ. ભાવના ગાલા, બી/૭૦૧, કપીલા વાસ્તુ, ખોપટ, થાણા (વે.) ૪૦૦૬૦૧

ભોજાયના કલ્યાણજી (મગન) રાયશી ગડા (ઉ.વ. ૮૩) તા.૧૮-૧૦-૨૫ ના અવસાન પામેલ છે. મા. પુરબાઇ રાયશી વેલજીના સુપુત્ર. સ્વ. પ્રેમિલાના પતિ. અજિત, સરોજ, ભારતી, જાગૃતિના પિતા. ડો.નવીન, લક્ષ્મીના ભાઈ. ભોજાય ભાણબાઈ ખીયશી રતનશીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. અજિત ગડા, ફ્લેટ નં.૨૦૪, સુયોગ એપાર્ટમેન્ટ, પ્લોટ નં.૪૦૬, કાન્સાઇ સેક્શન, અંબરનાથ (ઇ) ૪૨૧ ૫૦૧.

દેવપુરના શ્રી તારાચંદ ગાલા (ઉ. ૬૯) તા. ૧૬-૧૦-૨૫ના અવસાન પામેલ છે. લીલબાઈ કુંવરજીના પુત્ર. તરલાબેનના પતિ. દિપેશ, વિપુલ, મિતલના પિતા. લક્ષ્મીચંદ, હેમચંદ, નવિનચંદ્ર, હરખચંદ, ગિરીશ, પ્રીતીના ભાઈ. સાભરાઇ દેવકાબેન દેવરાજ જેઠા ગડાના જમાઈ. પ્રા. યોગી સભાગૃહ, ગ્રાઉન્ડ ફ્લોર, સ્વામી નારાયણ મંદિરની બાજુમાં, દાદર (ઇ), ટા. ૩ થી ૪.૩૦.

કોટડી મહાદેવપુરીના હીરજી (ગાભુભાઇ) નાગડા (ઉં.વ.૮૦) તા. ૨૨/૧૦/૨૫ના અવસાન પામેલ છે. મુલબાઇ મુરજીના સુપુત્ર. ધનવંતિના પતિ. જ્યોતી, રાજેશ, નીલેશના પિતા. ઉમરશી, હંસરાજ, લક્ષ્મીબેન, મણીબેન, મંજુલાબેનના ભાઇ. મોટી ઉનડોઠ કુંવરબાઇ વાલજી લખમશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જ્યોતી કિરણ વૈતી, સાવીત્રી સોસાયટી, રૂમ. નં. ૪, આકૃતિ એલીગન્સની પાછળ, ગવનપાડા, મુલુન્ડ (ઇ.) ૮૧.

કુંદરોડીના અ.સૌ. રૂપલ અરૂણ ગંગર (ઉ.વ. ૫૫) તા. ૨૧.૧૦.૨૦૨૫ ના દેહપરિવર્તન કરેલ છે. અરૂણના પત્ની. હેમલતા દેવચંદના પુત્રવધુ. જેનીલ, મીહીરના માતા. મોટી ખાખરના વિમળાબેન પ્રાણજીવન ગાલાના સુપુત્રી. અવનીના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રા. માનવ સેવા સંઘ (સાયન), ટા. ૪ થી ૫.૩૦.

શેરડીના સ્મિતાબેન નરેન્દ્ર શાહ (છેડા)(ઉ.વ.૭૯) તા.૨૨-૧૦-૨૫ના અવસાન પામેલ છે. રતનબાઈ-મુલબાઈ પ્રેમજીના પુત્રવધુ. નરેન્દ્રના પત્ની. દિવ્યેશના માતુશ્રી. લધીબાઈ શીવજીના પુત્રી. વિશનજી, હેમચંદ, વીરેન્દ્ર, ભુપેન્દ્ર, કમલેશ, ભાનુમતી ભરત, નિશા નિતીન, નિરૂ અશોક, રોહા ચેતના દિનેશના બેન. પ્રા : કચ્છી જૈન ભવન, સાંગલી, ટા. ૪ થી ૫. ચક્ષુદાન કરેલ છે.

મેરાવા હાલે બાડાના વર્ષા કિરણ ગંગર (શાહ) (ઉ.વ. ૬૦) તા. ૨૧-૧૦-૨૫ મંગળવારના અવસાન પામેલ છે. પુષ્પાબેન દેવજી ડુંગરશીના પુત્રવધુ. કિરણના ધર્મપત્ની. જય, રાજના માતા. માતુશ્રી પ્રભાવંતી નાનજી લાલનના સુપુત્રી. શાંતિલાલ જખુ, કલ્પના કાંતિલાલ પોલડિયા, હર્ષા મદન દેઢિયાના બેન. પ્રાર્થનાસ્થળ: શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, કરસન લઘુ નિસર હોલ, દાદર વેસ્ટ. સમય : ૨:૦૦ થી ૩:૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

અમદાવાદ નિવાસી હાલ ઘાટકોપર (મુંબઇ) સ્વ. તારાબેન સુમતીલાલ શાહના પુત્ર દિનેશભાઇ (ઉં. વ. ૯૪) તા. ૨૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે વિરમતીબેનના પતિ. જયશ્રીબેન, રાજીવભાઇ અને રાજેનભાઇના પિતા. હિરેનભાઇ, સુજાતા તથા મેઘાના સસરા. સ્વ. ડો. કેશુભાઇ નરસિંહભાઇ મહેતાના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫ શુક્રવારે સાંજે ૫.૩૦થી ૭. ઠે. જોલી જિમખાના, જાસ્મિન હોલ, ઘાટકોપર ખાતે રાખેલ છે.

**પાટણ જૈન**

પાટણ નિવાસી ખેતરવાસીનો પાડો (મહાદેવાની શેરી) હાલ કાંદીવલી, રીચાબેન ભદ્રેશભાઈ શાહ (ઉં. વ. ૩૬) એ હીના ધિરેનભાઈ શાહ (ચીમ નલાલ જેશગલાલ શાહ મદ્રાસ) પુત્ર ના પુત્રવધુ, નીરવ ઇસીતના ભાભી, ક્રિયાશના કાકી , ગીતાબેન અતુલભાઇ કોઠારી ગામ ધારીના સુપુત્રી, તારીખ ૨૩/૧૦/૨૦૨૫ ના રોજ અરિહંતશરણ પામેલ છે તેમની અંતિમયાત્રા તા. ૨૪/૧૦/૨૦૨૫ ના સવારે ૮ વાગે તેમના નિવાસસ્થાનેથી અ-૧૦૧ ,રાધિકા દર્શન, કો.ઓપ.હાઉસિંગ સોસાયટી,હેમુ કલરની ક્રોસ રોડ, ઈરાની વાડી કાંદીવલી વેસ્ટ તેમના નિવાસસ્થાનેથી નીકળશે લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

ચોટીલા નિવાસી હાલ માટુંગા સુરેન્દ્ર મનસુખલાલ ખંધાર (ઉં. વ. ૭૪) તે ભારતીબેનના પતિ. તેજસ, ગૌરવના પિતા. વિધિ, બોસ્કીના સસરા. વિહાન, ખીયાના, આન્યાના દાદા. જગદીશભાઇ, પ્રફુલભાઇ, રાજેશભાઇ, સ્વ. બિપીનભાઇ, કુમુદબેન, સ્વ. જયોતિબેનના ભાઇ. કનુભાઇ, કુમારભાઇ, મીનાક્ષીબેન, ઉષાબેન, રાજેશ્રીબેનના બનેવી મંગળવાર તા.૨૧-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સર્વે લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

થાણા દેવડી નિવાસી (હાલ ડોમ્બિવલી વેસ્ટ) સ્વ.ચંદ્રકાન્ત હેમચંદભાઈ શાહના ધર્મપત્ની,નીલમબેન(ઉં. વ.૮૮) તા.૨૨-૧૦-૨૦૨૫ બુધવારના રોજ અરિહંત શરણ પામેલ છે તે સ્વ. ભરતભાઈ, વિજયભાઇ, દિપકભાઈના માતુશ્રી અને મનીષાબેન,સુજાતાબેન, બિનિતાબેનના સાસુ, ખ્યાતિ મંથનકુમાર શેઠ, અનીશ, રિતિક, જેનીલના દાદી. સ્વ.મોહનલાલ જગજીવનદાસ શાહના દીકરી પ્રાર્થનાસભા, લૌકિક વ્યવહાર સદંતર બંધ રાખેલ છે. ૪૦૧/ એ-વિંગ, ભાવિક એપાર્ટમેન્ટ સાઉથ ઇન્ડિયન સ્કૂલ પાસે, શાસ્ત્રી નગર, કોપર રોડ, ડોમ્બિવલી વેસ્ટ, પીન - ૪૨૧૨૦૨.

**જામનગર વિશા ઓશવાળ જૈન**

હાલ વિલેપાર્લે મુંબઇ ઝવેરી શાંતાબેન સંપતલાલ છોટાલાલના સુપુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૭૬) કોકિલાબેનના પતિ. મિતુલ, પ્રતીશના પિતા. કિંજલ, સેજલના સસરા. ભરતભાઇ, ઇલાબેન ચંદ્રકાતભાઇ, સરોજબેન રસિકલાલ, માલતીબેન જયસુખલાલ, સુનીતાબેન અશ્વિનભાઇના ભાઇ. સવિતાબેન સુંદરલાલ કડીયા પાટણવાળાના જમાઇ તા. ૨૧-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. ૧૮ પાપસ્થાનકની સંવેદના તા. ૨૫-૧૦-૨૫ના શનિવાર સવારે ૧૧થી ૧. નવસમાજ મંડળ, એનએસએમ સ્કૂલ, વિલેપાર્લે (ઇસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોરબી નિવાસી હાલ ઘાટકોપર સ્વ. રૂક્ષ્મણીબેન સુખલાલ અભેચંદ મહેતાના સુપુત્ર વસંતભાઇ (બટુકભાઇ) (ઉં. વ. ૯૧) તે સ્વ. મૃદુલાબેનના પતિ. તે સ્વ. જયંતીભાઇ, સ્વ. લાલચંદભાઇ, સ્વ. ચંદ્રકાંતભાઇ, કિશોરભાઇ, સ્મિતાબેન, વીણાબેન, ઉષાબેન અને રેખાબેનના ભાઇ. તે શિલ્પા પરેશભાઇ સંઘવી, સ્વાતી કિરીટભાઇ મહેતા, શીતલ સુમીતભાઇ પારેખના પિતાશ્રી. તે દેવાંશી, શાલીન, વસ્તલ, આશના અને જાન્હવીના નાના. તે સ્વ. શાંતાબેન નટવરલાલ ગુલાબચંદ મહેતાના જમાઇ. તા. ૨૩-૧૦-૨૫ના ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૫-૧૦-૨૫ના સાંજે ૫થી ૭. ઠે. ઘાટકોપર જોલી જીમખાના, જાસ્મીન બેન્કવેટ હોલ, કિરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ), લૌકિક વ્યવહાર બંધ છે. દેહ તથા ત્વચા દાન કરેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

અગિયાળીવાળા હાલ ઘાટકોપર સ્વ. કસ્તુરચંદ લાલચંદ શાહના ધર્મપત્ની નિર્મળાબેન (ઉં. વ. ૮૨) તે હિતેનભાઇ, રીટા, જાગૃતિ, મમતાના માતુશ્રી. રૂપલબેન, વિજયકુમાર, શરદકુમાર, ઉદયકુમારના સાસુ. સ્વ. પ્રભુદાસભાઇ, સ્વ. કનૈયાલાલ, સ્વ. લીલીબેન, મંજુબેનના ભાભી. પિયરપક્ષે ત્રાપજવાળા નાનચંદ માણેકચંદના દીકરી. ક્રિશા-તનીશાના દાદીમા. સોમવાર, તા. ૨૦-૧૦-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. બી-૧૪, મહાવીર સ્મૃતિ, ગારોડિયા નગર, ઘાટકોપર (ઇસ્ટ).

# હિન્દુ મરણ

**લેઉવા પટેલ**

ચિત્તલ નિવાસી સાકરબેન મોહનભાઈ સોરઠીયા (ઉ.વ ૧૦૧) તે લાલજીભાઈ, રોહિતભાઈ , જગદીશભાઈ, હિંમતભાઈ, રેખાબેન તથા પ્રભાબેનના માતુશ્રી , તે વિજયાબેન , શારદાબેન, રેખાબેન તથા ચંદ્રીકાબેનના સાસુ તથા તે કાળુભાઈ તથા જયંતિભાઈના સાસુ તા. ૧૯-૧૦-૨૦૨૫ ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થના સભા તા. ૨૪-૧૦-૨૦૨૫ ના શુક્રવારે બપોરે ૪થી ૬. સ્થળ : વર્ધમાન સર્વોદય હોલ, ડાયમંડ ટોકીઝની સામે, એલ. ટી. રોડ, બોરીવલી (વેસ્ટ), મુંબઈ.

**લુહાર સુથાર**

ગામ : જેતપુર, હાલ : ભાયંદર (મુંબઈ) સ્વ. ડાહ્યાભાઈ ભગવાનજીભાઈ કારેલિયાના ધર્મપત્ની ગંગા સ્વરૂપ દમયંતીબેન (ઉં.વ.૮૦) તા.૧૯-૧૦-૨૦૨૫ રવિવારના રોજ શ્રીરામચરણ પામેલ છે. તે જીતેન્દ્રભાઈ, મુકેશભાઈ અને રાજેશભાઈના માતાશ્રી, તેજલબેનના સાસુશ્રી, મેહુલ, શ્યામ, રશ્મીના દાદીમા અને મયુરીના દાદીસાસુ, ચમ્પાબેન, નીરુબેન, સ્વ. વાસંતીબેન અને કીશોરભાઈ કવાના મોટા બેન. તેમનું બેસણું (સાદડી) શુક્રવાર તા. ૨૪-૧૦-૨૦૨૫ના રોજ સાંજે ૫ થી ૭, ઠે. લુહાર સુથાર વેલ્ફેર સેન્ટર, કાર્ટર રોડ નં. ૩, અંબાજી મંદિર પાસે, બોરિવલી (ઈસ્ટ).

**વાંઝા દરજી**

જામનગર નિવાસી હાલ દહિસર ગં.સ્વ રેખાબેન મનસુખલાલ ચુડાસમા (ઉં.વ૭૪) તે ૨૨/૧૦/૨૫ ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. મનસુખલાલ પોપટલાલ ચુડાસમાના ધર્મપત્ની, અલ્પા તથા અલ્પેશના માતુશ્રી, દીપ્તિ તથા કમલેશ પાટડીયાના સાસુ, વિજય તથા મનીષ નરસિંહભાઇ ચુડાસમાના કાકી, તે પિયરપક્ષે ભારતી, નયના, પ્રતિમા, નરેશ તથા વિજય અનંતરાય ભદ્રેશાના બહેન. તેમની સાદડી તા. ૨૪/૧૦/૨૫ ના રોજ ૪ થી ૬ કલાકે એ ૨૦૩, દહિસર આર્કેડ, જે એસ રોડ, ગોમંત નગર, દહિસર વેસ્ટ.

**કચ્છી લોહાણા**

ગામ નલિયા હાલે મુલુંડના જયંતિલાલ જેઠમલ મૈડેયાર (ઉ.વ.૮૧) તા.૧૭/૧૦/૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ. સરસ્વતીબેન જેઠમલભાઈ વિશનજી મૈડેયારના સુપુત્ર. પારુબેનના પતિ. દીપલ, બીના અને હિતેશના પિતાશ્રી. આશિષભાઈ મધુકાંતભાઇ ધીરાવાણી, અલ્પા અને વૈશાલીના સસરા. તે સ્વ.સરસ્વતીબેન મંગલદાસ મુખીના જમાઈ. સ્વ.નરેન્દ્રભાઇ, સ્વ.પ્રભાબેન ચંદ્રેશભાઇ ઠક્કર, કિશોરભાઈ, હરેશભાઈના ભાઈ, તેમની બંને પક્ષની પ્રાર્થનાસભા તા.૨૪/૧૦/૨૫ શુક્રવારે ૫-૭ સાંજે ગોપુરમ હાલ, ડો. આર.પી. રોડ મુલુંડ વેસ્ટ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**રોહિદાસ વંશી સોરઠીયા**

ગામ ભાલવાઈ (ગુજરાત) હાલ મુંબઈ શાંતિનગર - મેઘનગરના રહેવાસી રાજુલબેન અને નરેન્દ્રભાઈ રામજી કંટારિયાના પુત્ર સ્વ.નંદિશભાઈ (ઉં. વ.૩૨) તા.૧૩/૧૦/૨૦૨૫ના રામચરણ પામ્યા છે.તેઓ કાજલબેનના પતિ, હર્ષાબેન અને નરોત્તમભાઈ રામજી કંટારિયાના ભત્રીજા, સુમિતભાઈ, જીજ્ઞેશભાઈ, સચિનભાઈ,વાસુભાઈ, શિવાંગભાઈના ભાઈ, દિનેશભાઈ માવજીભાઈ વાઢેળ, પ્રવિણભાઈ માવજીભાઈ વાઢેળના ભાણેજ,લત્તાબેન અને પરેશભાઈ બોઘાભાઈ રાઠોડના જમાઈ. બારમાની વિધિ (ઉત્તર ક્રિયા) તા.૨૪/૧૦/૨૦૨૫ શુક્રવારે સાંજે ૪ કલાકે નિવાસ સ્થાન ૧૮/૪,શાંતિનગર, કસ્તુરબા હોસ્પિટલની સામે , આર્થર રોડ જેલ નજીક રાખવામાં આવેલ છે.

**વિશા નગર વણિક જ્ઞાતિ**

મધુરીબેન સુરેન્દ્રભાઇ શેઠ (ઉં. વ. ૯૨) તા. ૧૫ ઓક્ટોબર ૨૦૨૫ના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. સુરેન્દ્રભાઇ બાબુભાઇ શેઠના ધર્મપત્ની. પિયુષ-રૂપલ તથા નિરીક્ષા-ઇરફાનભાઇના માતુશ્રી. પ્રિયા-નિહારભાઇ, ઉમંગ, અમાન અને અસદના દાદી.

**કચ્છી ભાટિયા**

ગં. સ્વ. મધુરીબેન (લીલુબેન) માધવસિંહ ભાટિયા (ઉ. વ. ૧૦૦) તે સ્વ. મોતીબાઇ તથા દ્વારકાદાસ જમનાદાસના પુત્રવધૂ, તે સ્વ. વૃજીબેન તથા સ્વ. રમાબેન અને સ્વ. ભગવાનજી મોરારજીના સુપુત્રી, તે નંદિની તથા પલ્લવીના માતુશ્રી, તે સ્વ. પુલિન, અમી અને નતાશા, નીલના નાની, મુંબઈ મુકામે તા ૨૧-૧૦-૨૦૨૫ના શ્રીજીના ચરણ પામ્યા છે.લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

કરાચીવાળા મુલુંડ નિવાસી હાલ વસઇ રજનીકાંત લવજીભાઇ કારિયા (ઉં. વ.૮૬) અવસાન મંગળવાર તા. ૨૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. રાધાબેન લવજીભાઇ કારિયાના પુત્ર. તે ગં. સ્વ. વર્ષા રજનીકાંત કારિયાના પતિ. તે સ્વ. જશોદાબેન પ્રભુદાસભાઇ ભોજાણીના જમાઇ. તે સ્વ. ભાવનાબેન રજનીકાંત કારિયા તથા ભાવના સુનીલ ગોકાણીના પિતા. તે ગં. સ્વ. દીપ્તિના સસરા. તે સ્વ. રસિકભાઇ, સ્વ. વસંતભાઇ, જયંતભાઇ, સ્વ. રમેશભાઇ, શોભના વિજય, ભરતભાઇ તથા સ્વ. અશ્વિનભાઇના ભાઇ. બન્ને પક્ષ તરફથી પ્રાર્થનાસભા તા. ૨૫-૧૦-૨૫ના ૧૦.૩૦થી ૧૨. ઠે. વિશ્વકર્મા હોલ, ડો. બિજુર આઇ ક્લિનિક સામે, વીર સાવરકર નગર, આનંદ નગર, વસઇ (પ), લૌકિક પ્રથા બંધ છે.

**કપોળ**

સથરાવાળા હાલ કાંદીવલી સ્વ. રસિકલાલ ખુશાલદાસ જાંગલાના ધર્મપત્ની લલિતાબેન (ઉં. વ. ૮૭) ૨૧-૧૦-૨૫, મંગળવારે શ્રીજીચરણ પામ્યા છે. તે કેતન, પરિમલ, શિલ્પાના માતુશ્રી. યોગિની, દક્ષા તથા હિતેશ મહેતાના સાસુ. પિયરપક્ષે સ્વ. ત્રિવેણીબેન ચુનીલાલ મહેતા મહુવાવાળાના દીકરી. વિશાલ, નીરેન, જનક, હેમિશાના મોટા સાસુ. તે સ્વ. જગુભાઈ, સ્વ. દૌલતભાઈ, સ્વ. ચુનીલાલ, ચંપકલાલ, સ્વ. રમાબેન, સ્વ. કાંતાબેન, સ્વ. દીનતાબેન, સ્વ. તારાબેન, સ્વ. નિર્મળાબેનના ભાભીની પ્રાર્થનાસભા ૨૪-૧૦-૨૫, શુક્રવારે ૪ થી ૬. સ્થળ: પાવનધામ, મહાવીરનગર, એમસીએ ક્લબની સામે, કાંદીવલી (વે), મુંબઈ-૬૭.

**ભરૂચ દશા લાડ વણિક**

મુંબઈ નિવાસી હરેન્દ્ર વિઠ્ઠલદાસ ગાંધી (પાલેજવાળા) (ઉં. વ. ૮૧) ૨૨-૧૦-૨૫ના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. વિઠ્ઠલદાસ કૃષ્ણવલ્લભદાસના જયેષ્ઠ પુત્ર. અંજનાના પતિ. કપિલેશના પિતા. ચંદ્રિકા કુજુ, લતા તથા સુભાષના ભાઈ. સ્વ. ડાહ્યાભાઈ ઠાકોરલાલ શેઠના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. ઓમકાર સી. કોઓપરેટીવ સોસાયટી, ફ્લેટ નં. ૧૦૩, પહેલે માળે, પ્રભાત કોલોની રોડ, ટીપીએસ-૫ (પાંચ), સાંતાક્રુઝ (પૂર્વ.), મું-૫૫.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મંજુલાબેન શાંતિલાલ મુલજી ચંદેના પુત્ર ચેતન (ઉં. વ. ૫૨) તે વંદનાના પતિ. સ્વ. પ્રેમાબેન મુલજી ચંદેના પૌત્ર ગામ નલિયાવાલા તથા બાલુભાઈ પરષોતમ ચુડાસમા ગામ ડોળાસાવાલાના જમાઈ. તે કાર્તિક તથા રાજના પિતા તથા ભાવેશ, હિરેન, મિતલ નીતિનભાઈ રાવલીયાના ભાઈ. તા. ૨૧-૧૦-૨૫ના રોજ મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫ને શુક્રવારે પવાણી હોલ મહાજન વાડી, આર.આર.ટી. રોડ, મુલુંડ વેસ્ટમાં ૫-૩૦ થી ૭ વાગ્યે. લૌકિક વ્યવહાર બંધ છે. બૈરાઓએ તેજ દિવસે આવી જવું.

ગં. સ્વ. દમયંતીબેન નાનજીભાઈ બારુ (ઠક્કર) હાલ મઝગામ (ઉં. વ. ૮૪) તે સ્વ. મટુબાઈ ખટાઉ કારિયા ગામ અંજાર(લાખાપર) હાલે મુલુંડની પુત્રી. તે સ્વ. રમેશભાઈ, સ્વ. રુખીબેન અને અ. સૌ. ધનલક્ષ્મીબેનના મોટા બહેન તથા ગં. સ્વ. ભગવતીબેન કારિયાના નણંદબા. કિશોરભાઈ, નીતિનભાઈ અને રાજુભાઈના માતુશ્રી. ભાવનાબેન, ઉષાબેન અને સ્વ. અલ્પાબેનના સાસુજી તા. ૨૨-૧૦-૨૫ના રામશરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫ના સાંજે ૫.૩૦-૭ મુલુંડ મહાજન વાડી, (ગ્રાઉન્ડ ફ્લોર) આર.આર.ટી. રોડ.

સ્વ. ભચીબાઈ કાનજી રામજી પલણ (ઠોડા) ગામ અંજાર હાલે મુલુન્ડના સુપુત્ર છોટાલાલ (ઉં. વ. ૮૫) તા. ૨૧-૧૦-૨૫ના રોજ રામશરણ પામેલ છે. તે વાલજી કાનજી કતીરા (વલુભગત)ના મોટા જમાઈ. મનાબેનના પતિ. તે મનોજ, ચેતના, કવિતા, ભાવના, જયશ્રીના પિતાશ્રી. તે મમતા, જયંતકુમાર, વસંતકુમાર, મનિષકુમાર, હરેશકુમારના સસરાજી. તે બીજલ-નિશાંત, સાક્ષી-ઉત્તમ, કિંજલ-જૈનમ, મંથન-મનિષા, માસુમી, દેવાંશી, ખુશીના નાનાશ્રી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫, શુક્રવારના (સાંજે ૫ થી ૭). સ્થળ: પદ્માવતિ બેન્ક્વેટ હોલ, ૫મે માળે, પ્રણવ કોમર્શિયલ પ્લાઝા, એમ. જી. રોડ, શિવસેના ઓફિસની ઉપર, મુલુન્ડ (વેસ્ટ)

**વિરપુર દશાનીમા વણિક**

વિરપુર નિવાસી સ્વ. સૂર્યાબેન નટવરલાલ દેસાઈ હાલ મુંબઈના સુપુત્ર હેમંતકુમાર તે પ્રતિમાબેનના પતિ. સ્વ. સુશીલાબેન ચંદ્રકાન્ત સૂરાના જમાઈ. મૃણાલ તથા પંકિતના પિતાશ્રી. ચંદ્રકાન્તભાઈ, રાજેશના ભાઈ તા. ૨૧-૧૦-૨૫, મંગળવારના મુંબઈ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫, શુક્રવારે સાંજે ૫ થી ૭. સ્થળ: સેવાસદન, ૩૦/૩૧ રમાબાઈ રોડ, ગામદેવી ટેલિ. એક્સચેન્જની સામે, ગામદેવી, મુંબઈ-૪૦૦૦૦૭. ક્રિયાપાણી મુંબઈ મુકામે રાખેલ છે.

**સુરતી દશા લાડ વણિક**

મહેશ ચંપકલાલ વકીલ હાલ બોરીવલી (પૂર્વ) સ્વ. ચંપકલાલ જ. વકીલના સુપુત્ર (ઉં. વ. ૮૭) ૨૨-૧૦-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ચંદ્રાબેન વકીલના પતિ. છાયા, અપર્ણા, ફોરમના પિતાશ્રી. સ્વ. રજનીકાંત, સ્વ. જીતેન્દ્ર વકીલ, ભારતીબેન શાહના ભાઈ. રાજેશ જોષી, ઉત્તમ મુથાના, કલ્પેશ શાહના સસરાજી. આદિત્ય, જય, રિધ્ધિમાનના નાનાજી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કપોળ**

નાના ભંડારીયા-અમરેલીવાળા હાલ વિરાર સ્વ. મોંઘીબેન ઓધવજી પારેખના પુત્ર પુરુષોત્તમદાસ (ઉં. વ. ૮૪) તે જ્યોતિબેનના પતિ. સ્વ. ચુનીભાઈ, સ્વ. મગનભાઈ, સ્વ. મયુરભાઈ, સ્વ. ગોકળભાઈ, સ્વ. શાંતાબેન શાંતિલાલ, સ્વ. કંચનબેન વનમાળીદાસ, સ્વ. અનસુયાબેન મુકુંદરાયના નાનાભાઈ. તે સ્વ. કાંતાબેન, સ્વ. લાભુબેન, સ્વ. પુષ્પાબેનના દિયર. તે વિજય, હિના, મયુર તથા ધર્મેશના પિતા. તે દિપીકા, હેતલકુમાર હકાણી, ભૈરવી, દિપ્તીના સસરા. તે જાફરાબાદવાળા સ્વ. રતિલાલ કરસનદાસ મોતા (દલાલ)ના જમાઈ તા. ૨૨-૧૦-૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. સર્વપક્ષની પ્રાર્થનાસભા તા. ૨૪-૧૦-૨૫ના સાંજે ૪ થી ૬ દરમિયાન શ્રી ગુરુકૃપા હોલ, રેલવે સ્ટેશનની સામે, નાલાસોપારા (ઈસ્ટ). લૌકિક પ્રથા બંધ છે.

**ભરૂચ મોઢ વણિક**

શોભના સુરતી, તે સ્વ. દિલીપ હરીલાલ સુરતીના પત્ની, સ્વ. હીરાબેન અને પુરુષોત્તમ મહેતાના સુપુત્રી, સ્વ. કીર્તિભાઇ મહેતાના બેન, હેમલ અને અલ્પાના માતા, સરેટા અને આશિષ શાહના સાસુ. તા. ૨૨.૧૦.૨૦૨૫ ના રોજ શ્રીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ કલ્યાણપુરવાલા, હાલ મુલુંડના રહેવાસી ગં. સ્વ લક્ષ્મીબેન માધવજી સોમૈયા મંગળવાર, તા.૨૧/૧૦/૨૫ ના રોજ કૈલાસ નિવાસી થયેલ છે. તે ધરમશી કાનજી સોમૈયાની પુત્રવધૂ, તે રશ્મિ, રાજેશ, સ્વ વિદ્યા અને કવિતાની માતા. તે શૈલેષ ગણાત્રા, પરાગ ઠક્કર અને કાશ્મીરાના સાસુ. તે સ્વ.ગોદાવરીબેન તુલસીદાસ રાયકુંડલિયાના પુત્રી, તે સ્વ. જમનાદાસભાઈ, સ્વ. ધનજીભાઈ, સ્વ. સાવિત્રીબેન, સ્વ નવીનભાઈ અને શ્રીમતી. જયશ્રીબેનના બહેન, તે ગં. સ્વ. જસુમતીબેન. તેમની પ્રાર્થના સભા શુક્રવાર, તા.૨૪/૧૦/૨૫ ના રોજ સાંજે ૫ થી ૭ વાગ્યા દરમિયાન કચ્છી લોહાણા મહાજનવાડી આરઆરટી રોડ, મુલુંડ પશ્ચિમ, મુંબઈ ૪૦૦૦૮૦ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં. સ્વ. મંજુલાબેન શાંતિલાલ મુલજી ચંદે(મિતલ કેટરસ)વાળાના પુત્ર ચેતન (ઉ.વ.૫૨) તે વંદનાના પતિ. સ્વ. પ્રેમાબેન મુલજી ચંદેના પૌત્ર ગામ નલિયાવાલા તથા બાલુભાઈ પરષોતમ ચુડાસમા ગામ ડોળાસાવાલાના જમાઈ તે કાર્તિક તથા રાજના પિતા તથા ભાવેશ, હિરેન. મિતલ નિતીનભાઇ રાવલીયાના ભાઈ. તાઃ૨૧/૧૦/૨૦૨૫ ના રોજ મુલુંડ મધ્યે રામશરણ પામેલ છે . તેમની પ્રાર્થનાસભા તાઃ૨૪/૧૦/૨૦૨૫ ને શુક્રવારે પવાણી હોલ મહાજન વાડી આર. આર. ટી. રોડ મુલુંડ વેસ્ટમાં ૫:૩૦ થી ૭:૦૦ વાગ્યે રાખેલ છે લૌકિક વ્યવહાર બંધ છે બૈરાઓ તેજ દિવસે આવી જવું.

**હાલાઇ લોહાણા**

દીપીકાબેન બરછા મંગળવાર, તા. ૨૧-૧૦-૨૫ના શ્રીજીચરણ પામેલ છે (ઉં. વ. ૮૯) જામ ખંભાળિયા નિવાસી સ્વ. શાંતાબેન તથા સ્વ. વંદ્રાવનદાસ ધનજીભાઇ બરછાના પુત્ર ચંદ્રકાંતભાઇ (હાલ મુંબઇ)ના પત્ની. મુકેશભાઇ તથા ભાવેશભાઇના માતુશ્રી. સૌ. નીતાબેન તથા સૌ. રૂપાબેનના સાસુ. પાર્થ, શીતલ, સૌ. કાજલબેન નિર્વિશભાઇ ચોકસી તથા સૌ. કિંજલબેન ઉદિતભાઇ કોટકના દાદીમા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

# પારસી મરણ

જીની દીનશા મિસ્ત્રી તે મરહુમો પીરોજા દીનશા મિસ્ત્રીના દીકરી. તે મરહુમો હીલ્લા, રોશન, ફેની, શેરી, સરોશ, આલુ ને મેનોસના બહેન. તે શીરાઝ ને તનાઝના માસી. તે અસમી ને તુશાદના મોટા માસી. (ઉં. વ. ૯૫) રે. ઠે. વેંકટેશ અંબર, ચોથે માળે, પ્રેસકોટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૫-૧૦-૨૫ને દિને બપોરે ૩.૩૦ વાગે વાચ્છા ફોર્ટ અગિયારીમાં છેજી.

સાઇરસ પેસતનજી દુબાશ તે મરહુમ રોશનીના ધની. તે મરહુમ દોગદો પેસતનજી દુબાશના દીકરા. તે બહાદુર ને શાવકશાના ભાઇ. તે ફરહા ને તીનાના કાકા. તે મરહુમ પેરીન ધનજીશા ગગરાતના જમાઇ. તે યાસમીન બહાદુર દુબાશના દેર. તે મરહુમ હોમી નાદરશા કુપરના ભાણેજ. (ઉં. વ. ૭૫) રે. ઠે. ગોલવાલા બિલ્ડિંગ, બીજે માળે, રૂમ.નં. ૯, ૮મી ખેતવાડી લેન, ખેતવાડી, ગીરગામ, મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૪-૧૦-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, વાચ્છા ફોર્ટ અગિયારીમાં છેજી.

જર નોશીર ભંનદારા તે મરહુમ નોશીરના ધનીયાની. તે મરહુમો ગાયમાય રુસ્તમ હીરામાનેકના દીકરી. તે રશના ને ખુશરૂના માતાજી. તે લોરના ને કામાજીના સાસુજી. તે મરહુમો મેહર, મીનુ, અદી, પરવેઝના બહેન. તે અમાહ ને રુશદના મમઇજી. તે મોલી ને જેહના બપઇ. તે મરહુમો ગુલા ખુશરુ ભંદારાના વહુ. (ઉં. વ. ૯૫) રે. ઠે. એમ-૧, ૪૩, કામા પાર્ક, કામા રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૪-૧૦-૨૫ના બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોડીવાલા બંગલીમાં છેજી.

# મુસ્લિમ મરણ

**દાઉદી બોહરા**

એલિઝા મોહમ્મદભાઇ હરારવાલા તે મુલ્લા તાહેરભાઇ ઝવેરીના બૈરો.નુરુલૈન, નૌનિહાલ, નિશરીન અને શિરીનના મા સાહેબા. યુસુફભાઇ અત્તરવાળા, શબ્બીરભાઇ રંગવાલા, ઝોહરભાઇ ચિનીકમવાલા અને ફૈઝલભાઇ હરિયાણાવાલાના સાસુ. મંગળવાર, તા. ૨૧ ઓક્ટોબર, ૨૫ના રોજ કેલિફોર્નિયા, યુએસએમાં ગુજરી ગયા છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મેટિની

કવર સ્ટોરી

હેમા શાસ્ત્રી

# એ હંમેશાં રહ્યા સંવાદ ને સીન સમ્રાટ...!


**પુણે ફિલ્મ ઈન્સ્ટિટ્યૂટના ગોલ્ડ મેડલિસ્ટ હોવા છતાં ગોવર્ધન અસરાનીએ સંઘર્ષનો પહાડ ઊંચકી પોતાની અલગ કેડી કંડારી સફળતા મેળવી હતી.**



'ગુડ્ડી'માં હીરોના અરમાન



'શોલે'ના અવિસ્મરણીય જેલર



'ખટ્ટા મીઠા'માં શેઠ કરોડીમલ

અસરાની એટલે કે ગોવર્ધન અસરાનીની પ્રમુખ ઓળખ કોમેડિયનની છે અને વિશેષ કરીને 'શોલે'ના 'હમ અંગ્રેઝોંકે ઝમાને કે જેલર હૈ' ડાયલોગ બોલતા મૂર્ખ શિરોમણી લાગતા જેલરની.

કલાકારને વ્યાખ્યાના પિંજરામાં કે વાડામાં પૂરી દેવાની હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીની ખાસિયત રહી છે. અસરાની એમાં અપવાદ નહોતા. જોકે, ગંભીર (અથવા વિનોદી નહીં એવા) રોલથી શરૂઆત કરી અભિનેતાએ એક ઉચ્ચ કોટિના કોમેડિયન તરીકે પોતાને સિદ્ધ કર્યા એ હકીકત કોઈ નહીં નકારી શકે. પાંચ દાયકા સુધી હિન્દી - ગુજરાતી ભાષાની ૩૫૦થી વધુ ફિલ્મો કરનારા આ કલાકારે હાસ્ય અને હાસ્ય નિપજાવવાની આવડતની પરંપરા નિર્માણ કરી છે. લીડ રોલ, સહાયક અભિનેતા અને કોમેડી રોલમાં એ હંમેશાં વજનદાર સાબિત થયા છે. ચેનચાળા કર્યા વિના પણ હસાવી શકાય એ તેમની આવડત વિશેષતા...ફિલ્મોમાં અસરાનીનું મહત્ત્વ એમની ભૂમિકા પૂરતું મર્યાદિત નથી રહ્યું, તેમણે સિચ્યુએશન કોમેડીના વિકાસમાં પાયાનું કામ કર્યું અને પોતાની આવડતથી યુવાન કલાકારોનું માર્ગદર્શન કર્યું. એક્શન હીરો પછી અક્ષય કુમારએ કોમેડી ફિલ્મોમાં પણ સફળતા મેળવી એની માટે તેણે સંપૂર્ણપણે પહેલી કોમેડી ફિલ્મ (હેરાફેરી)અસરાની સાથે કરી એ નિમિત્ત હશે એમ માનવાને મન થાય છે. ફિલ્મના સંવાદ અને સીનને કારણે સ્મૃતિમાં જળવાઈ રહેલા અસરાનીના વિવિધ રોલની એક ઝલક.

## ગુડ્ડી:

કારકિર્દીની પહેલી જ ફિલ્મ. ફિલ્મમાં અસરાનીએ રોલ મેળવવા ફાંફાં મારતા એક યુવાનનો રોલ કર્યો છે. મજેદાર વાત એ છે કે રિયલ લાઈફમાં પણ આ ફિલ્મમાં કામ મેળવવા અસરાનીએ ઋષિદાને રીતસર આજીજી કરવી પડી હતી. જોકે, ચિત્રપટમાં અસરાનીનું પાત્ર કુંદન હીરો બનવાને બદલે એક્સ્ટ્રા કલાકાર બની જાય છે, જ્યારે વાસ્તવિક જીવનમાં 'ગુડ્ડી' રિલીઝ થયા પછી અભિનેતાએ સફળતાનાં શિખરો સર કર્યા હતા. પહેલી જ ફિલ્મમાં હીરો બનવાના સપનાં આંજીને ફરતો, ફાંકા ફોજદારી કરતો યુવાન અને ફિલ્મમાં એક્સ્ટ્રાનો રોલ કરતો 'પકડાઈ' જાય છે ત્યારે વિવશતા, લાચારી એ બે અંતિમ છેડાની લાગણી આબાદ ઉપસાવી 'આ છોકરો સારો અભિનેતા છે' એવું લેબલ મેળવવામાં સફળતા મળી. 'ગુડ્ડી'ની સફળતાએ અસરાનીની ઝોળીમાં નવ ફિલ્મ પધરાવી દીધી હતી.

## શોલે- રફુચક્કર - ચુપકે ચુપકે:

૧૯૭૫નું વર્ષ અસરાનીની કારકિર્દીનું મહત્ત્વનું વર્ષ સાબિત થયું. મુખ્યત્વે 'શોલે' અને 'રફુચક્કર'માં અને અમુક અંશે 'ચુપકે ચુપકે'માં અસરાની એક કાબેલ કોમેડિયન તરીકે સ્થાપિત થયા. 'હમ અંગ્રેજોકે જમાને કે જેલર હૈ' તેમ જ 'આધે ઉધર જાઓ, આધે ઈધર જાઓ ઔર બાકી હમારે સાથ આઓ' જેવા ઝાલર ધરાવતા સંવાદથી આપબડાઈથી ગ્રસ્ત પણ વાસ્તવમાં મૂર્ખ લાગતા જેલરના રોલથી 'કોમેડી હો તો અસરાની જૈસી' એવી માન્યતા બની ગઈ હોય તો નવાઈ નહીં. 'શોલે'નો રોલ સંવાદ અને સીનનો સમજદારીપૂર્વક સમન્વય કેવું પ્રભાવી પરિણામ લાવી શકે છે એ સિદ્ધ થાય છે. જોકે, 'શોલે'ની પહેલા રિલીઝ થયેલી 'રફુચક્કર'નો પણ ખાસ ઉલ્લેખ કરવો જોઈએ.

નરેન્દર બેદી દિગ્દર્શિત આ ફિલ્મમાં રિશી કપૂર અને પેન્ટલ મુસીબતથી બચવા સ્ત્રી વેશ ધારણ કરી અસરાની (કનૈયાલાલ ચતુર્વેદી)ના ગર્લ્સ બેન્ડમાં જોડાઈ જાય છે. પહેલી નજરે અસરાનીનું પાત્ર નેગેટિવ લાગે, કારણ કે છોકરીઓની પસંદગી કરતી વખતે તેમના શરીર વિશે કોમેન્ટ કરી તેમની જાતીય સતામણી કરતો હોય એવી છાપ ઊપસે છે. જોકે, દર્શકોને ખબર છે કે દેવી (રિશી કપૂર) અને સલમા (પેન્ટલ) સ્ત્રી નહીં, પુરુષ છે, પણ શ્રીમાન ચતુર્વેદી આ વાતથી અજાણ છે. એક પુરુષ બીજા પુરુષ પાછળ લટ્ટુ થાય એવી પરિસ્થિતિને કારણે કોમેડી સર્જાય છે જે દર્શકોને મોજ કરાવે છે. વિલનની છાંટવાળો વિનોદી રોલ અસરાનીએ એવો ખૂબીથી નિભાવ્યો કે એને માટે 'બેસ્ટ કોમેડિયન'નું નોમિનેશન મળ્યું હતું. અલબત્ત, 'શોલે' માટે પણ આ જ વિભાગમાં નામાંકન થયું હતું. એક જ વર્ષમાં બે ફિલ્મ માટે 'બેસ્ટ કોમેડિયન'નું નોમિનેશન મેળવવાની અનોખી સિદ્ધિ એના નામે થઈ હતી.

'ચુપકે ચુપકે'માં રમૂજનો હિસ્સો ઓમ પ્રકાશ, ધર્મેન્દ્ર, અમિતાભ બચ્ચન અને અસરાની વચ્ચે વહેંચાઈ ગયો છે અને અસરાનીના ફાળે નજીવો હિસ્સો આવ્યો હોવા છતાં પ્રશાંતનું પાત્ર તેણે એવું આબાદ ભજવ્યું છે કે અમિતજીના અફલાતૂન કોમેડી સીનમાં પણ અસરાનીની હાજરી વર્તાય છે.

## આજ કી તાજા ખબર:

૧૯૭૫ની ત્રણ ફિલ્મોએ અસરાનીનો કોમેડિયન તરીકે ધ્વજ લહેરાવ્યો એ ખરું, પણ એનામાં એક ઉત્તમ કોટિના વિનોદી કલાકાર બનવાના ગુણ ઠાંસોઠાંસ ભર્યા છે એનો પહેલો પરિચય 'આજ કી તાજા ખબર' ફિલ્મમાં થયો હતો. મૂળરાજ રાજડા લિખિત ગુજરાતી નાટક 'ચકડોળ' પર આધારિત આ હિન્દી ફિલ્મમાં અસરાનીએ નકલી ચંપક ભૂમિયાનો રોલ કરી દર્શકોને ખડખડાટ હસાવ્યા હતા. સ્લેપસ્ટિક નહીં બલ્કે સિચ્યુએશન કોમેડી (ચેનચાળા પ્રેરિત વિનોદ નહીં, પણ પરિસ્થિતિજન્ય રમૂજ)માં આ કલાકાર ખીલી ઊઠશે એવી માન્યતા ત્યારે બંધાઈ ગઈ હશે.

## અમર અકબર એન્થની:

લંબાઈની દ્રષ્ટિએ નાનકડા પણ પરફોર્મન્સમાં જોરદાર એવા આ રોલનો ભાગ્યે જ ઉલ્લેખ થાય છે. અમિતાભ બચ્ચન અને રિશી કપૂર જેવા ખમતીધર અભિનેતાની હાજરીમાં પણ અસરાની પ્રભાવ પાડી સ્મરણમાં રહી જાય છે એ કલાકારની કાબેલિયતનું જ્વલંત પ્રમાણપત્ર છે. ફરી એક વાર સ્લેપસ્ટિક નહીં, પણ સિચ્યુએશન કોમેડીમાં અસરાની માહેર છે અને એમાં એ ખીલી ઊઠે છે એ સિદ્ધ થાય છે.

## પ્રિયદર્શનની ફિલ્મો:

૧૯૯૦ના દાયકામાં 'મુસ્કુરાહટ', 'ગર્દિશ' અને 'વિરાસત' જેવી ફિલ્મો આપનારા અને મુખ્યત્વે મલયાલમ ફિલ્મો બનાવનારા પ્રિયદર્શનએ એકવીસમી સદીના પ્રથમ દાયકામાં 'હેરાફેરી'થી શરૂ કરી મજેદાર અને યાદગાર કોમેડી ફિલ્મો બનાવી. અસરાની એમની ફિલ્મોનો અભિન્ન હિસ્સો રહ્યા. તેમણે દરેક ફિલ્મમાં દર્શકોને પેટ પકડીને હસાવ્યા, જેમાંથી 'ખટ્ટામીઠા' ફિલ્મ પરિસ્થિતિજન્ય વિનોદનું બેમિસાલ ઉદાહરણ ફરી એક વાર પૂરું પાડે છે. ફિલ્મમાં અસરાનીએ વેપારી શેઠ કરોડીમલનું પાત્ર સાકાર કર્યું છે. આ એવો વેપારી છે જેના જીવનમાં પૈસા સિવાય કોઈ પણ બાબત જેમ કે કોઈની બીમાર માતા કે કોઈની બહેનનાં લગ્ન માટે માંગેલી આર્થિક મદદ વગેરે બાબત ક્ષુલ્લક ગણાય છે. માત્ર ત્રણ ટેકમાં લેવામાં આવેલા સાડા ચાર મિનિટના સીનમાં અસરાની સંવાદની કમાલ સાથે સીનને એવી રીતે પેશ કરી શક્યા છે કે સિચ્યુએશનને કારણે પેદા થતી રમૂજ ખડખડાટ હસાવે છે. ૩૭ વર્ષ પછી પણ એક્ટરનો જાદુ ઓસર્યો નથી એ સાબિત થાય છે.

આવતા વર્ષે એમની રિલીઝ થનારી ફિલ્મો 'ભૂત બંગલા' અને 'હૈવાન'માં પણ અસરાનીની હાજરી છે. આ ફિલ્મો તમે જોશો ત્યારે એક્ટરની પડદા પરની હાજરીના પ્રભાવથી તમે મુક્ત નહીં રહી શકો એ અસરાનીની ગેરંટી છે - એલઆઇસીના પ્રખ્યાત સ્લોગનની જેમ 'જિંદગી કે સાથ ભી, જિંદગી કે બાદ ભી.'ની વાત અસરાનીજીએ પોતાની અંતિમ વિદાય પછી પણ આજે યર્થાત સાબિત કરી છે. ■

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# ...સુખી ક્યારથી? તમે સ્વીકારો ત્યારથી!

સિંહના પગલાએ જાણે વકીલનું કામ કર્યું. કહે છે કે ખોટી વાત ફેલાવવા માણસો નથી રાખવા પડતાં પણ સાચી વાત સાબિત કરવાં વકીલ રાખવો પડે. આ સિંહનાં પગલા સાચું સાબિત કરતું હતું કે નક્કી સિંહ,વાઘ કે દીપડો અહીંથી પસાર થઈ રેતી ઉપર પોતાની છાપ છોડતો ગયો હોવો જોઈએ. આ નિશાન પાછા રજનીબહેનની રૂમની બહાર જ દેખાયાં. હિમ્મત બતાવનારા રજનીબહેન 'પગલાં' જોઇને 'પાગલ' જેવા થઈ ગયાં અને જીદ લીધી કે 'મને એકલી ન રાખો. સિદ્ધાર્થ પોતાનાં કુટુંબ સાથે રહેવાનો હતો. નક્કી એમ થયું કે હું જતીન સાથે રહું અને ત્રીજો બેડ નંખાવી રજનીબહેન અમારી સાથે રહે. બીજો કોઈ અવકાશ નહોતો. સિદ્ધાર્થ એમને અવગણતો હોય એવું રજનીબહેનના 'ટોન' પરથી લાગ્યું. જે ગ્રુપની જવાબદારી લઈને બેઠો હોય એ 'બોજ' શું છે તે પણ જાણતો હોય છે. રજનીબહેનની જીદ બરાબર હતી, પણ એમની પહેલાની ખુમારી 'પગલાં' પછી ભૂલાય ગઈ. છેવટે એમણે ઉપરોક્ત મુજબની વ્યવસ્થા સ્વીકારી લીધી. બીજા શબ્દોમાં તમે સુખી ક્યારથી? તમે સ્વીકારો ત્યારથી...!

બપોરનું લંચ લઈ, દોઢેક કલાક વામકુક્ષી કરી બધા ફરી નિકોલસનની કોમ્બીમાં, કીકોરોક હોટલના ગાઈડ સાથે રાઈડ પર નીકળી પડ્યાં. કેટલાંય પશુ- પક્ષીઓ નિહાળતાં ગયા અને કેમેરામાં કેદ કરતાં ગયાં. એ પશુ-પક્ષીઓનાં નામો અમે તો કોઈ જાણતા નહોતા, પણ ગાઈડ બોલતો હતો એ પલ્લે નહોતું પડતું. પસાર થતાં એક કોમ્બીવાળાએ કહ્યું કે આગળ એક લાયન-ફેમિલી બેઠું છે. અમે એ દિશાભણી વળ્યાં. થોડે દૂર કોમ્બી ઉભી રાખી. હુડ ઉપર કરી એ અફલાતુન ફેમિલીના ફોટા પાડતા રહ્યાં. સિદ્ધાર્થની પત્ની તો કોમ્બીમાથી બહાર નીકળી, જેથી ફોટો બરાબર ક્લિક કરી શકાય. ત્યાં તો સાયરનનાં અવાજ સાથે પોલીસ જીપ આવી પહોંચી અમને ચીમકી આપી : 'અંદર' કરી દેવાની ! અમે કલાકારો છીએ એ જાણ્યાં પછી સંગીત પ્રેમી એ પોલીસે ચેતવણી આપી જવા તો દીધા, પણ બધા ગભરાય ગયા હતાં. ત્યાં એવું કનેક્શન હોવું જોઈએ કે જંગલમાં પગ મૂકો કે તરત સાયરન વાગવા માંડે. બધાએ નક્કી કરી લીધું કે આવું પગલું બીજીવાર ન ભરવું નહીંતો અજાણ્યાં શહેરમાં 'અંદર'થઈ જતાં વાર નહી લાગે. આ બનાવ પછી થયું કે ત્યાંના લોકલ માણસોનું કહેવું માનવું જોઈએ. તમે તમારી મનમાની આમાં શું થવાનું? ન કરી શકો. સંબંધોની રસ્સી નબળી ત્યારે જ થાય છે જયારે માણસ ગેરસમજ ઊભી થતાં સવાલોના જવાબો પોતે નક્કી કરી લે છે.

ખેર! હોશિયાર હોવું એ સારી વાત છે, પણ બીજાને બેવકૂફ સમજવા સૌથી મોટી મૂર્ખાઈ છે એ વાત બધાને સમજાય ગઈ. એ પછી તો હુડ ઊંચું કરી લાયન-ફેમિલીની બધી એક્ટિવીટી જોયા કરી. સિદ્ધાર્થે આ અનુભવ પછી વાઈફને તો ઠપકો આપ્યો જ જેના પરથી અમે પણ પાઠ ભણ્યાં. રૂપ ભલે રોજ મેલું થાય પણ સ્વરૂપ ક્યારેય મેલું ન થવું જોઈએ. હોટલ પરથી અપાયેલ શિખામણને ધ્યાનમાં લેવી જોઈતી હતી. પોતાની હોશિયારી આપણા દેશ પૂરતી સીમિત રાખી અહીંયા એમની 'લોકલ સલાહ' માનવી જોઈએ. શિખામણ સત્ય છે જે લોકો સાંભળતા નથી અને વખાણ દગો છે જે પૂરા ધ્યાનથી સાંભળે છે.

'હું એકલી સૂઈ જઈશ' કે 'કોમ્બીમાંથી બે મિનિટ ઊતરો તો શું થવાનું?' આવી વાતો માટે ભલે કોઈ વખાણ પણ કરી ગયું હોય પણ એ બોદી જ પુરવાર થઈ.

અમે અભયારણ્યમાં ઘણું ફર્યા. સસલા,હરણાં, હાથીના ટોળા.નાના તળાવમાં પડેલા હિપોપોટેમસ અને મગરોનાં 'માળ' (એક ઉપર એક) કિનારે પડેલા જોયાં. ટાઈગરની જગ્યા પણ એક કોમ્બીવાળાએ બતાવી પણ અમે કાં તો મોડા પડ્યાં અથવા ખોટી જગ્યાએ પહોંચ્યા, જે અમારા ત્રણની મસાઈમારા જોવાની તાલાવેલી હતી એ પૂરી તો થઈ એટલે અમે તો રાજી-રાજી હતાં.

હવે આ પ્રાણીઓના સાનિધ્યમાંથી નીકળવાનો (હોટલના નિયમ મુજબ) ટાઈમ થવા આવ્યો હતો. વાઘ કે સિંહ, કોઈ સસલા કે હરણનો શિકાર કરતો હોય જેને ત્યાં કિલ કહે છે એ જોવા ન મળ્યું. હોટલમાંથી તો અમને કહેતા હતા કે 'ઓલ ધી બેસ્ટ ટુ સી કિલ, પણ અફસોસ.. હાથીઓના ઝુંડ નાં ઝુંડ જોયા. મોટા, નાના, એનાથી નાના મદનીયા... આખી લંગાર જોઈ. ખૂબ મજા પડી.

હવે હોટલ પર જઈ ડિનર લેવાનું હતું. એ પહેલા ત્યાંનાં 'ડિસ્કો-બાર'માં એન્જોય પણ કરવાનું હતું. સવારે ફરી નૈરોબી માટે નીકળવાનું હતું. ત્યાં બાકી રહેલાં શો પૂરા કરવાના હતા.

અમારા ત્રણ પર તો આ મસાઈમારા એટલે પ્રભુકૃપા. પ્રભુકૃપાનો અર્થ એ નથી કે તમારી ઇચ્છા પૂરી જ થાય પણ એ પૂરી થાય અને સમય કેમ વીતી જાય એની ખબર પણ ન પડે.

મુદ્દઈ લાખ બુરા ચાહે તો ક્યા હોતા હૈ,<br>
વહી હોતા હૈ જો મંજૂરે ખુદા હોતા હૈ !

જઈશું કે નહીં જવાય? એ અસમંજસ દૂર થઈ અને અમારી ટુર જાણે ફળી.! ■

ડબલ રિચાર્જ

*ભોપો મિત્ર આગળ ફરિયાદ કરતાં બોલ્યો*

*ભોપોઃ મારા અને વાઈફના વિચારો મળતા જ નથી.*

*મિત્રઃ કેમ શું થયું?*

*ભોપોઃ મારે વેકેશનમાં ગોવા જવું છે, બીચ ઉપર ફરવું છે, કેસિનોમાં રમવું છે અને ફેની પીને પડ્યા રહેવું છે...*

*મિત્રઃ તે તારી વાઈફને ક્યાં જવું છે?*

*ભોપોઃ એને મારી સાથે આવવું છે.*

ફ્લેશ બૅક
હેન્રી શાસ્ત્રી

# સંજીવ કુમારની ‘બહેન’ મધુમતીનાં નૃત્ય સંભારણાં છે

## વેસ્ટરનાઈઝ્ડ તેમ જ શાસ્ત્રીય નૃત્યોમાં પારંગત એવી આ નૃત્યાંગનાએ ફિલ્મોમાં કામ કર્યા પછી અનેક કલાકારને ડાન્સ કરતા શીખવ્યું પણ ખરું...

સિને રસિકોમાં મધુમતી નામથી ઓળખ ધરાવતી નૃત્યાંગનાનો જન્મ પારસી પરિવારમાં મહારાષ્ટ્રના એક નાનકડા ગામમાં થયો હતો. ન્યાયાધીશની દીકરી અને વિખ્યાત ક્રિકેટ અમ્પાયર પીલુ રિપોર્ટરની બહેન મધુમતીનું નામ હુતોક્ષી રિપોર્ટર હતું. નાનપણથી જ નૃત્ય માટે લગાવ હતો. પિતાના પ્રોત્સાહનથી હુતોક્ષીએ કથક, ભરત નાટ્યમ અને મણિપુરી શૈલીનાં નૃત્યો શીખી લીધાં. ગુજરાતી-હિન્દી ફિલ્મોના દિગ્દર્શક ધીરુભાઈ દેસાઈ એક કાર્યક્રમમાં હુતોક્ષીનું નૃત્ય જોઈ પ્રભાવિત થયા અને હીરોઈનના રોલ માટે ઓફર કરી. જોકે, નૃત્ય માટે હા પાડનારા પિતાશ્રી દીકરી ફિલ્મોમાં કામ કરે એ મંજૂર નહોતું. અંતે ખૂબ સમજાવટ પછી ધીરુભાઈની ‘હરિશ્ચંદ્ર’ (૧૯૫૮) ફિલ્મમાં એક નૃત્ય ગીત માટે મંજૂરી આપી. બાળકોની ફિલ્મ ‘ઝમીં કે તારે’ (૧૯૬૦)માં ડિરેક્ટર ચંદુલાલ શાહે હુતોક્ષીનું પડદા પર નામ મધુમતી પાડી દીધું. ફિલ્મમાં મધુમતીએ ડેઝી ઈરાનીની સાવકી માતાનો રોલ કર્યો હતો. અલબત્ત, મધુમતીને અભિનય માટે ઓછી, નૃત્ય માટે વધુ દિલચસ્પી હતી.

૧૯૬૦માં જ મધુમતીને ‘તીર ઔર તલવાર’ ફિલ્મમાં નૃત્ય કરવાનો મોકો મળ્યો. મધુમતીને આ ફિલ્મ પછી નિયમિતપણે ડાન્સરના રોલ મળવા લાગ્યા. ૧૯૬૦ના દાયકામાં તેણે હિન્દી ઉપરાંત ત્રીસેક પંજાબી ફિલ્મ તેમજ ગુજરાતી, મરાઠી, ભોજપુરી તેમજ સાઉથની ફિલ્મોમાં સપાટો બોલાવી દીધો. સોલો ડાન્સ ઉપરાંત હેલન, લક્ષ્મી છાયા અને કથક નૃત્ય શૈલીના મહારથી ગોપી કૃષ્ણ સાથે યુગલ નૃત્ય પણ કર્યા અને દરેક વખતે ધ્યાન ખેંચવામાં અને નજરમાં વસી જવામાં સફળ રહી હતી.

હેલન સાથેનું મધુમતીનું સૌથી યાદગાર ગીત છે ‘હુઝુરેવાલા, જો હો ઈજાઝત...’ આ ફિલ્મ આવી ત્યારે હેલન એક કુશળ નર્તકી તરીકે પંકાઈ ગઈ હતી, જ્યારે મધુમતીના પગ જામી રહ્યા હતા. ગીતની શરૂઆત હેલન અને એક ગિટારવાદકથી થાય અને મજાની વાત એ છે કે એ ગિટારિસ્ટ મધુમતીનો વાસ્તવિક જીવનનો પતિ મનોહર દીપક છે. હેલન પછી મધુમતીની એન્ટ્રી થાય છે અને શરૂ થાય છે યુગલગીત. અલબત્ત, ડાન્સમાં હેલન એક વેંત આગળ છે, પણ મધુમતી પણ ‘હમ કિસીસે કમ નહીં’ સિદ્ધ કરે છે. પ્રદીપ કુમાર અને બીના રાયની ‘તાજ મહલ’માં પણ હેલન સાથે એક યુગલ ગીત છે ‘ના ના ના રે ના ના, હાથ ના લગાના’ (સુમન કલ્યાણપુર, મીનુ પુરુષોત્તમ) પણ આ છેડછાડ ગીતમાં મધુમતી યુવક તરીકે છે અને હેલન યુવતી છે. ‘નાઈટ ઈન લંડન’ ફિલ્મમાં બે ડ્યુએટ કેબ્રે સોંગ છે, જેમાંથી એક હેલન ઓર અને બીજું ‘નાઈટ ઈન લંડન, ઝુલ્ફોં કી કહાની હૈ જન્નત કી નિશાની હૈ’ મધુમતી અને એક પુરુષ ડાન્સર પર ફિલ્માવાયું છે. અને હા, ‘પગલા કહીં કા’ કેમ ભૂલાય? ફિલ્મમાં શમ્મી કપૂર સાથે ટાઇટલ સોંગ (લોગ કહે મુજે પગલા કહીં કા)માં હેલનનો ડાન્સ છે, પણ સ્ટોરીમાં એવો વળાંક આવે છે કે હેલન પ્રેમ ચોપડા સાથે ખુરસીમાં બેઠી હોય છે અને મધુમતી કેબ્રે સોંગ ‘સુનો જિંદગી ગાતી હૈ’ (આશા ભોસલે) પરફોર્મ કરે છે. મધુમતીની વધતી જતી લોકપ્રિયતા અહીં દેખાય છે.



મધુમતી અને ‘હુઝુરેવાલા જો હો ઈજાઝત’માં હેલન સાથે

વેસ્ટર્નાઈઝ્ડ સોંગ કરનારી મધુમતીએ તક મળી ત્યારે ભારતીય નૃત્યમાં પણ નૃત્યાંગના તરીકે પોતાના કસબ - કલા દેખાડ્યા હતા. શાસ્ત્રીય નૃત્યોમાં પારંગત ગોપી કૃષ્ણજી સાથે એના બે નૃત્ય એના શ્રેષ્ઠ ઉદાહરણ છે. બંને ગીત ૧૯૭૨ની ફિલ્મોના છે. એક છે ‘હમરાઝ’નું ‘ના મુહ છુપાકે જીઓ ઔર ના સર ઝુકા કે જીઓ’ (મહેન્દ્ર કપૂર). આ ગીત મુખ્યત્વે સુનીલ દત્ત પર ચિત્રિત કરવામાં આવ્યું છે, પણ મધુમતી અને ગોપી કૃષ્ણ અને અન્ય નર્તકો નૃત્ય કરતા નજરે પડે છે. બીજું ગીત છે ‘અન્નદાતા’નું ‘ઓ મેરી પ્રાણ સજની ચંપાવતી તુ આજા’ (કિશોર કુમાર, સબીતા ચૌધરી). ગ્રામ્ય પરિવેશના આ નૃત્ય ગીતમાં ગોપી કૃષ્ણની હાજરીમાં મધુમતી જરાય ઓછી નથી ઊતરતી એ એની કાબેલિયતનું પ્રમાણપત્ર છે.

રાજેન્દ્ર કુમાર - શર્મિલા ટાગોરની ‘તલાશ’ ફિલ્મના ગીતની વાત બડી મજેદાર છે. ‘તેરે નૈના તલાશ કરેં જિસે’ (મન્ના ડે) ગીતમાં મધુમતીએ શાસ્ત્રીય ઢબનો ખૂબસૂરત ડાન્સ કર્યો છે. આ ગીત માટે એની બહુ પ્રશંસા કરવામાં આવી હતી. ફિલ્મ જ્યારે ઈન્ટરનેશનલ ફિલ્મ ફેસ્ટિવલમાં મોકલવામાં આવી ત્યારે સંચાલકો મધુમતીના નૃત્યથી એટલા પ્રભાવિત થાય કે ફિલ્મનું ફક્ત એ ગીત આર્કાઈવ્ઝમાં સંઘરી રાખી મૂક્યું. એનાથી મધુમતીની પ્રતિભા અનેક લોકોના ધ્યાનમાં આવી હતી.

હિન્દી ફિલ્મોમાં સંજીવ કુમારનું સ્થાન મજબૂત બન્યું એ પહેલા તેમણે કેટલીક ગુજરાતી ફિલ્મો કરી હતી. એક હતી ‘કલાપી’માં હરિભાઈએ રાજવી સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ ‘કલાપી’નો ટાઈટલ રોલ કર્યો હતો. ફિલ્મમાં રાજવીને રીઝવવા દરબારમાં એક નૃત્ય પેશ થાય છે જે મધુમતીએ કર્યું હતું. પોણા ચાર મિનિટના આ નૃત્ય ગીતમાં મધુમતી કાબેલ નૃત્યાંગના છે એ સિદ્ધ થાય છે. એટલું જ નહીં, સંજીવ કુમારના સ્વરૂપમાં ભાઈ મળ્યો અને મધુમતી દર વર્ષે તેમને રાખડી બાંધતી હતી. એવી જ રીતે ‘મુજે જીને દો’ (૧૯૬૩)ના ‘મોકો પિહર મેં મત છેડ રે બાલમ, ઘર લે ધીર જિગરીયા મેં’ નૃત્યગીત કર્યા પછી સુનીલ દત્ત - નરગીસ સાથે ઘરોબો કેળવાઈ ગયો હતો અને દત્ત સાહેબને પણ મધુમતી કાયમ રાખડી બાંધતી હતી. નરગિસજીને એને માટે મમત્વ હતું અને સુનીલ દત્તનું ‘અજંતા આર્ટ્સ’ ટ્રુપ દેશભરમાં પરફોર્મ કરતું એમાં મધુમતી અને એના પતિનો સહભાગ રહેતો હતો. નરગિસજીના કહેવાથી જ પોતે ડાન્સર મનોહર દીપક સાથે લગ્ન કર્યા હોવાનું મધુમતીએ એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું. લગ્ન થયાં ત્યારે મધુમતીની ઉંમર હતી ૧૯ વર્ષ અને મનોહર દીપક વિધુર હતો અને એને ચાર બાળક હતાં. જોકે, મધુમતીએ પતિના ચારેય બાળકોને અપનાવી એમના ઉછેરમાં ઓતપ્રોત થઈ અને પોતે પણ માતૃત્વ ધારણ કર્યું અને બધા બાળકોની જવાબદારી સુપેરે નિભાવી.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ‘આવજો’ કહી દીધા પછી મધુમતીએ પોતાની ડાન્સ એકેડમી શરૂ કરી હતી, જેમાં ગોવિંદા અને અક્ષય કુમારે નૃત્યની તાલીમ લીધી હતી. અક્ષય કુમારે તો એનો જાહેરમાં ઋણ સ્વીકાર પણ કર્યો હતો. નૃત્યને કારકિર્દી બનાવ્યા પછી શેષ જીવન પણ નૃત્યને સમર્પિત કરનારી મધુમતી કાયમ સ્મરણમાં રહેશે.

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# મિશન માઈક્રો...

## ૨ મિનિટ માઈક્રો ડ્રામા, એક સ્ક્રોલ મેં હાજીર!

વર્ષો સુધી બોલિવૂડ એટલે સિનેમા હોલ, મોટી સ્ક્રીન, ગીતો, ડાન્સ, લવ સ્ટોરી અને ફૂલ એન્ટરટેઇનમેન્ટ.... પણ આજે એક નવું સ્ટેજ છે, આપણા હાથમાંની મોબાઈલની નાની ઊભી સ્ક્રીન. ના, આ કંઈ OTT કે વેબ સિરીઝની વાત નથી. એને તો દાયકો થઈ ગયો. વાત છે નવા ધમાકેદાર ટ્રેન્ડની. એ ટ્રેન્ડ એટલે વર્ટિકલ માઇક્રો ડ્રામા.

આ માઈક્રો ડ્રામા એટલે એકદમ ટૂંકા એપિસોડ્સની સિરીઝ. તેમાં એક એપિસોડ ફક્ત એકથી ત્રણ મિનિટમાં જ પૂરો થઈ જાય!

વાર્તા એવી કે પહેલી ૧૦-૧૫ સેકન્ડમાં જ તમને ખેંચી લે અને અંતે એવું ટ્વિસ્ટ કે આગળનો એપિસોડ જોવાની ઉત્સુકતા જાગે. આજના ભાગદોડભર્યા સમયમાં કોઈ પાસે લાંબી સિરીઝ કે ફિલ્મ જોવા જેટલો પણ કદાચ સમય નથી એટલે એક-બે મિનિટની રીલ્સ હિટ છે અને ફોરવર્ડ થાય છે. એમાંથી જ જન્મ થયો છે આ વર્ટિકલ માઈક્રો ડ્રામાનો.



‘અનમેચ્ડ’ ભારતની પહેલી મોટી વર્ટિકલ માઇક્રો ફિક્શન સિરીઝ બની


ભારત જેવા દેશમાં, જ્યાં ૭૫ કરોડથી વધુ લોકો સ્માર્ટફોન વાપરે છે ત્યાં આ ફોર્મેટ ધમાલ મચાવી રહ્યું છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સ, યુટ્યૂબ શોટ્સ, મોજ અને જોશ જેવા પ્લેટફોર્મે પહેલાં સામાન્ય યુવકો અને યુવતીઓને ડાન્સ અને કોમેડી થકી કન્ટેન્ટ ક્રિએટર બનાવી દીધા. હવે એમને રોમેન્ટિક, થ્રિલર કે ઇમોશનલ ટૂંકી સિરીઝ અલગ-અલગ સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ્સ પર બનાવી રહ્યા છે. ફક્ત ક્રિએટર્સ જ નહીં, કુકુ ટીવી, વાઈરલો જેવા ફક્ત માઈક્રો ડ્રામાના જ પ્લેટફોર્મ્સ ભારતમાં મહિનાની ૨૫-૩૦ જેટલી સિરીઝ ઓડિયન્સને આપી રહ્યા છે.

આ માઇક્રો ડ્રામાની દુનિયા ફક્ત ભારતમાં જ નથી ફૂલી રહી. અમેરિકામાં માઇક્રો સિરીઝને કરોડો લોકો ફોલો કરે છે.

ચીનમાં તો આ માટે આખા ગામ તૈયાર થઈ ગયા છે. જિઆંગસી પ્રાંતના ઝોંગટોંગ નામના ગામમાં ૧૨૦ થી વધુ ઈન્ડોર સેટ છે, જ્યાં રોજ સેકડો વર્ટિકલ સિરીઝનું શૂટિંગ થાય છે. ક્રૂ અને એક્ટર સૌ ગામમાં જ રહે છે. એક રીતે એ ગામની અર્થવ્યવસ્થા આખી આ બિઝનેસ પર ટકેલી છે.

હવે આપણે ત્યાં પણ એ દિશામાં વધુ હલચલ શરૂ થઈ ગઈ છે. ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને યુટ્યૂબ શોર્ટ્સ આ ફોર્મેટના મોટા મંચ તો છે જ એ ઉપરાંત હવે પ્રોડક્શન હાઉસ અને ઓટીટી પ્લેટફોર્મ્સ પણ વર્ટિકલ ટ્રેન્ડ થકી દર્શકોને ખેંચી રહ્યા છે.

આ ફોર્મેટની સૌથી ખાસ વાત એ છે કે કોઈ પણ વ્યક્તિ સ્ટાર બની શકે છે. પહેલાં ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવવા માટે વર્ષોનો સંઘર્ષ અને કનેક્શનની જરૂર રહેતી. હવે ફક્ત એક ફોન અને સારો આઈડિયા પૂરતા છે. કોઈ પણ છોકરો કે છોકરી પોતાનો નાનો ડ્રામા બનાવી લાખો લોકો સુધી પહોંચી શકે છે. ઘણા નવા ચહેરા રીલ્સ પરથી જ જાણીતા થયા છે.



બીજી સિરીઝ ‘લેટ અસ લિવ ઈન’ને ઈન્સ્ટાગ્રામ પર...

આ રીતે ઘણા યુવાનોને ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પગ મૂકવાની તક મળી રહી છે. એ ઉપરાંત એસ્ટાબ્લિશ થયેલા પ્લેટફોર્મ્સ પર પણ આ ટ્રેન્ડના કારણે ઇન્ડસ્ટ્રીમાં કલાકારોથી લઈને ક્રૂ એમ સૌ માટે નવી તકો ઊભી થઈ છે.

આ લહેર પાછળ પૈસાનો પણ મોટો ખેલ છે. માઇક્રો ડ્રામાનું શૂટિંગ ઓછા ખર્ચે અને ટૂંક સમયમાં થઈ શકે છે, પણ એની પહોંચ ખૂબ મોટી છે. લાખો લોકો એ સિરીઝ જુએ છે. બ્રાન્ડ્સ પ્રોડક્ટ પ્લેસમેન્ટ કરી શકે છે. ક્રિએટર કમાણી કરે છે, પ્લેટફોર્મને વ્યૂ મળે છે અને દર્શકોને રોજ નવું કન્ટેન્ટ મળે છે. ફિલ્મમેકર માટે પણ આ એક ટેસ્ટિંગ ગ્રાઉન્ડ છે. નાની વાર્તા ચાલે તો પછી એની મોટી ફિલ્મ અથવા વેબ સિરીઝ બનાવી શકાય.

ઘણા સમય સુધી ભારતીય ઓટીટી પ્લેટફોર્મ્સ દ્વારા અમેરિકન અને ચાઈનીઝ સિરીઝનું એડેપ્ટેશન કરવામાં આવ્યું. જે હજુ પણ ચાલી રહ્યું છે. એ પછી ઓરિજિનલ કન્ટેન્ટ પર પણ હાથ અજમાવવામાં આવ્યો, જેમ કે મે મહિનામાં ‘અનમેચ્ડ’ ભારતની પહેલી મોટી વર્ટિકલ માઇક્રો ફિક્શન સિરીઝ બની. સાક્ષી કેસવાની એની મુખ્ય ભૂમિકામાં હતી અને સિરીઝ ખાસ મોબાઈલ સ્ક્રીન માટે જ શૂટ થઈ હતી. બીજી સિરીઝ ‘લેટ અસ લિવ ઈન’ને ઇન્સ્ટાગ્રામ પર એક મિલિયનથી વધુ વ્યૂ મળ્યા હતા. દરેક રીલ એપિસોડની જેમ લખાઈ હતી, ટૂંકી, રસપ્રદ અને અંતે એક હૂક ...

વર્ટિકલ ડ્રામાની મજાની વાત એ પણ છે કે એ ફોનની સ્ક્રીન પર વર્ટિકલ એટલે કે ઊભી જ જોવામાં આવે છે એટલે તેને શૂટ પણ એ જ રીતે કરવામાં આવે છે. રીલ્સની જેમ સ્કોલ કરતા જ જોવાની આ સિરીઝ શરૂઆતમાં જ હૂક, પછી ટ્વિસ્ટ આવે અને પછી તમે એવું વિચારો કે આગલો એપિસોડ ક્યારે આવશે? ત્યાં તો એ હાજર જ હોય. બિલકુલ ડેઈલી સોપ જેવી ફીલ, પણ ઝડપથી અને વધુ કનેક્ટ થતો.

વિશ્વભરમાં આ ફોર્મેટને મોટું ભવિષ્ય માનવામાં આવી રહ્યું છે. અમેરિકા ટિક્ટોક ક્રિએટર્સ સાથે ભાગીદારી કરી રહ્યું છે.

ચીનમાં ફક્ત વર્ટિકલ ડ્રામા માટે નવી ઇન્ડસ્ટ્રી ઊભી થઈ છે. ભારત પાસે ભાષાઓની વિવિધતા, સ્ટોરીટેલિંગની પરંપરા અને સ્માર્ટફોન યૂઝર્સની સંખ્યા, આ બધું મળીને અમેરિકા અને ચીન કરતાં પણ વધુ સ્કોપ છે. જો યોગ્ય પ્લેટફોર્મ અને સપોર્ટ મળે તો આ ફોર્મેટ ભારતીય સિનેમા માટે ટેલેન્ટ અને કન્ટેન્ટનો ખજાનો બની શકે છે!

### લાસ્ટ શોટ

*એક રિપોર્ટ મુજબ, ભારતનું શોર્ટ-ફોર્મ વીડિયો માર્કેટ આગળના પાંચ વર્ષમાં અંદાજે ૮-૧૨ બિલિયન ડોલર્સ એટલે કે ₹૬૬૮૦૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા ધરાવે છે.*

ક્લેપ એન્ડ કટ..!
સિદ્ધાર્થ છાયા

## ગેટ્સ કે ગતકડું?



‘ક્યૂંકી સાસ ભી કભી બહુ થી’માં બહુ જલ્દીથી માઈક્રોસોફ્ટનાં સર્વેસર્વા અને હવે સેવાભાવી સંસ્થા ચલાવતા બિલ ગેટ્સ જોવા મળશે. અમને મળેલા પાક્કાં સમાચાર કહે છે કે બિલ ગેટ્સ આ સિરીઝનો એક ભાગરૂપે જોડાય એ માટે ખાસ સ્ક્રિપ્ટ લખાઈ ચૂકી છે. આ સ્ક્રિપ્ટ પ્રમાણે તુલસી વિરાણી એટલે કે સ્મૃતિ ઈરાની અને ગેટ્સ બંને એકસાથે એક જ એપિસોડમાં દેખાશે.

આમ પણ વિરાણી પરિવાર મોટા વ્યાપારી અથવા તો ઉદ્યોગપતિનું પરિવાર છે. એટલે પ્લાન એવો છે કે આવનારા એક એપિસોડમાં તુલસી અને બિલ ગેટ્સ કોઈ સમાજિક સમસ્યાની ચર્ચા કરે. હવે આ ‘કેમિયો’ માટે બિલ ગેટ્સ કંઈ જાતેપોતે અમેરિકાથી મુંબઈ લાંબા તો ન જ થાય એટલે નક્કી એવું થયું છે કે તુલસી અને બિલભાઈ ઓનલાઈન ચર્ચા કરે.

આમેય વિરાણી પરિવાર વેપારના વધુ વિકાસ અર્થે અમેરિકામાં ઓફિસ (કે બ્રાન્ચ ) શરૂ કરી રહ્યા છે ત્યારે પતિ મિહિર વિરાણી સાથે તુલસીને પણ અમેરિકા મોકલવાનો તખ્તો ગોઠવાઈ રહ્યો છે એવું આગલા એપિસોડસમાં દર્શાવામાં આવી ગયું છે !

હવે બિલ અને તુલસીની ઓનલાઈન ચર્ચાનો વિષય શું હશે એ પણ આપણે જાણી લઈએ. પ્રેગનન્ટ મહિલાઓ અને નવજાત શિશુઓના સ્વાસ્થ્ય અંગે એ બન્ને ચર્ચા કરશે. આમ પણ બિલ અને એની પૂર્વ પત્ની મેલિન્ડા પણ આ વિષયને લઈને પોતાનું એનજીઓ ચલાવે છે. આથી, એક કાંકરે બે પક્ષી મારવાનો અહીં ઈરાદો છે! બિલ એનાં એનજીઓની કામગીરી વિશે આ રીતે ભારતીય દર્શકોને માહિતી પહોંચાડશે તો ‘ક્યૂંકી’ના મેકર્સને બિલના નામે ટીઆરપીનું લાંબું બિલ ફાડવા મળશે. આમ, પણ વિરાણી એ ગુજરાતી પરિવાર છે એટલે પોતાનો ફાયદો તો જુવેને ?!

## ‘સંતોષ’ પામવા આવી જીદ?



સંધ્યા સૂરી

એક ફિલ્મ બની છે જેનું નામ છે ‘સંતોષ’. આ ફિલ્મ કોઈ ઓટીટી પ્લેટફોર્મ પર રિલીઝ થવાની હતી, પણ છેલ્લી ઘડીએ એની રિલીઝ રોકી દેવામાં આવી છે. કારણ કે આ ફિલ્મના મેકર સંધ્યા સૂરી ખુદ છે. બન્યું એવું કે ફિલ્મને ઓટીટી પર લાવતાં અગાઉ સેન્સર બોર્ડની મંજૂરી અને સર્ટિફીકેટ લેવાં જરૂરી હોય છે, પણ સૂરીબહેનને એ મંજુર નથી. એમનું કહેવું છે કે સિનેમાહોલમાં ફિલ્મ દેખાડવી અને ઓટીટી પર દેખાડવી આ બંને અલગ વાત છે.

સૂરીને ખાતરી છે કે સેન્સર એમની ફિલ્મમાં કાપકૂપ જરૂર કરશે. આથી તેમણે રિલીઝ રોકીને એમ કહ્યું છે કે આમ કરવાથી ‘સંતોષ’નો આત્મા સાવ મરી જ જશે. આ જ કારણસર સંધ્યા સૂરી પોતાની ફિલ્મને સેન્સર કરાવવા માંગતા નથી.

આમાં, ક્યાંક કાચું કપાયું હોય કે પછી સંધ્યા સૂરીને કાચું સમજાયું હોય એવું નથી લાગતું? ભારતભરની ફિલ્મોને સેન્સરની કાતર વચ્ચેથી પસાર થવું જ પડે છે તો પછી આ ‘સંતોષ’ કઈ વાડીની મૂળી, સોરી મૂળો છે કે એના માટે સેન્સર બોર્ડને આંખો બંધ કરી દેવાનું કહેવામાં આવે? માન્યું કે સેન્સર બોર્ડ પણ ઘણી વાર હાસ્યાસ્પદ કટ્સ મારે છે. એવી ઘણી ફિલ્મો હશે જેનો આત્મા પણ સેન્સર બોર્ડે મારી નાખ્યો હશે. આમ છતાં ‘સંતોષ’ કોઈ શુક્રના ગ્રહ પરથી આવેલી ફિલ્મ નથી કે એને સીધી એન્ટ્રી મળી જાય...!

## બોબી દેઓલઃ ‘એક્શન રિ-પ્લે’



થોડા સમય પહેલાં જાવેદ અખ્તરે એક ઇન્ટરવ્યૂમાં અમજદ ખાન વિશે એક વાત કરી હતી કે ‘શોલે’ અગાઉ અમજદ ખાનને જે લોકો કામ આપવાથી ઇગ્નોર કરતાં હતાં, એ બધાં જ ‘શોલે’ પછી ‘અમજદભાઈ, અમજદભાઈ’ બોલીને એની આસપાસ ફરવા લાગ્યાં હતાં. આ વાત અમને અત્યારે એટલા માટે યાદ આવી કે અમજદ ખાનનું નવું વર્ઝન હાલમાં બોબી દેઓલમાં દેખાઈ રહ્યું છે.

Gen Z વાળા બોબી દેઓલને ‘લોર્ડ બોબી’ કહીને પ્રેમથી બોલાવે છે, પરંતુ ૯૦ના દાયકામાં સતત હીટ ફિલ્મો આપનાર આ લોર્ડ બોબી અચાનક જ બે-ત્રણ ફ્લોપ બાદ ખોવાઈ ગયો. બોબીનાં પોતાનાં શબ્દોમાં કહીએ તો બોલિવૂડ આખું એને ઇગ્નોર કરવા લાગ્યું હતું. એ કોઈ પાર્ટીમાં જતો તો શરૂઆતમાં ‘એક દેઓલ હોવાને કારણે’ તેની સાથે ખૂબ સારી વાતો થાય. અમુક મિનિટની વાત બાદ પેલી વ્યક્તિ પોતાના ગ્રૂપમાં જતી રહે અને પાર્ટીમાં બોબીની રીતસર અવગણના થતી.


એક વખતે દિલ્હીની ક્લબમાં જ્યારે બોબીએ ડીજે બનીને પોતાની કોઈ ફિલ્મનું ગીત વગાડ્યું તો લોકોએ તેને બંધ કરવા બૂમરાણ મચાવી દીધી હતી, પરંતુ પહેલાં ‘આશ્રમ’ વેબસીરીઝ, પછી ‘એનિમલ’ ફિલ્મ અને હવે ‘નેટફ્લિક્સ’ની તાજી હીટ ‘બેડ્સ ઓફ બોલિવૂડ’ એમ એ ત્રણેયે બોબીની જિંદગી પલટી નાખી છે. હવે બોબી તમામ પાર્ટીમાં ‘મસ્ટ’ અને ‘મસ્ત’ બની ગયો છે. આ વાત ખુદ લોર્ડ બોબીએ હાલમાં એક પોડકાસ્ટમાં સ્વીકારી છે. અહીં મજાની વાત એ છે કે ‘બેડ્સ ઓફ બોલિવૂડ’ ખુદ બોલિવૂડની એ જ પ્રકારની વાત કરે છે જે બોબીએ પોતાના જિંદગીના અનુભવ રૂપે કહી છે.

### કટ એન્ડ ઓકે..

*દુબઈમાં શાહરૂખ અને આમિર સાથે એક મેગા કાર્યક્રમ દરમિયાન સલમાન ખાને પોતાના ફેન્સ ક્યાં-ક્યાં રહે છે એ પ્રશ્નના જવાબમાં બલુચિસ્તાન અને પાકિસ્તાન આ બંનેનો અલગ-અલગ ઉલ્લેખ કરીને બલોચોમાં હર્ષ, પાકિસ્તાનીઓમાં રોષ અને ભારતીયોમાં કન્ફ્યુઝનની લાગણી ફેલાવી દીધી છે.*

## પ્રકરણ-૩૯

અણધાર્યા રહસ્યના આટાપાટા ખેલતી નોખી-અનોખી ક્રાઇમ કથા...




યોગેશ સી પટેલ

મોડી રાતે ઘરે પહોંચેલી ગોહિલની ટીમ વહેલી સવારે પાછી આરેમાં હાજર હતી. જાણે જમવા અને નાહવા જ ઘરે ગઈ હતી. આવું સિનિયર ઈન્સ્પેક્ટર અશોક ગાયકવાડની ટીમનું પણ હતું. વિરોધી પક્ષ નેતા ગજાનન બાપટ આયોજિત કૅન્ડલ માર્ચ માટે વહેલી સવારથી જ લોકો ભેગા થવાના હતા.

સુરક્ષાનાં કારણોસર આરે તેમ જ આસપાસનાં પોલીસ સ્ટેશનોના અધિકારીઓ અને કોન્સ્ટેબલોને ગોઠવી દેવાયા હતા. વધારાના પોલીસ દળની પણ મદદ લેવાઈ હતી. ક્વિક રિસ્પોન્સ ટીમ (ક્યૂઆરટી) અને રાયટ્સ કન્ટ્રોલ ફોર્સ (આરસીએફ)ના જવાનો ખડેપગે હતા. આરેના કાંડથી રોષે ભરાયેલા લોકોની ભીડનો લાભ ઉઠાવી ભાંગફોડિયા પ્રવૃત્તિના લોકો કોઈ કાવતરાને અંજામ ન આપે તે માટે પોલીસ અલર્ટ રહેવા માગતી હતી.

‘કૅન્ડલ માર્ચ તો રાતે કાઢવી જોઈએને?’ એક અધિકારીએ ટકોર કરી.

‘ભાઈ... આ જંગલ છે. ભૂત-પિશાચ તો ઠીક, જંગલી જનાવરો પણ ફરે છે... રાતે રૅલી કાઢવા જાય તો નેતાજીની રેવડી દાણાદાણ થઈ જાય!’ બીજા અધિકારીએ જવાબ આપ્યો.

વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવેથી આરેના મુખ્ય માર્ગ પર પ્રવેશતાં જ જમણે યુનિટ-બે અને થોડે આગળ ડાબે યુનિટ-એક આવે. આ પરિસરમાં નાગરિકોને રોકી રાખવામાં આવ્યા હતા. પોલીસ પરવાનગી વગર આ કૅન્ડલ માર્ચનું આયોજન કરાયું હતું.

પોલીસનો ઇરાદો હતો કે અહીં જ સમજાવીને બધાને પાછા મોકલી દેવા, જેથી ટ્રાફિક અને અન્ય સમસ્યાઓ ઊભી ન થાય... પણ જોતજોતાંમાં મોટી સંખ્યામાં લોકો ભેગા થવા લાગ્યા. ડીસીપી સુનીલ જોશીની સુરક્ષાવ્યવસ્થા પર નજર હતી.

‘સુનિયોજિત કાવતરું ઘડીને નિર્દયતાથી આટલા બધા લોકોને મારી નાખવામાં આવ્યા... આવી નમાલી સરકારના રાજમાં નાગરિકો અસુરક્ષિત છે, પણ બેશરમ સત્તાધારીઓ ખુરશી છોડવા તૈયાર નથી!’ આવતાંવેત બાપટે રાજકારણ શરૂ કર્યું.

ત્રાંસી નજરે પોલીસ અને નાગરિકોને જોઈ લુચ્ચા હાસ્ય સાથે તેમણે કહ્યું: ‘મારી નાખ્યા પછી તેમના શરીરમાંથી અવયવો કાઢી લેવામાં આવ્યા. પૂર્ણદેહે આ દુનિયાથી વિદાય ન મળી... આવા આત્માઓ સદ્ગતિ ન પામે એ સ્વાભાવિક છે... તેમની શાંતિ માટે આ કૅન્ડલ માર્ચનું આયોજન કરાયું છે!’

મોટી સંખ્યામાં ભેગા થયેલા લોકોએ પોલીસ અને સરકારના નામનો હુરિયો બોલાવી હંગામો શરૂ કરતાં ડીસીપીએ કૅન્ડલ માર્ચને આગળ વધવાની પરવાનગી આપી. એ જ વખતે પોલીસ સ્ટેશનમાંથી ગોહિલને કૉલ આવ્યો. ડૉક્ટરોનું પ્રતિનિધિમંડળ મળવા આવ્યું હોવાનું અધિકારીએ કહેતાં ડીસીપીને જાણ કરી ગોહિલ પોલીસ સ્ટેશને રવાના થયો.

પોલીસ સ્ટેશને પહોંચ્યો ત્યારે ડૉક્ટરોના પ્રતિનિધિમંડળમાં ડૉ. સંયમ ઈમાનદાર અને ડૉ. મૃત્યુંજય હિરેમઠને જોઈ ગોહિલને આશ્ચર્ય થયું.

‘ડૉક્ટર... તમે પણ?’ ગોહિલે ડૉ. ઈમાનદાર તરફ જોઈ આદર સાથે આવકાર આપીને બધાને બેસવાનો ઇશારો કર્યો.

‘બોલો ડૉક્ટરસાહેબ... શું તકલીફ પડી?’

‘તકલીફ થઈ એટલે તો આવ્યા છીએ!’ એક વડીલ ડૉક્ટર ગુસ્સામાં હોવાનું લાગ્યું.

‘ચા... કૉફી મગાવું?’ ગોહિલે વિવેક ખાતર પૂછ્યું.

‘ના... ના. અત્યારે આરેની સ્થિતિથી અમે પરિચિત છીએ. તમે વ્યસ્ત હશો એટલે વધુ સમય વેડફવો નથી!’ ડૉ. હિરેમઠે કહ્યું.

‘અમે આ લેટર આપવા આવ્યા છીએ.’ ડૉ. ઈમાનદારે કાગળ ગોહિલના હાથમાં પકડાવતાં કહ્યું.

‘...પણ થયું શું?’ ગોહિલે કાગળ પર નજર ફેરવતાં પૂછ્યું.

‘ઘડી ઘડી ડૉક્ટરોને ઊલટસૂલટ સવાલ પૂછીને પોલીસ ત્રાસ આપતી હોવાથી આ મામલો યુનિયનમાં ગયો છે!’ ડૉ. ઈમાનદારે કહ્યું.

‘યુનિયને નક્કી કર્યું છે કે આજથી સાત દિવસનો સમય પોલીસને આપીએ છીએ... ત્રાસ આપવાનું બંધ નહીં થાય તો મુંબઈના ડૉક્ટરો એક દિવસની પ્રતિકાત્મક રજા પાળશે!’ વડીલ ડૉક્ટરે ચેતવણી આપી.

‘રજા એટલે કામકાજ બંધ રાખવામાં આવશે... અને પછી જરૂર પડ્યે બેમુદત હડતાળ!’ વડીલે જણાવ્યું.

‘ડૉક્ટરસાહેબ... તમે તો બધું જાણતા જ હશો... કેસની તપાસમાં ડૉક્ટરોની મદદ જોઈશે જ... અને તેમાં થોડી પૂછપરછ થશે!’ ગોહિલે ડૉ. ઈમાનદારને વિશ્વાસમાં લેવાનો પ્રયાસ કર્યો.

‘મેં ઘણો પ્રયત્ન કર્યો, પણ ડૉક્ટરો હવે સમજવા તૈયાર નથી.’ ડૉ. ઈમાનદારે કહ્યું.

‘અમે કંઈ કર્યું નથી તોય અમારી પૂછપરછ થાય છે... તો એમાં સમજવા જેવું શું છે?’ ડૉ. હિરેમઠે કહ્યું.

‘પોલીસ તમારો સહકાર...’ ડૉ. હિરેમઠે ગોહિલને આગળ બોલતાં અટકાવ્યો.

‘હવે પાણી માથાની ઉપર જવા લાગ્યું છે... એટલે આ નિર્ણય લેવાયો છે!’ કહીને પ્રતિનિધિમંડળે વિદાય લીધી.

* * * *

‘સા’બ... મુઝે અર્જન્ટ ગાંવ જાના પડેગા... મેરી માં કો અસ્પતાલ મેં ભરતી કિયા હૈ!’ અંગમરોડ કરતાં પ્રસન્ન ચૌધરીએ કહ્યું.

‘ક્યૂં? ક્યા હુઆ?’ ચૌધરીએ એકાએક ગામ જવાની વાત કરતાં વિધાનસભ્ય જાંભુળકરને આશ્ચર્ય થયું.

‘બાથરૂમ મેં ફિસલ કર ગિર ગયી તો પૈર મેં ફ્રેક્ચર હુઆ હૈ... ઐસા પિતાજીને બતાયા!’

‘લેકિન યહાં કે હાલાત...’ જાંભુળકર વધુ ન બોલ્યા.

‘મૈં જાનતા હૂં સા’બ... ઈસલિયે ગાંવ સે બાર બાર ફોન આને કે બાવજૂદ મૈં ઉન્હેં ટાલતા રહા હૂં... ઔર પરિવાર સે મિલને નહીં ગયા! લેકિન...’

ચૌધરી ટેન્શનમાં બોલ્યો: ‘લેકિન અબ જાના હી પડેગા...’

‘ઠીક હૈ, લેકિન ટ્રેન કા રિઝર્વેશન મિલ જાયેગા?’ જાંભુળકરે ચિંતા વ્યક્ત કરી.

‘સર... આપકે લેટર પર રેલવે કે સ્પેશિયલ ક્વૉટા મેં મિલ જાયેગા!’

‘અચ્છા... તો લેટર તૈયાર કરવા લો. ઔર જલ્દ સે જલ્દ વાપસ આને કી કોશિશ કરના!’ જાંભુળકરે કહ્યું.

‘જી... સા’બ! વૈસે આપ ભી થોડે દિન મુંબઈ સે દૂર ચલે જાઈએ!’

‘ક્યૂં?’

‘અભી યહાં રહના ઠીક નહીં હૈ... મીડિયા ભી પીછે પડ જાયેગી!’

‘વહ સબ મૈં દેખ લૂંગા, પર યે તો પતા કર... આરે મેં ક્યા ચલ રહા હૈ?’

‘સા’બ... ડ્રગ્સ સપ્લાયર સલ્લુકા દુસરા સાથી ઝમીલ ભી પકડા ગયા હૈ.’

‘કબ?’

‘કલ રાત કો... દાદર સ્ટેશન સે પુલીસને ઉસે ઉઠા લિયા હૈ!’ જાંભુળકર અને ચૌધરી ટેન્શનમાં હતા.

‘તુઝે કૈસે પતા?’ આખરે જાંભુળકરે પૂછી લીધું. આરેમાં થતી દરેક ઊથલપાથલની જાણકારી ચૌધરીને કઈ રીતે મળી રહેતી એ બાબતે જાંભુળકર હંમેશાં વિચારતા હતા.

‘સા’બ મેરે કુછ દોસ્ત હૈ આરે મેં... વહ લોગ મુઝે બતાતે રહતે હૈ!’

‘લેકિન શોએબ ઔર ઝમીલ જૈસી છોટી મછલિયાં પકડને સે ક્યા હાસિલ હોગા... મગરમચ્છ પુલીસ કે હાથ નહીં લગનેવાલે!’ જાંભુળકર અમસ્તા બોલ્યા કે ઇરાદાપૂર્વક તે ચૌધરી સમજી ન શક્યો.

**લેકિન શોએબ ઔર ઝમીલ જૈસી છોટી મછલિયાં પકડને સે ક્યા હાસિલ હોગા... મગરમચ્છ પુલીસ કે હાથ નહીં લગનેવાલે!**

‘નહીં... સા’બ. ઝમીલ બહુત કુછ જાનતા હૈ ઐસા મુઝે પતા લગા હૈ!’ જાંભુળકર ચૌધરીને આશ્ચર્યથી જોઈ રહ્યા.

‘સુના હૈ... ઝમીલ સલ્લુ કા ખાસ આદમી થા!’ ચૌધરીએ કહ્યું.

‘તો ક્યા બૉડી ભી ઉસીને ઝમીન મેં દફન કી થી?’ જાંભુળકરે પ્રશ્ન કર્યો.

‘વહ તો નહીં પતા... પર બૉડી કે કેસ મેં પુલીસ અબ ડૉક્ટરોં પર સિકંજા કસનેવાલી હૈ!’

‘ક્યૂં?’

‘પુલીસ કો લગતા હૈ... બૉડી પાર્ટ્સ નિકાલ કે ડૉક્ટરોને બેચ દિયે હૈ!’ માહિતીથી જાંભુળકર ચોંક્યા.

‘મતલબ?’

‘સા’બ, સુના હૈ... આરે કા જો યે લાશોં કા કાંડ હૈ... ઉસ મેં ડૉક્ટર લોગ સામિલ હોને કા શક પુલીસ કો હૈ!’

* * * *

‘સર... મોબાઈલના કૉલ રેકોર્ડ તો ઘણું બધું દર્શાવે છે!’ આસિસ્ટન્ટ ઈન્સ્પેક્ટર સુધીર સાવંતે કહ્યું.

સલ્લુ અને અંજુ સહિત શંકાના ઘેરામાં આવેલી દરેક વ્યક્તિના મોબાઈલના કૉલ ડિટેઈલ રેકોર્ડ (સીડીઆર) ઈન્સ્પેક્ટર ગોહિલે મગાવ્યા હતા. ટેલિકૉમ કંપની પાસેથી આવેલા રેકોર્ડ સાવંત અને સબ-ઈન્સ્પેક્ટર દત્તા બંડગર તપાસી રહ્યા હતા.

‘કામનું કંઈ છે?’ ગોહિલે પૂછ્યું.

‘ઘણું કામનું છે!’ કહીને સાવંતે ઉમેર્યું:

‘અંજુના મોબાઈલનું છેલ્લું લૉકેશન અંધેરી દર્શાવે છે... પછી તેનો મોબાઈલ સ્વિચ ઑફ્ફ થઈ જાય છે!’

‘અંધેરી? સલ્લુનું ઑપરેશન કરાયું હતું તે હૉસ્પિટલ?’ ગોહિલે આશ્ચર્યથી પૂછ્યું.

‘ના. અંધેરીનો ચકાલા વિસ્તાર!’

‘ઓહ... એમ બોલને.’

‘સર... આ જ પરિસરમાં ડૉક્ટર ભંડારીના ટ્રસ્ટની હૉસ્પિટલ છેને?’ સાવંતે જાણે રહસ્ય ખોલ્યું.

‘મોબાઈલનું એક્ઝેક્ટ લૉકેશન શું છે?’ ગોહિલે પૂછ્યું.

‘સર્વિસ પ્રોવાઈડર કંપની પાસે માગ્યું છે... ત્યાંનો પ્રતિનિધિ આપણને કૉલ કરશે!’ સાવંતે કહ્યું.

‘...પણ, સર. એનાથી મહત્ત્વની વાત એટલે છેલ્લે અંજુ સાથે કૃપાનું મોબાઈલ લૉકેશન પણ સેમ દેખાડે છે... એટલે કે કૃપા અને અંજુ સાથે જ હતાં, એવું જણાય છે!’ સાવંતે મોટો ધડાકો કર્યો.

‘હું તો કહું છું કે આ... ડૉક્ટર ભંડારીને અહીં લાવીને થોડા ફટકારીએ તો બધું બહાર આવી જશે!’ હવે બંડગર બોલ્યો.

‘તમને લોકોને મારઝૂડથી વિશેષ કંઈ ફાવતું નથી!’ ગોહિલે કહ્યું. પછી ઉમેર્યું: ‘એક પેલો... તોડ મોડ કે જોડવાળો શિંદે... એ ક્યાં છે?’

‘કાલે રાતે ઝમીલને પકડી લાવ્યોને... હવે તેની ક્લાસ લઈ રહ્યો છે શિંદે!’ સાવંતે મલકાઈને કહ્યું.

‘બસ... એ જ કામ એને ગમે છે!’ ગોહિલે કહ્યું.

‘સર, શિંદેની ક્લાસમાં ડૉક્ટર ભંડારીને બોલાવવા છે?’ સાવંતે પૂછ્યું.

‘ના. ડૉક્ટર ભંડારી થોડા ધીટ જણાય છે... સહેલાઈથી મોઢું નહીં ખોલે!’

ગોહિલ શબ્દો ગોઠવી રહ્યો હતો: ‘મારપીટથી મામલો બગડશે અને ડૉક્ટરો હંગામો મચાવશે. મને ડૉક્ટર પાઠક કમજોર કડી જણાય છે... પહેલાં તેને બોલાવો!’

પછી યાદ આવ્યું હોય તેમ તે બોલ્યો: ‘જૉનીના કૉલ રેકોર્ડ શું કહે છે?’

‘સર, એમાં મહત્ત્વની વાત એ છે કે તેણે જૂનું સિમ કાર્ડ બંધ કરાવી દીધું છે અને અત્યારે નવો નંબર વાપરે છે.’ બંડગરે કહ્યું.

ગોહિલ કંઈ બોલ્યા વિના બન્ને તરફ જોતો હતો એટલે સાવંતે બોલવા માંડ્યું.

‘તેના મોબાઈલ ફોનના આઈએમઈઆઈ નંબરને આધારે તપાસ કરી તો જાણવા મળ્યું કે જૂનું સિમ કાઢીને મોબાઈલમાં નવું સિમ કાર્ડ નાખવામાં આવ્યું છે.’

‘એ નવા નંબરને ટ્રેસ કરો અને જૉની ક્યાં છે તે શોધી કાઢો!’

‘એ પ્રક્રિયા ચાલું છે, સર!’

સાવંતે ઉમેર્યું: ‘આ બધામાં એક આશ્ચર્યની વાત જણાય છે.’

‘શું?’ ગોહિલે પૂછ્યું.

‘સર... ડૉક્ટર ભંડારીની ‘ખા...સ’ આકૃતિ બંગારા ક્યાંય ચિત્રમાં નથી આવતી!’

સાવંતે ખાસ શબ્દ પર વિશેષ ભાર આપ્યો એટલે ગોહિલ સમજી ગયો. કોન્સ્ટેબલ દળવીએ ખબરી દ્વારા ડૉ. ભંડારીની માહિતી કઢાવી ત્યારે એ વાત જાણવા મળી કે ડૉ. ભંડારી રંગીન મિજાજના છે. તેમની હૉસ્પિટલ અને ટ્રસ્ટની ઑફિસમાં કામ કરતી આકૃતિ સાથે તેમના આડા સંબંધ છે.

‘ડૉક્ટર ભંડારીના બે મોબાઈલ નંબર આપણી પાસે છે, પણ બન્ને નંબર પર આકૃતિએ ક્યારેય સંપર્ક સાધ્યો નથી!’

‘એવું કઈ રીતે બને?’ ગોહિલે પૂછ્યું.

‘સર... આકૃતિના મોબાઈલના કૉલ રેકોર્ડમાં ડૉક્ટર ભંડારીનો એકેય નંબર નથી અને ડૉક્ટર ભંડારીના બન્ને મોબાઈલના કૉલ રેકોર્ડમાં પણ આકૃતિનો નંબર ફ્લૅશ નથી થતો!’ સાવંતે માહિતી આપી.

‘એટલે કે આકૃતિએ ક્યારેય ડૉક્ટર ભંડારીને કૉલ નથી કર્યો અને ડૉક્ટર ભંડારીએ પણ આકૃતિને નથી કર્યો?’ આશ્ચર્ય સાથે ગોહિલે પૂછ્યું.

‘હા... સર!’

ગોહિલ વિચાર કરીને બોલ્યો: ‘એટલે કે આપણને અધૂરી માહિતી મળી છે. બન્નેમાંથી એક જણ વધુ એક મોબાઈલ નંબરનો ઉપયોગ કરે છે અને એ સિક્રેટ રાખવામાં આવ્યો છે!’ (ક્રમશઃ)■

---




‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.

**વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.**

### ભાષા વૈભવ...

મરાઠી-ગુજરાતીની જોડી જમાવો

| A | B |
|---|---|
| बताशा | હારમાળા |
| पुताई | વહેંચવું |
| लडी | પતાસું |
| फटाके | સફાઈ |
| बांटना | ફટાકડા |

### ઓળખાણ પડી?

૧૯૪૦માં આવેલી ‘દિવાલી’ ફિલ્મના લેખક, દિગ્દર્શક (જયંત દેસાઈ) અને નિર્માતા (ચંદુલાલ શાહ) ગુજરાતી હતા. ફિલ્મના લેખક કોણ હતા?

અ) ચુનીલાલ મડિયા
બ) ઝવેરચંદ મેઘાણી
ક) ગુણવંતરાય આચાર્ય
ડ) પન્નાલાલ પટેલ




### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ૨ ધ્યા | ત્મિ | ક | ■ | ૩ ભૌ | ૪ તિ | ૫ ક | ■ | ૬ છા |
| ૭ ભા | ન | ■ | ■ | ૮ ધા | ■ | ૯ તિ | ર | ૧૦ ક | સ |
| ર | ■ | ૧૧ ભા | વો | ર્મિ | ■ | ક્ષા | ■ | ■ | વા |
| ૧૨ દ | બા | ણ | ■ | ૧૩ ક | ળા | ■ | ૧૪ ચ | ૧૪-અ તુ | ર |
| શ | ■ | ■ | ૧૫ અ | ■ | ■ | ૧૬ દે | કા | રો | ■ |
| ૧૭ ન | ર | ૧૮ ક | ચ | ૧૯ તુ | ર્દ | શી | ■ | ■ | ૨૦ હિ |
| ■ | ■ | ૨૧ મ | લા | રી | ■ | ૨૨ હિ | રો | ૨૩ શિ | મા |
| ૨૪ મ | ૨૫ હા | લ | ય | ■ | ૨૬ મ | સા | ■ | ૨૭ ખ | લ |
| ■ | લ | ■ | ૨૮ ત | ક | રી | બ | ૨૯ ન | ■ | ય |
| ૩૦ આ | વા | હ | ન | ■ | ઝ | ■ | ૩૧ દી | વા | ન |

### શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ | ૭ |
| | ■ | ૮ | | | ■ | ૯ | | | |
| ૧૦ | ૧૧ | | ■ | ૧૨ | ૧૩ | | ■ | ■ | |
| ■ | | ■ | ૧૪ | ■ | ૧૫ | | ૧૬ | | |
| ૧૭ | | ૧૮ | | ■ | ૧૯ | | | ■ | ■ |
| | ■ | ૨૦ | | | ■ | | ■ | ■ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ■ | | ■ | ■ | ૨૪ | ૨૫ | ૨૬ | |
| ૨૭ | | ■ | ■ | ૨૮ | | | | | ■ |
| ૨૯ | | ૩૦ | | | ■ | ૩૧ | | | ૩૨ |
| ૩૩ | | | ■ | ૩૪ | | | ■ | ૩૫ | |

**આડી ચાવી**

૧. સ્વાભાવિક રીતે સુઝવું તે (૬)
૫. આભાર સાથે (૩)
૮. બાતમીદાર, દૂત (૩)
૯. નવીનપણું (૪)
૧૦. પ્રવાહ, વહેણ, તીક્ષ્ણતા (૩)
૧૨. જિદ (૩)
૧૫. ઉદ્વેગ (૫)
૧૭. કન્યાઓ --- સોમવારનું વ્રત કરે (૪)
૧૯. કઢાઇ (૩)
૨૦. ભરેલું (૩)
૨૨. મોં, ચહેરો (૨)
૨૪. પલાળવું (૪)
૨૭. આ વખતે --- મેઘ ખાંગા થયા (૨)
૨૮. ધન્યવાદ (૫)
૨૯. દેખરેખ, સંભાળ, સાચવણ (૫)
૩૧. ‘દવરાવવું’નું આજ્ઞાર્થ (૪)
૩૩. એક તેલીબિયું (૩)
૩૪. અવસાન, મોત (૩)
૩૫. હઠ, મમત (૨)

**ઊભી ચાવી**

૧. જાગ્યા ત્યારથી --- (૩)
૨. તમે --- ઉતાવળ ના કરો (૩)
૩. ઉત્સાહ (૨)
૪. સંખ્યા, આંકડો (૩)
૫. વાર, મેઘધનુષના રંગ (૨)
૬. --- આવવું એટલે સમજ પડવી (૨)
૭. રંગ ન ઓળખી ન શકે તે (૪)
૯. સાલ મુબારક (૩, ૬)
૧૧. સાઝ વગાડનાર (૩)
૧૩. માનો પ્રેમ (૩)
૧૪. દીકરીનાં લગ્ન થાય એટલે --- (૪)
૧૬. પંખી --- શકે (૨)
૧૭. નૂતન વર્ષાભિનંદન (૨, ૪)
૧૮. રિસાઇ જવું તે (૨)
૨૧. બધાને ગમે ---, પીવું ને સૂવું (૨)
૨૩. સાચે જ (૪)
૨૫. કૃષ્ણની અટક (૩)
૨૬. વૃક્ષોની લાંબી હાર (૪)
૨૮. ધરતી, પૃથ્વી (૩)
૩૦. બાળક---ને જિદ પૂરી કરે (૨)
૩૨. એકમથી અમાસ (૨)

### ગુજરાત મોરી મોરી રે

૧૯૪૬માં રિલીઝ થયેલી ‘રાણકદેવી’ ફિલ્મનું ગીત ‘મારે ગામડે તો એકવાર આવજો’ એ સમયે ખાસ્સું લોકપ્રિય થયું હતું. એ ગીત ગાનારાં ગાયિકાનું નામ જણાવો.

અ) અમીરબાઈ કર્ણાટકી બ) આશા ભોસલે
ક) ગીતા દત્ત ડ) રાજકુમારી

### જાણવા જેવું

ભાઈબીજ એટલે કે યમ દ્વિતીયા. આજના દિવસે યમરાજાએ પોતાની બહેન યમીને ઘરે ભોજન કર્યું હતું અને બે વરદાન આપ્યા હતા. એક તો દર વર્ષે આજના દિવસે દરેક ભાઈ પોતાની બહેનને ઘરે જમવા જશે અને ભાઈ બહેનને ભેટ આપશે. બીજું વરદાન એ આપ્યું હતું કે આજના દિવસે કોઈપણ ભાઈનું અપમૃત્યુ નહીં થાય.

### સુડોકુ-૯૧૨૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | | | ૧ | | ૭ | ૫ | ૩ | |
| | ૨ | | | | | | ૬ | |
| ૭ | | | | | | ૮ | | |
| | | ૫ | | | | | | |
| ૩ | | | ૪ | ૭ | ૮ | | | ૫ |
| | | | | | | ૭ | | |
| | | ૬ | | | | | | ૨ |
| | ૫ | | | | | | ૮ | |
| | ૯ | ૪ | ૩ | | ૨ | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૧૨૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૭ | ૩ | ૬ | ૪ | ૧ | ૯ | ૫ | ૮ |
| ૧ | ૬ | ૮ | ૫ | ૯ | ૨ | ૩ | ૪ | ૭ |
| ૯ | ૫ | ૪ | ૩ | ૭ | ૮ | ૬ | ૧ | ૨ |
| ૬ | ૪ | ૯ | ૨ | ૧ | ૭ | ૮ | ૩ | ૫ |
| ૫ | ૧ | ૭ | ૮ | ૩ | ૬ | ૨ | ૯ | ૪ |
| ૩ | ૮ | ૨ | ૪ | ૫ | ૯ | ૭ | ૬ | ૧ |
| ૭ | ૩ | ૬ | ૧ | ૮ | ૪ | ૫ | ૨ | ૯ |
| ૮ | ૨ | ૧ | ૯ | ૬ | ૫ | ૪ | ૭ | ૩ |
| ૪ | ૯ | ૫ | ૭ | ૨ | ૩ | ૧ | ૮ | ૬ |

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

લક્ષ્મીકાંત પ્યારેલાલ સ્વરબદ્ધ કરેલું અને લતા મંગેશકરે ગાયેલું ‘એક દો તીન ચાર, ભૈયા બનો હોશિયાર’ કઈ ફિલ્મનું છે?

અ) રાખી ઔર હથકડી બ) કચ્ચે ધાગે ક) સંત જ્ઞાનેશ્વર ડ) ભાઈ બહન

### નોંધી રાખો

સત્યનો સાથ કદી છોડવો નહીં, કારણ કે સત્યને વળગી રહેવાથી સમય પણ તમારો સાથ આપે છે અને મનને કાયમ શાંતિ મળે છે.

### માઈન્ડ ગેમ

રાજ કપૂર પર ફિલ્માવાયેલું અને મુકેશે ગાયેલું ‘એક વો ભી દિવાલી થી એક યે ભી દિવાલી હૈ’ ગીત કઈ ફિલ્મનું છે એ ખબર છે?

અ) નઝરાના બ) અનાડી
ક) પરવરીશ ડ) બરસાત

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| कांडी | દીવાસળી |
| काँजी | પ્રવાહી પદાર્થ |
| काँध | ખભો |
| काय | શરીર |
| काश | કદાચ |

ઓળખાણ પડી? — પુનિત ઈસ્સાર

માઈન્ડ ગેમ — શોભના સમર્થ

ગુજરાત મોરી મોરી રે — દીપિકા ચિખલિયા

ચતુર આપો જવાબ માથું ખંજવાળો — કોરા કાગઝ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) મુલરાજ કપૂર (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) તાહેર ઔરંગાબાદવાલા (૭) શીરીન ઔરંગાબાદવાલા (૮) અબ્દુલ્લા એફ. મુનીમ (૯) નીતા દેસાઈ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) મહેશ સંઘવી (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિપીન શાહ (૧૫) હર્ષા મહેતા (૧૬) લજિતા ખોના (૧૭) નૂતન વિપીન શાહ (૧૮) પ્રવીણ વોરા (૧૯) મીનળ કાપડિયા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીષી બંગાળી (૨૨) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૩) ચેતના છેડા (૨૪) જ્યોતિ ખાંડવાલા (૨૫) મનીષા શેઠ (૨૬) ફાલ્ગુની શેઠ (૨૭) ભારતી કજરિયા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) અરવિંદ કામદાર (૩૧) વિણા સંપટ (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અલકા વાણી (૩૫) શિલ્પા શ્રોફ (૩૬) નયના ગિરીશ મિસ્ત્રી (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતિલાલ બજરિયા (૪૦) જ્યોત્સના ગાંધી (૪૧) હિનાબેન દલાલ (૪૨) ઈનાક્ષીબેન દલાલ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) ડો. પ્રકાશ કટકિયા (૪૫) ધીરેન્દ્ર મુલરાજ (૪૬) ગીતા ઉદેશી (૪૭) પ્રતિમા પમાણી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) ભરત કજરિયા (૫૦) કમલ માતલિયા

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

ક્વિઝ (અ) ૧) જૈસી કરની વૈસી ભરની, ૨) જૈસે કો તૈસા, ૩) નેહલે પે દહેલા, ૪) સાંચ કો આંચ નહીં, ૫) કૌન કિતને પાની મેં, ૬) અપને હાથ જગન્નાથ, ૭) આમદાની અઠન્ની ખર્ચા રૂપૈયા

ક્વિઝ (બ) ૧) હીરો, ૨) મુગલે આઝમ, ૩) કટી પતંગ, ૪) કોલેજ ગર્લ, ૫) હનીમૂન ટ્રાવેલ્સ, ૬) ચલતે ચલતે, ૭) કભી કભી

**સ્ટાર-યાર-કલાકાર**
**સંજય છેલ**

# ‘ચૌંકના મત’...
# આ છે ‘અસરાની સર’ની પાઠશાળાનો ગુરુમંત્ર!

## એક અચ્છા અદાકાર અસરાનીજીની સાવ અ-જાણી બાજુનો ક્લોઝ-અપ

*‘કહાની મેં ઉન કે હિસ્સે મેં આયે છોટેછોટે દ્રશ્ય,*
*ઉન છોટે છોટે જગહોં પર*
*ભરપૂર દિખને કી કોશિશ મેં*
*ઝ્યાદા ખિંચી ઉનકે ચેહરે કી માંસપેશિયાં,*
*ઉન્હોંને સપને સ્વપ્ન કા*
*વિકૃત યથાર્થ જિયા જીવન મેં...*
*વહ દર્શક સે નારાઝ થે*
*કિ વો સબ હંસતે હૈં*
*દેખકર ઉનકી એક હી ભંગિમા (ચેનચાળાં) બારબાર’*

-------------------

કવિ યોગેશકુમાર ધ્યાનીની અસરાનીજીના મૃત્યુ બાદ લખેલી કવિતાનો આ અંશ વાંચીને તમને થશે એક કોમેડિયનની અંજલિમાં આવી ગંભીર કવિતા?

હા, કારણ કે અસરાની માત્ર જોકર નહોતા. છેક ૧૯૮૨-૮૩માં ગુજરાતી ફિલ્મ ‘જુગલ જોડી’માં મારા પપ્પા (છેલ-પરેશ) કલા નિર્દેશક હતા ત્યારે હું વડોદરાના લક્ષ્મી સ્ટુડિયોમાં ગયેલો. ફિલ્મમાં નરેશ કનોડિયા ને અસરાનીની જોડી હતી. ત્યારે પહેલીવાર અસરાનીજીને નજીકથી જોયેલા. ગુજરાતી ભાષાને ચીપી ચીપીને સારી રીતે બોલાવા ખૂબ મહેનત કરતા. ત્યારે ‘બાવર્ચી’, ‘ગુડ્ડી’, ‘ચુપકે ચુપકે’, ‘અભિમાન’, ‘શોલે’ના પાત્રો કરતાં અલગ જ અસરાની જોયેલા. એક એક શબ્દનો અર્થ, ફિલ્મના નિર્દેશક સ્વ. અરુણ ભટ્ટને પૂછતા ને પછી ફાંકડુ ગુજરાતી શીખી પણ ગયેલા. ત્યારની શહેરી ગુજરાતી ફિલ્મોમાં અસરાની સ્ટાર હતા. અરુણ ભટ્ટની જ ‘મા-બાપ’ ફિલ્મમાં ‘હું અમદાવાદનો રિક્ષાવાળો, ૯૯૯ નંબર વાળો..’, ગીતમાં તો છવાઈ ગયેલા. વરસો બાદ એમણે ‘અમદાવાદનો રિક્ષાવાળો’ ફિલ્મ નિર્દેશિત પણ કરેલી. બહુ ઓછા જાણે છે કે બહુ ઓછા ભજવાતા, ઓછા ઓડિયંસ માટે મુંબઇના સિંધી નાટકોમાં પણ અસરાનીજી કામ કરતા ને નિર્દેશન આપતા- વિસરાતી ભૂલાતી સિંધી ભાષા માટે.

હું ‘નસીબદાર’ (જે અસરાનીજીની સુપરહિટ ગુજરાતી ફિલ્મ હતી) છું કે બાળપણથી ૨૦૦૪-૫ સુધી એમને વચ્ચેવચ્ચે મળવાનું થતું. મારી ‘ટીન એજ’ અવસ્થાનો એક વધુ અનુભવ ૧૯૮૪-૮૫માં બોલિવૂડ કામદારોના લાભાર્થે બ્રેબોર્ન સ્ટેડિયમમાં ચેરિટી શો યોજાયેલો, જેમાં અમિતાભ, જીતેન્દ્ર, રાજેશ ખન્ના, ધર્મેન્દ્ર, મિથુન, આર. ડી. બર્મન, લતાજી,આશાજી, સુનીલ દત્ત અને કિશોર કુમાર વગેરે અનેક મહાનુભાવોએ પર્ફોમ કરેલું. એ શોનો સેટ મારા પપ્પા (છેલ-પરેશની જોડી)એ બનાવેલો. હું ૧૫-૧૬ વરસનો ને મારે આગળ જઇને શો જોવો હતો. ત્યારે મારા પપ્પાના કલાકાર મિત્રએ પોતાની ખુરશી પાસે પહેલી રોમાં મને બેસાડ્યો. એ હતા અસરાનીજી. આખા શો દરમિયાન અસરાનીજીએ મને પાસે બેસાડીને ધ્યાન રાખ્યું ને એટલું જ નહીં, સ્ટેજ પર જ્યારે કિશોરકુમાર નાચતાગાતા આવ્યા ત્યારે હું ઊછળી પડ્યો. અસરાનીજી મને સ્ટેજ ઉપર ચઢાવીને કિશોરદા સાથે હાથ મિલાવી પણ આપ્યો...!



‘અસરાની સર’ ખૂબ ઉષ્માભર્યા કલાકાર હતા. જી હાં ‘અસરાની સર’, કારણ કે બોલિવૂડમાં ભલભલા સ્ટાર્સ એમને સર, ગુરૂ કે માસ્ટરજી કહે છે, કારણ કે એ ‘પૂના ફિલ્મ ઇન્સ્ટિટ્યૂટ’માં અભિનયના પ્રોફેસર હતા. અનેક કલાકારોને પર્સનલી-અંગત રીતે પણ અભિનય શીખવાડેલો. આમ તો દાયકાઓથી મુંબઇમાં અનેક એક્ટિંગ સ્કૂલો ચાલે છે, પણ અસરાનીજી એટલે એવા વિશિષ્ઠ શિક્ષક કે માસ્ટર હતા, જે અભિનય સિવાય કલાકારના વ્યક્તિત્વને માંજતા- અભિનયની ખામીઓ સુધારતા, ખૂબીઓને વધારતા. સંજય દત્તની શરૂઆતની ખરાબ રીતે ડાયલોગ બોલવાની ક્ષતિને અસરાનીજીએ સુધારેલી. ફિલ્મ હીરોની ‘ચાલ’માં સ્ટાઈલ જોઈએ એટલે પાતળા પગવાળા અનીલ કપૂરના ‘સ્માર્ટ વોક’ કે ચાલ પર અસરાનીજીએ ખૂબ મહેનત કરેલી.

એ ગંભીર અદાકાર, ઊંડા ચિંતક અને અદ્‌ભુત વક્તા હતા. ૧૯૮૦-૯૦ના દાયકામાં કિશોર કુમાર, લતાજી, બપ્પીજીના જે મોટા મોટા દેશ - વિદેશમાં મ્યુઝિકલ શો થતાં ત્યારે આખા શોનું એન્કર તરીકે મજેદાર સંચાલન અસરાનીજી કરતાં ને બે ગીત વચ્ચે મિમિક્રી-રમૂજ કે ફિલ્મી કિસ્સાઓ સંભળાવીને હજારો પ્રેક્ષકોને જબરા જકડી રાખતા.

એકવાર કલકત્તાના વિશાળ નેતાજી સુભાષ સ્ટેડિયમમાં કિશોરકુમાર ને બપ્પી લહેરીનો સહિયારો મ્યુઝિકલ કાર્યક્રમ હતો. બપ્પી લહેરીનાં ગીતો પછી કિશોરદાનો વારો હતો. બપ્પીનાં ૪-૫ ગીત પછી લોકો ‘બપ્પી-જા’...‘બપ્પી-જા’ની બૂમો પાડવા માંડ્યા. જેમ જેમ બૂમો વધી એમ એમ બપ્પીદા વધુ મૂડમાં આવીને ગાવા માંડ્યા, કારણ કે એમને લાગ્યું કે લોકો ‘બપ્પીદા...બપ્પીદા’ કહીને વધાવે છે! હકીકતમાં દર્શકો કિશોર કુમારને સાંભળવા બેબાકળા થયેલા. સ્ટેડિયમમાં ધમાચકડી મચી ગઈ. હજારોની ભાગદોડમાં લોકોની જાનહાનિ થઈ શકે. એન્કર અસરાનીજી આ સમજી ગયા ને સ્ટેજ પર કિશોરદાને ખેંચીને ‘બપ્પી બપ્પી રે બસ કરો ઓ બપ્પી’ ગીત ગાયું- લોકો પાગલ થઈ ગયા, કારણ કે પછી કિશોરદાએ ‘કાંચી રે કાંચી રે’ ગીત એમાં જોડીને ડાંસ કર્યો ને શો આબાદ ઉગરી ગયો...

એ ગીત પછી અસરાનીજીએ કહ્યું, ‘માઈક ના છોડને કી આદત સિર્ફ નેતા કો નહીં અભિનેતા કો ભી હોતી હે. લીડર ઔર સિંગર સબ માઇક કે ભૂખે હૈં!’

એક જમાનામાં ‘ફિલ્મફેર એવોર્ડ’ના શો અત્યાર જેવા નકલી કે બોરિંગ નહોતા. ત્યારે બહુ સન્માનપૂર્વક તબસ્સુમ કે અસરાની સંચાલન સંભાળતાં. વળી અસરાની અને સંજીવ કુમાર મુંબઈની ચોપાટી પર નાળિયેરપાણી વેચનારા મલયાલી અને માલિશ કરવાવાળા બિહારીની અદ્‌ભુત આઇટેમ પેશ કરતા.

અસરાનીજીએ ‘ચલા મુરારી હીરો બનને’ ફિલ્મ બનાવેલી જે સમયથી આગળ હતી અને બોક્સ ઓફિસ પર ચાલી નહોતી. એમણે બીજી ૨-૩ ફિલ્મ પણ નિર્દેશિત કરેલી, જેમાં જેકી શ્રોફને લઈને ‘દિલ હી તો હૈ’ અને ‘રેખા-સૈફ’વાળી ‘ઉડાન’ ફિલ્મ હતી. એ બંને ફિલ્મને બનતા વરસો લાગ્યા ને ફિલ્મો નિષ્ફળ જતા અસરાનીજી આર્થિક-માનસિક રીતે તૂટી ગયેલા. આમેય ૧૯૮૫ પછી સાઉથની રિમેક ફિલ્મોમાં લેખક-અભિનેતા કાદરખાનની વલ્ગર કોમેડી આવવા માંડી ત્યારે અસરાનીજી ખૂબ અકળાતા ને અમુક ફિલ્મોમાં કાદરખાનના ચમચા જેવા રોલ પણ કર્યા... પણ પછી અશ્લીલતાનો અતિરેક થયો ત્યાર પછી સાઉથવાળી ફિલ્મો બંધ કરી, પણ કોમેડી કરવા અશ્લિલતાને શરણે કદી ના ગયા.

૨૦૦૦ પછી પ્રિયદર્શન, ડેવિડ ધવનની અમુક ફિલ્મોમાં ફરી ચમકેલા. ૨૦૦૪-૫માં મેં સલમાન ખાનની ‘ક્યૂંકિ’ ફિલ્મમાં સંવાદો-ગીતો લખેલા. એ ફિલ્મ પાગલખાના પર હતી. અસરાનીજીએ એક પાગલની ભૂમિકા એટલી સરસ ભજવેલી કે બીજા બધા જોતા રહી ગયા. એમાં પાગલ લોકો રેડિયો વગાડવા મ્યુઝિક સાંભળવા બળવો કરે છે. સલમાને ૩ પાનાનો સંગીત પર લાંબો સંવાદ એક સાથે એક જ શોટમાં બોલવાનો હતો. સવારથી અસરાનીજીએ સલમાનને શીખવવા-યાદ કરવામાં ખૂબ મદદ કરેલી ને મને પણ ટેકો આપેલો, જેથી સલમાન કંટાળીને સીન ટૂંકાવી ના નાખે. એ શૂટિંગમાં રોજ રાત્રે પાર્ટીઓ થતી ત્યારે અસરાનીજી રાજેન્દ્ર કુમાર, દિલીપ કુમાર અને ખાસ તો દેવ આનંદની મિમિક્રી કરીને અસલી કિસ્સા સાંભળાવતા ત્યારે મહેફિલ ખીલી ઉઠતી. ત્યારે મેં અસરાનીજી પાસે ફિલ્મલાઇનના ઉતાર-ચઢાવ માટે સલાહ માંગી. ત્યારે અસરાની સરે કહ્યું :

‘વિવેકાનંદજી કહતે થે-જીવનમેં કુછ ભી હો જાયે ‘ચૌંકના મત’- યે દો શબ્દ યાદ રખના કિ ‘ચૌંકાના મત’.!

-પણ સોરી, અસરાની સર, ‘ચૌંકના મત’ એ શબ્દો તમારી અચાનક વિદાય વેળાએ સાવ બુઠ્ઠા લાગે છે.

ગુડબાય, ગુરુજી...! ■

---

**ફિલ્મનામા**
**નરેશ શાહ**

# શંકાના દાયરામાં ‘માસૂમ’

## સગ્ગા બાપે કરેલાં ‘ક્રાઈમ’ની પડતાલ લે છે દીકરી ત્યારે...

નાનું-મોટું ‘મહાભારત’ દરેક કુટુંબમાં ભજવાતું હોય છે, જેમાં કૈકેયીથી માંડીને ભીષ્મ સુધીનાં પાત્રોના પડછાયા અને પ્રતિકૃતિ પણ જડતી રહે છે. બોમન ઈરાની જેવા તગડાં એક્ટરની ઓટીટી પ્લેટફોર્મ (જિયો- હોટસ્ટાર) પર ડેબ્યુ કરાવતી વેબસિરીઝ ‘માસૂમ’ પણ એક કૌટુંબિક કોઠા-કબાડાને બયાન કરતું થ્રિલર છે.

પંજાબના લોકાલ પર સેટ થયેલી ‘માસૂમ’ મર્ડર-મિસ્ટ્રીની જેમ ઊઘડે છે, પણ ખરેખર તો એ એક ‘માસૂમ’ લવસ્ટોરી છે.

ચેતવણીઃ લવસ્ટોરી શબ્દ વાંચીને કોઈએ ગેરસમજ ન કરવી, કારણ કે એક બ્રિટિશ શો પરથી પ્રેરિત આ ‘માસૂમ’ આમ જુઓ તો બાપ-દીકરી વચ્ચેના શંકાના દાયરામાં ભડકતી આગની કહાણી છે.

‘ગુણવંત નર્સિંગ હોમ’ ચલાવતાં ડો. બલરાજ કપૂર (બોમન ઈરાની)ની શાખ અને ઈજ્જત એવી ખમતીધર છે કે તેને ‘આમ પ્રજા પાર્ટી’ ચૂંટણીની ટિકિટ માટે પસંદ કરે છે અને ચૂંટણી લડવા માટે પચાસ લાખની રોકડ રકમ આપે છે, પણ...

એ જ વખતે ડો. બલરાજ કપૂરની પેરેલિસિસગ્રસ્ત પત્ની આકસ્મિક રીતે પલંગ પરથી પડી જવાથી મૃત્યુ પામે છે. પત્નીનું નામ ગુણવંત (ઉપાસના સિંહ) છે અને તેના નામે જ ડો. કપૂર નર્સિંગ હોમ ચલાવે છે... પલંગગ્રસ્ત પત્નીની સુશ્રુષા માટે તેમણે નર્સ પણ રાખેલી છે. પતિને છોડીને આવી ગયેલી દીકરી (મંજરી ફડનવીસ) અને તેનો યુવાન પુત્ર (વીર રાજવંત સિંહ) પણ છે, છતાં ગુણવંતના મૃત્યુ સમયે ઘરમાં માત્ર ડો. બલરાજ કપૂર જ હાજર હતાં અને આ દુર્ઘટના બને છે. માતાના મૃત્યુના સમાચાર જાણીને દિલ્હી રહેતી નાની દીકરી સના (સમારા તિજોરી, દીપક તિજોરીની દીકરી) ઘરે આવે છે, પણ તેને ગળા સુધી વિશ્વાસ છે કે માતાનું આકસ્મિક મૃત્યુ નથી થયું, પણ હત્યા થઈ છે. સનાને ડાઉટ છે કે, આ હત્યા તેના પિતા ડો. બલરાજ કપૂરે (બોમન ઈરાની) જ કરી છે...




ઘરે પહોંચ્યા પછી સનાને ખબર પડે છે કે (ચૂંટણી લડવા માટે આવેલી) તોતિંગ રકમની પણ માતાના મૃત્યુ દરમિયાન જ ચોરી થઈ છે, પણ પિતા પોલીસ ફરિયાદ કરતા નથી. પત્ની ગુણવંત પલંગ પરથી પડીને મૃત્યુ પામી ત્યારે પિતા ડો. કપૂર એક ઈમર્જન્સી પેશન્ટ માટે તેના ઘરે ગયા હતા એવી વાત પણ જૂઠી હોવાનું સનાને ખબર પડે છે... જોકે (આપણા સિવાય એટલે કે દર્શકો સિવાય) ઘરમાં કોઈને ખબર નથી કે ઘરની તિજોરીમાંથી ચોરાયેલાં પૈસા પુત્ર (વીર રાજવંત સિંહ) એ જ તફડાવ્યાં હતાં અને એ રકમનો થેલો તે તેના બોયફ્રેન્ડને આપી આવ્યો છે. બન્ને ગે (સમલિંગી) છે. વિદેશ ભાગી જવાનું પ્લાનિંગ કરી રહ્યા છે અને...

ઘરભંગ થઈને આવેલી ડો. કપૂરની મોટી દીકરી પણ છે. પિતા પાસે રહેવું કે પતિ પાસે ચાલ્યા જવું એ નક્કી તે નથી કરી શકતી. આવા અંદર-અંદર ગૂંચવાયેલાં પરિવારની ‘માસૂમ’ની કથા (લેખક-સત્યમ ત્રિપાઠી) છે. ડિરેક્ટર મિહિર દેસાઈએ એવી ખૂબીથી ‘માસૂમ’નું ડિરેક્શન કર્યું છે કે, સત્ય જાણવાની આપણી તાલાવેલી અંત સુધી બરકરાર રહે છે. ડિરેક્ટર ઓફ ફોટોગ્રાફી (ડીઓપી) વિવેક શાહની છે. બોમન ઈરાનીના દાદુ એક્સ્પ્રેશન તેમણે ખૂબીથી ઝીલ્યાં છે એ સ્વીકારવું રહ્યું. (વિવેક શાહ આપણા ચિંતક-લેખક ગુણવંત શાહના પુત્ર છે.) બોમન ઈરાની ‘માસૂમ’નું સૌથી મોટું જમાપાસું છે અને ડો. બલરાજ કપૂર તરીકે તેમણે ભલભલા એક્ટરને ટક્કર મારે તેનો અભિનય કર્યો છે. સગી દીકરી પોતાને પત્નીનો હત્યારો માને છે, તેનો અંદેશો પામી ગયા પછી પણ પુત્રી સાથેના વહેવાર દર્શાવવામાં બોમન ઈરાનીએ કમાલ કરી છે તો પત્ની ઉપાસના સિંહને આપણે કપિલ શર્માના શોમાં કોમેડી કરતાં જોયા છે, પણ અહીં નાનકડાં પાત્રમાં પણ એ અલગ ઈમેજ ઊભી કરી શક્યાં છે.

‘માસૂમ’ની કથા આમ તો પિતા-પુત્રીની વચ્ચેની છે અને પુત્રી સનાના પાત્રમાં સમારા તિજોરીએ પણ સરસ કામ કર્યું છે, પરંતુ પંજાબી પોલીસમેન તરીકે મનુ રિશી ચઢ્ઢા વેડફાયા હોય એવું લાગે છે. આ પોલીસમેન સિરીઝના ઓપનિંગમાં જ આવે છે એટલે એવી ધારણાં બને કે છેલ્લે કશુંક જરૂરથી બનશે... એક વખત તો પુત્રી સના માતાની હત્યા થઈ હોવાની એફઆઈઆર લખાવવાની વાત પણ આ પોલીસમેનને કરે છે, પણ...

શું ગુણવંત કપૂરનું મૃત્યુ આકસ્મિક હતું? શું પતિએ જ તેની હત્યા કરી હતી? દીકરા કે મોટી દીકરી કે હડધૂત થયેલાં જમાઈની કોઈ ભૂમિકા હતી અને બીમાર ગુણવંત કપૂરની હત્યા થઈ તો શા માટે થઈ? ‘માસૂમ’ આ તમામ પ્રશ્નોનો જવાબ તો આપે જ છે, પણ આ સિરીઝનો બીજો ભાગ બને, એ માટેનો ટ્વિસ્ટ પણ ઉમેરવામાં આવે છે. છેલ્લાં એપિસોડના ‘એન્ડ ટાઈટલ’ વખતે રિમોટનો ઉપયોગ ના કરતાં, ટ્વિસ્ટ ત્યાર પછી દર્શાવાયો છે... ■

---

**મનોરંજનનું મેઘધનુષ**
**ઉમેશ ત્રિવેદી**

# શર્વરી વાઘ

## ધીમી પણ મક્કમ ગતિએ બોલિવૂડમાં આગળ વધી રહી છે આ અભિનેત્રી...



જાણીતા દિગ્દર્શક સંજય લીલા ભણસાલી અને લવરંજન સાથે લગભગ ત્રણેક વર્ષ સુધી સહાયક દિગ્દર્શક તરીકે કામ કરનારી શર્વરી વાઘે પોતાની અભિનયની કારકિર્દી ટી.વી. પર આવેલી ‘ધ ફરોગટન આર્મી-આઝાદી કે લિયે’થી શરૂ કરી છે. કબીર ખાન દિગ્દર્શિત આ સિરીઝમાં તેનું કામ વખાણાયું હતું અને ત્યાર પછી તેણે બોલિવૂડમાં એન્ટ્રી લીધી છે.

મુંબઈ શહેરમાં એક મરાઠી કુટુંબમાં જન્મેલી શર્વરીના પિતા શૈલેષ વાઘ જાણીતાં બિલ્ડર છે અને તેની માતા નમ્રતા આર્કિટેક્ટ છે. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મનોહર જોશી એ શર્વરીના નાના છે. દાદરમાં આવેલી પારસી યુથ એસેમ્બ્લી હાઈ સ્કૂલ અને ત્યારબાદ રૂપારેલ કોલેજમાં શર્વરીએ શિક્ષણ પૂરું કર્યું છે.

‘પ્યાર કા પંચનામા’, ‘સોનુ કે ટીટુ કી સ્વીટી’ અને ‘બાજીરાવ મસ્તાની’માં તેણે સહાયક દિગ્દર્શક તરીકે કામ કર્યું છે, પણ શરૂઆતથી જ તેને અભિનેત્રી બનવું હતું અને ૨૦૧૪થી તે સતત ઓડિશન આપી રહી છે એમ શર્વરીએ તાજેતરમાં જ એક મુલાકાતમાં કહ્યું છે. આ ઓડિશનને કારણે જ તેને કબીર ખાનની ટી.વી. સિરિયલમાં કામ મળ્યું હતું.

‘યશરાજ’ બેનરની કોમેડી-ક્રાઈમ ફિલ્મ ‘બંટી ઔર બબલી ૨’એ તેની બોલિવૂડની પ્રથમ ફિલ્મ હતી. ફિલ્મમાં રાની મુખર્જી, સૈફ અલી ખાન અને સિદ્ધાંત ચતુર્વેદી સાથે તેની મુખ્ય ભૂમિકા હતી. આ ફિલ્મ અને તેની ભૂમિકા માટે તેને ‘ફિલ્મ ફેર’ અને ‘આઈફા’ અવોર્ડસ મળ્યાં ત્યારે જ તેણે સાબિત કરી દીધું હતું કે તે બોલિવૂડમાં માત્ર ‘ફરવા’ માટે નહીં, પણ લાંબો સમય ટકી રહેવા માટે આવી છે.

આ ફિલ્મ રિલીઝ થયાનાં ત્રણ વર્ષ પછી તે આમિર ખાનના પુત્ર જુનૈદ ખાન સાથે ‘મહારાજ’માં દેખાઈ હતી. ‘યશરાજ ફિલ્મ્સ’ની આ ફિલ્મ સીધી જ ઓટીટી પર રિલીઝ થઈ હતી. તેમાં પણ તેના અભિનયના વખાણ થયા હતાં. આ ફિલ્મ પછી તે જ્હોન અબ્રાહમ સાથેની ફિલ્મ ‘વેદા’માં ઝળકી. જોકે, તે ફિલ્મ બોક્સ-ઓફિસ પર ખાસ કમાલ દાખવી શકી નહોતી.

શર્વરી વાઘની આગામી ફિલ્મ પણ ‘યશરાજ’ બેનરની જ છે. ‘યશરાજ’ની ફિલ્મો મેળવવા માટે ઘણી અભિનેત્રીઓને વર્ષો સુધી રાહ જોવી પડે છે, જ્યારે શર્વરી એટલી નસીબદાર છે કે અત્યાર સુધીમાં તેણે કરેલી ચાર ફિલ્મમાંથી બે ફિલ્મ ‘યશરાજ’ની છે અને તેની પાંચમી ફિલ્મ પણ યશરાજ બેનરની જ છે. યશરાજ બેનરની ‘સ્પાય યુનિવર્સ’ની આગામી ફિલ્મ ‘આલ્ફા’માં શર્વરી વાઘ અને આલિયા ભટ્ટની મુખ્ય ભૂમિકા છે.

૨૦૨૪માં આવેલી સુપરડુપર હિટ ફિલ્મ ‘મુંજ્યા’માં બેલાની ભૂમિકામાં તેના અભિનયના ખૂબ જ વખાણ થયા હતા. ‘આલ્ફા’ પછી શર્વરી ઈમ્તિયાઝ અલીની આગામી ફિલ્મમાં દિલજિત દોસંજ અને વેદાંગ રૈના સાથે દેખાશે. એક પછી એક ફિલ્મો પસંદ કરીને શર્વરી વાઘ ધીમી પણ મક્કમ ગતિએ બોલિવૂડમાં આગળ વધી રહી છે. માત્ર ૨૮ વર્ષની ઉંમરે પોતાનું સ્થાન મજબૂત કરનારી શર્વરી વાઘ માટે હજી ખૂબ જ તક રહેલી છે.

---

## ૨૫ ઓકટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી રોમેન્ટિક કોમેડીથી માંડીને એક્શન ફિલ્મનો ધમાકો થશે...

**OTTનું હોટસ્પોટ**

OTT પર આ અઠવાડિયા દરમિયાન પણ ઓસ્ટ્રેલિયા સામે વન-ડે શ્રેણીની મેચ અને મહિલા વિશ્વકપની અન્ય મેચો માણવા મળશે, પણ સાથે જ રોમાન્ટિક કોમેડી ફિલ્મથી માંડી એક્શન ફિલ્મો જોવા મળશે.

* **જિયો હોટસ્ટારઃ** આ લોકપ્રિય ઓટીટી ચેનલ પર તમિળ ભાષાની રાજકીય એક્શન ફિલ્મ ‘શક્તિ થિરૂમગન’નું પ્રસારણ શરૂ થઈ ચુક્યું છે. સાથે જ સુપરહીરોની થ્રિલર ફિલ્મ ‘લોકો-ચેપ્ટર વન’નું પ્રસારણ શરૂ થયું છે. ૨૫ ઓક્ટોબરે એઆઈ (આર્ટિફિશ્યલ ઈન્ટિલિજન્સ) દ્વારા નિર્મિત ફિલ્મ ‘મહાભારત એક ધર્મયુદ્ધ’ માણી શકાશે તો ‘ધ કાર્દિશિયન’ની સાતમી સિઝનનું પ્રસારણ પણ શરૂ થઈ ચુક્યું છે.

* **નેટફ્લિક્સઃ** આ ખૂબ જ લોકપ્રિય OTT પ્લેટફોર્મ પર પવન કલ્યાણ અને ઈમરાન હાશમી અભિનિત ફિલ્મ ‘ધે કોલ હિમ ઓજી’ જોવા મળશે. એક્શન ફિલ્મનાં ચાહકો માટે તો આ સુપરહીટ ફિલ્મ તેમની દિવાળી સુધારશે. આ ઉપરાંત ‘કુરુક્ષેત્ર’ બીજા ભાગનું પુનઃ પ્રસારણ શરૂ થઈ ચુક્યું છે.

* **એમેઝોન પ્રાઈમ વીડિયોઃ** સિદ્ધાર્થ મલ્હોત્રા અને જ્હાનવી કપૂર અભિનિત રોમાન્ટિક કોમેડી ફિલ્મ ‘પરમ સુંદરી’નું પ્રસારણ પહેલી જ વાર આ પ્લેટફોર્મ પર થઈ રહ્યું છે. બોક્સ-ઓફિસ પર ‘હિટ’ સાબિત થયેલી આ ફિલ્મ આજે (શુક્રવાર તા. ૨૪મી)થી જ રજૂ થઈ રહી છે. ■

---


# ક્વિક ફિલ્મી ક્વિઝ

**નીલા સુનીલ મહેતા**

### ક્વિઝ (અ)

**આ કલાકારોની એવી ફિલ્મનું નામ જેમાં કહેવત હોય.. આવી ફિલ્મનું નામ જાણો છો?**

૧) ગોવિંદા
૨) જિતેન્દ્ર
૩) વિનોદ ખન્ના- સુનિલ દત્ત
૪) અરુણ ગોવિલ
૫) કુણાલ કપૂર
૬) કિશોર કુમાર
૭) ચંદ્રચુર સિંહ



### ક્વિઝ (બ)

**આ ગીતો કઈ ફિલ્મનાં છે એ કહો...**

૧) પ્યાર કરને વાલે કભી ડરતે નહીં જો ડરતે હૈ વો...
૨) પ્યાર કિયા તો ડરના ક્યાં પ્યાર કિયા કોઈ ચોરી નહીં...
૩) પ્યાર દીવાના હોતા હૈ મસ્તાના હોતા હૈ હર ખુશી...
૪) પ્યાર માંગા હૈ તુમ્હી સે ના ઈન્કાર કરો પાસ બૈઠો....
૫) પ્યાર કી યે કહાની સુનો એક લડકાં થા એક લડકી...
૬) પ્યાર મેં કભી કભી ઐસા હો જાતા હૈ...
૭) પ્યાર કર લીયા તો ક્યાં પ્યાર હૈ ખતા નહીં તેરી મેરી...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

# ભારત બીજી વન-ડેમાં પણ ઓસ્ટ્રેલિયા સામે હાર્યું

## ઍડિલેઇડમાં ટીમ ઈન્ડિયા ૧૭ વર્ષે પરાજિતઃ કાંગારુઓની ૨-૦થી અજેય સરસાઈ



શ્રેયસ (ડાબે) અને રોહિત વચ્ચે ૧૩૬ બૉલમાં ૧૧૮ રનની ભાગીદારી થઈ હતી.

ઍડિલેઇડઃ ઓસ્ટ્રેલિયાએ બીજી વનડેમાં ભારતને બે વિકેટથી હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ મેળવી હતી. એડિલેડમાં ટીમ ઈન્ડિયા ૧૭ વર્ષે હારી છે. ઓસ્ટ્રેલિયાએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. રોહિત શર્મા (૭૩ રન) અને શ્રેયસ ઐયર (૬૧ રન)ની અડધી સદીની મદદથી ભારતે ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૬૪ રન કર્યા હતા. જેના જવાબમાં ઓસ્ટ્રેલિયા તરફથી મેથ્યુ શોર્ટ અને કૂપર કોનોલીએ અડધી સદી ફટકારી હતી જેના કારણે ટીમે ૪૬.૨ ઓવરમાં આઠ વિકેટે ૨૬૫ રન કરીને જીત મેળવી હતી.

લક્ષ્યનો પીછો કરતા ઓસ્ટ્રેલિયાએ ૫૪ રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી પરંતુ મેથ્યુ શોર્ટે ઇનિંગને સ્થિરતા આપી હતી અને અડધી સદી ફટકારી હતી. ભારતે રેનશો અને એલેક્સ કેરીને આઉટ કર્યા જેનાથી ઓસ્ટ્રેલિયા પર દબાણ વધ્યું હતું. ત્યારબાદ હર્ષિત રાણાએ શોર્ટને પણ આઉટ કર્યો હતો. જોકે, કોનોલીએ અણનમ રહીને ટીમને જીત અપાવી હતી. ચાર વિકેટ લેનાર એડમ ઝેમ્પાને મેન ઓફ ધ મેચનો પુરસ્કરા અપાયો હતો.

ઓસ્ટ્રેલિયા તરફથી શોર્ટે સૌથી વધુ ૭૪ રન કર્યા હતા. જ્યારે કોનોલી ૬૧ રન કરીને અણનમ રહ્યો હતો. અર્શદીપ સિંહ, હર્ષિત રાણા અને વોશિંગ્ટન સુંદરે બે-બે વિકેટ લીધી, જ્યારે મોહમ્મદ સિરાજ અને અક્ષર પટેલે એક-એક વિકેટ ઝડપી હતી. ૨૬૫ રનના લક્ષ્યનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની શરૂઆત ખરાબ રહી હતી. કેપ્ટન મિશેલ માર્શ ૧૧ અને ટ્રેવિસ હેડ ૨૮ રન કરીને આઉટ થયા હતા. મેટ શોર્ટે મેટ રેનશો (૩૦ બોલમાં ૩૦) સાથે મળીને ત્રીજી વિકેટ માટે ૫૫ રનની ભાગીદારી કરીને પોતાની ટીમને મુશ્કેલીમાંથી બહાર કાઢી હતી. કાંગારૂઓએ ૧૩૨ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. એવું લાગતું હતું કે ટીમ ઈન્ડિયા વાપસી કરશે પરંતુ કૂપર કોનોલીએ તેમની આશાઓ પર પાણી ફેરવી દીધું હતું.

આ અગાઉ ભારતની શરૂઆત નબળી રહી હતી. બાર્ટલેટે કેપ્ટન શુભમન ગિલ (૦૯) અને વિરાટ કોહલી (૦૦) ને આઉટ કરીને ભારતને શરૂઆતમાં ફટકો આપ્યો હતો. કોહલી સતત બીજી મેચમાં પોતાનું ખાતું ખોલવામાં નિષ્ફળ ગયો હતો. જ્યારે લોકેશ રાહુલ (૧૧) પણ બોલ્ડ થયો હતો. અક્ષર અને વોશિંગ્ટન (૧૨) એ છઠ્ઠી વિકેટ માટે ૩૯ રન કર્યા હતા પરંતુ પછી બંને બેટ્સમેન ઝડપથી આઉટ થયા હતા. હર્ષિત રાણાએ અણનમ ૨૪ રન ફટકાર્યા હતા. ■

# રોહિત-કોહલીનો યુગ ફક્ત રેકોર્ડમાં જ નહીં ફેન્સના દિલમાં પણ રહેશેઃ ગ્રેગ ચેપલ

ઍડિલેઇડઃ ભારતના ભૂતપૂર્વ મુખ્ય કોચ ગ્રેગ ચેપલનું માનવું છે કે વિરાટ કોહલીનું ઝનૂન અને વ્યક્તિગત ગૌરવને વધુ મહત્ત્વ ન આપવું અને રોહિત શર્માની વિનમ્રતા અને કલાત્મકતા ફક્ત રેકોર્ડ બુકમાં જ નહીં પરંતુ ચાહકોના દિલોમાં પણ હંમેશા માટે અંકિત થઈ જશે. પોતાના અંતિમ ઓસ્ટ્રેલિયન પ્રવાસ પર આવેલા રોહિત શર્મા અને વિરાટ કોહલી કરિયરના અંતિમ પડાવ પર છે અને ચેપલને લાગે છે કે આ જોડીનો વારસો આંકડાઓથી આગળ છે. પોતાની કોલમાં ચેપલે લખ્યું હતું કે ''જેમ જેમ ક્રિકેટ વિશ્વ આગળ વધશે, તેમ તેમ નવા નામો ઉભરાઈને આવશે. નવા કેપ્ટન નેતૃત્વ કરશે, પરંતુ આ સ્વર્ણિમ અધ્યાય - કોહલી-રોહિત યુગ - ફક્ત રેકોર્ડ બુકમાં જ નહીં પરંતુ દરેક ચાહકના હૃદયમાં અંકિત રહેશે જે સમજે છે કે તેઓ શા માટે ઊભા છે.''

ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન દિગ્ગજ ચેપલનું માનવું છે કે કોહલીને ફક્ત મહાન બેટ્સમેનોની શ્રેણીમાં રાખવો તેની સાથે અન્યાય હશે. તેમણે લખ્યું હતું કે, ''કોહલી ક્યારેય ફક્ત બેટ્સમેન નહોતો. તે એક આંદોલન હતો. તેણે તે દર્શાવ્યું જે બહુ ઓછા લોકો કરી શકે છે. એક યોદ્ધા જેવી માનસિકતા.'' તેમણે ભારતની વન-ડે ટીમને એક તેજ, કેન્દ્રિત અને સંપૂર્ણપણે ફિટ ટીમમાં પરિવર્તિત કરી જે ઘરઆંગણે હોય કે વિદેશમાં જીતવા માટે રમતી હતી. ત્યારબાદ તેમણે તેમની રમત અને વ્યક્તિત્વનું વિશ્લેષણ કર્યું અને સમજાવ્યું કે બંને કઈ ચીજના પ્રતીક હતા.

ચેપલે લખ્યું હતું કે, ''કોહલીનું ઝનૂન, તેનો સમાધાન નહીં કરવાનો, આંકડાઓથી વધુ કરતાં વારસામાં તેનો વિશ્વાસ. રોહિતની ભવ્યતા, તેની નમ્રતા અને તેની વાપસીની વાર્તાએ આપણને બધાને યાદ અપાવ્યું કે ક્રિકેટ કે જિંદગીમાં ટાઈમિંગ જ બધુ છે.'' ચેપલે કહ્યું કે કોહલીને પોતાના અગાઉના ખેલાડીઓની જેમ આંકડાઓમાં મોહ નહોતો.

તેમણે લખ્યું હતું કે, ''પરંતુ જે વસ્તુ તેને (કોહલીને) તેના પહેલા આવેલા મહાન ખેલાડીઓથી અલગ બનાવે છે તે વ્યક્તિગત આંકડાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અભાવ હતો. જ્યારે દુનિયા સદીઓ અને કુલ સ્કોરની પ્રશંસા કરતી હતી, ત્યારે કોહલી ફક્ત પરિણામોની ચિંતા કરતો હતો.'' ચેપલે લખ્યું હતું કે, ''તેમણે એક વખત કહ્યું હતું કે તે ભારત માટે રમે છે, રેકોર્ડ માટે નહીં. એક નિવેદન જે તેમના નેતૃત્વને વ્યાખ્યાયિત કરે છે. કોહલી કંઈક મોટું ઇચ્છતો હતો. તેની ઓળખ વારસો હતી, આંકડા નહીં.'' ■

# ભારતીય મહિલાઓ સેમિ ફાઇનલમાં

## સૌથી મોટું ટોટલ, સૌથી મોટી ભાગીદારીઃ નવી મુંબઈમાં ભારતનો સિલસિલાબંધ વિક્રમો સાથે વિજય





પ્રતીકા (ઉપર) અને સ્મૃતિ (ડાબે) વચ્ચે સાત સેન્ચુરી પાર્ટનરશિપ થઈ અને તેમણે મિતાલી રાજ અને પૂનમ રાઉતની બરાબરી કરી છે.

નવી મુંબઈઃ ભારતે ડી. વાય. પાટીલ સ્ટેડિયમમાં ન્યૂ ઝીલૅન્ડ સામે વન-ડે વર્લ્ડ કપની ડુ ઑર ડાય મૅચમાં કેટલાક વિક્રમો સાથે ૫૩ રનના માર્જિન સાથે વિજય મેળવીને સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. ન્યૂ ઝીલૅન્ડની ટીમ તોતિંગ લક્ષ્યાંકના બોજ નીચે દબાઈ જતાં હારી ગઈ હતી. બ્રૂક હૉલિડેનાં ૮૧ રન અને ઇસાબેલ ગેઝનાં અણનમ ૬૫ રન એળે ગયા હતા.

ભારતે વરસાદ પછીની નિર્ધારિત ૪૯ ઓવરમાં ત્રણ વિકેટે ૩૪૦ રન કર્યા હતા અને ન્યૂ ઝીલૅન્ડને ૩૪૧ રનનો ટાર્ગેટ મળ્યો હતો. જોકે ફરી વરસાદ પડતાં ન્યૂ ઝીલૅન્ડને ૪૪ ઓવરમાં ૩૨૫ રન કરવાનો નવો લક્ષ્યાંક મળ્યો હતો અને તેઓ ૮ વિકેટે ૨૭૧ રન કરી શકી હતી. રેણુકા અને ક્રાંતિ ગૌડે બે-બે વિકેટ તેમ જ અન્ય સ્નેહ, ચરની, પ્રતીકા અને દીપ્તિએ એક-એક વિકેટ લીધી હતી.

૩/૩૪૦નો સ્કોર આ વર્લ્ડ કપમાં હાઇએસ્ટ ટીમ-સ્કોર તેમ જ ભારતના વર્લ્ડ કપ ઇતિહાસમાં સૌથી મોટું ટોટલ છે. બે ઓપનિંગ બૅટર સ્મૃતિ મંધાના (૧૦૯ રન, ૯૫ બૉલ, ચાર સિક્સર, દસ ફોર) અને પ્રતીકા રાવલ (૧૨૨ રન, ૧૩૪ બૉલ, બે સિક્સર, તેર ફોર) વચ્ચે ૨૧૨ રનની ભાગીદારી થઈ હતી જે પણ વિશ્વ કપમાં ભારતનો નવો વિક્રમ છે.

સ્મૃતિ મંધાના ૧૪મી સદી સાથે વન-ડેમાં મેગ લેનિંગ (૧૫ સદી) પછીની વિશ્વની બીજા નંબરની બૅટર બની છે. મંધાનાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કુલ ૧૭ સેન્ચુરી થઈ છે અને એ સાથે તે અવ્વલ સ્થાને લેનિંગની બરાબરીમાં થઈ ગઈ છે. પ્રતીકા રાવલે ૨૩ વન-ડે ઇનિંગ્સમાં ૧,૦૦૦ રન પૂરા કર્યા જેમાં તેણે ૩૭ વર્ષ જૂના લિન્ડ્સે રીલરના વિશ્વવિક્રમની બરાબરી કરી છે. મહિલા વન-ડે વર્લ્ડ કપની એક જ મૅચમાં બન્ને ઓપનરે સેન્ચુરી ફટકારી હોય એવું ત્રીજી જ વખત બન્યું છે. જેમાઇમા રૉડ્રિગ્સ ૭૬ રને અણનમ રહી હતી. ■

# વન-ડેમાં ભારત માટે સૌથી વધુ રન કરનાર ત્રીજો બેટ્સમેન બન્યો રોહિત, ગાંગુલીને છોડ્યો પાછળ

ઍડિલેઇડઃ ઓસ્ટ્રેલિયા સામેની બીજી ટેસ્ટ દરમિયાન અનુભવી ભારતીય બેટ્સમેન રોહિત શર્માએ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી હતી. રોહિત શર્માએ બીજી ટેસ્ટમાં શાનદાર બેટિંગ કરી અને પોતાની ૫૯મી વન-ડે અડધી સદી ફટકારી હતી. રોહિતની ઇનિંગ્સથી ભારતે ઓસ્ટ્રેલિયાને ૨૬૫ રનનો લક્ષ્યાંક આપ્યો હતો. રોહિત ભારતનો વન-ડેમાં ત્રીજો સૌથી વધુ રન કરનાર બેટ્સમેન બન્યો હતો. રોહિતે આ મેચમાં ૭૪ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી હતી. રોહિત અને શ્રેયસે ત્રીજી વિકેટ માટે ૧૧૮ રનની ભાગીદારી કરી હતી. રોહિત ભૂતપૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીને પાછળ છોડીને વનડેમાં ભારતનો ત્રીજો સૌથી વધુ રન કરનાર બેટ્સમેન બન્યો હતો. ગાંગુલીએ ભારત માટે વનડેમાં ૧૧,૨૨૧ રન ફટકાર્યા હતા જ્યારે રોહિતે અત્યાર સુધીમાં ૧૧,૨૪૯ રન કર્યા છે. આ બાબતમાં વિરાટ કોહલી અને સચિન તેંડુલકર રોહિતથી આગળ છે. કોહલીએ હાલમાં ૧૪,૧૮૧ રન કર્યા છે, જ્યારે સચિને ૧૮,૪૨૬ રન કર્યા હતા. ■

# ઑલરાઉન્ડર્સને લેવાની લાલચમાં કુલદીપને કેમ નથી રમાડતા?: ટીમ મૅનેજમેન્ટ પર પડી પસ્તાળ



ઍડિલેઇડઃ ઍડિલેઇડ લેફ્ટ-આર્મ સ્પિનર અને ચાઇનામૅન તરીકે ઓળખાતો કુલદીપ યાદવ (Kuldeep yadav) હાલમાં ભારતનો સર્વશ્રેષ્ઠ લેગ સ્પિનર છે, પરંતુ ઑસ્ટ્રેલિયા (Australia) સામેની પહેલી બંને વન-ડે (ODI)માં તેને ટીમમાં ન સમાવીને ટીમ મૅનેજમેન્ટે બહુ મોટી ભૂલ કરી એવું કહીને અસંખ્ય ક્રિકેટ પ્રેમીઓએ મૅનેજમેન્ટને મીડિયામાં ટ્રોલ કર્યું છે.

તાજેતરમાં વેસ્ટ ઇન્ડીઝ સામેની ટેસ્ટ સિરીઝમાં કુલદીપે સૌથી વધુ ૧૨ વિકેટ લીધી હતી અને એના અઠવાડિયા પહેલાં (૨૮મી સપ્ટેમ્બરે) એશિયા કપની દુબઈની ફાઇનલમાં તેણે પાકિસ્તાનની ચાર વિકેટ મેળવી હતી.

એમ છતાં ભારતના આ બેસ્ટ વિકેટ-ટેકિંગ સ્પિનરને ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝમાં અવગણવામાં આવ્યો એ બદલ ક્રિકેટ પ્રેમીઓ ટીમ મૅનેજમેન્ટ પર ગુસ્સે થયા છે. ટીમ મૅનેજમેન્ટમાં કેપ્ટન, હેડ-કોચ અને સિનિયર ખેલાડીઓનો સમાવેશ હોય છે.

ઘણા ક્રિકેટપ્રેમીઓનું કહેવું છે કે મૅનેજમેન્ટ ટીમમાં બને એટલા વધુ ઑલરાઉન્ડરને સમાવવાની લાલચમાં કુલદીપને ભૂલી રહ્યા છે. કાંગારુ સામેની બંને મૅચમાં ત્રણ ઑલરાઉન્ડર અક્ષર પટેલ, નીતીશ રેડ્ડી અને વૉશિંગ્ટન સુંદરને સમાવવામાં આવ્યા હતા. એમાં ખાસ કરીને નીતિશ રેડ્ડીએ સૌને નિરાશ કર્યા છે. તે શ્રેણીની પહેલી મૅચમાં ૧૯ રને અણનમ રહ્યો હતો અને ગુરુવારની બીજી મૅચમાં આઠ રન કરીને આઉટ થઈ ગયો હતો. બંને મૅચમાં તે એક પણ વિકેટ નહોતો લઈ શક્યો. ■

# વિરાટના ૧૭ વર્ષની વન-ડે કરીઅરમાં પ્રથમ વાર બૅક-ટુ-બૅક ઝીરો



ઍડિલેઈડઃ વિરાટ કોહલી ઑસ્ટ્રેલિયા સામેની વન-ડે શ્રેણીમાં ગઈ કાલે સતત બીજી વાર શૂન્યમાં વિકેટ ગુમાવી બેઠો હતો. એનાથી પણ વધુ આઘાતજનક બાબત એ છે કે આ બૅટિંગ-લેજન્ડ વન-ડે કારકિર્દીમાં પહેલી જ વખત લાગલગાટ બે મૅચમાં ખાતું ખોલાવ્યા વગર જ આઉટ થયો. વિરાટ ૧૭ વર્ષની વન-ડે કારકિર્દીમાં ૧૮ વખત શૂન્યમાં આઉટ થયો છે. પહેલી વાર તેનો બૅક-ટૂ-બૅક ઝીરો જોવા મળ્યો છે.

### ગિલ અને વિરાટ, એક જ ઓવરમાં આઉટ

કુલ પાંચમી વન-ડે રમી રહેલા પેસ બોલર ઝેવિયર બાર્ટલેટને આ સિરીઝમાં પહેલી વાર રમવાનો મોકો મળ્યો અને તેણે એક જ ઓવરમાં શુભમન ગિલ (નવ રન) અને વિરાટ (૦)ની વિકેટ લીધી હતી. જોકે 'હિટમૅન' તરીકે જાણીતા રોહિત શર્મા (૭૩ રન) અને શ્રેયસ ઐયરે (૬૧ રન) વધુ ધબડકો થતો રોક્યો હતો. તેમની વચ્ચે ૧૧૮ રનની ભાગીદારી થઈ હતી.

### વિરાટ ૧,૦૦૦ રનની વિરલ સિદ્ધિ ચૂક્યો

ઍડિલેઇડ વિરાટ કોહલીનું ફેવરિટ ગ્રાઉન્ડ છે, પણ અહીં તે પચીસ રન માટે કુલ ૧,૦૦૦ ઇન્ટરનેશનલ રનની અપ્રતિમ સિદ્ધિ ચૂકી ગયો હતો. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આ સ્થળે વિદેશીઓમાં તેના કુલ ૯૭૫ રન હાઈએસ્ટ છે. બ્રાયન લારા ૯૪૦ રન સાથે બીજા નંબરે છે. ■

# પાકિસ્તાન સામે બીજી ટેસ્ટમાં સાઉથ આફ્રિકાનો વિજય, સ્પિનરોનો દબદબો

રાવલપિંડીઃ ઓફ સ્પિનર સાઈમન હાર્મરની છ વિકેટની મદદથી દક્ષિણ આફ્રિકાને બીજી અને અંતિમ ટેસ્ટ મેચના ચોથા દિવસે પાકિસ્તાનને આઠ વિકેટથી હરાવ્યું અને શ્રેણી ૧-૧ થી ડ્રો કરી દીધી. પાકિસ્તાને લાહોરમાં પ્રથમ ટેસ્ટ ચાર દિવસમાં ૯૩ રનથી જીતી લીધી હતી, જ્યારે રાવલપિંડીમાં હાર્મરની છ વિકેટે દક્ષિણ આફ્રિકાની જીતનો પાયો નાખ્યો હતો અને બીજી ઇનિંગમાં પાકિસ્તાનને ૧૩૮ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું.

દક્ષિણ આફ્રિકાને બીજી મેચ જીતવા માટે ૬૮ રનનો લક્ષ્યાંક મળ્યો હતો જેને સાઉથ આફ્રિકાએ ૧૨.૩ ઓવરમાં બે વિકેટે ૭૩ રન કરીને જીત મેળવી હતી. હાર્મર અને ઈજાના કારણે પ્રથમ ટેસ્ટથી બહાર રહેલા સ્પિનર કેશવ મહારાજે સાથે મળીને મેચમાં ૧૭ વિકેટ ઝડપી હતી.

લક્ષ્યનો પીછો કરતા કેપ્ટન એડન માર્કરામે ૪૫ બોલમાં ૪૨ રન કર્યા હતા જેમાં આઠ ચોગ્ગા સામેલ છે. જીતવા માટે ફક્ત ચાર રનની જરૂર હતી ત્યારે નોમાન અલીએ તેને એલબીડબલ્યૂ આઉટ કર્યો હતો. દક્ષિણ આફ્રિકાના ૪૦૪ રનના પ્રથમ દાવમાં અડધી સદી ફટકારનારા ચાર ખેલાડીઓમાંના એક ટ્રિસ્ટન સ્ટબ્સ ખાતું ખોલ્યા વિના નોમાનની બોલિંગમાં સ્લિપમાં કેચઆઉટ થયો હતો. તે પછી ઓપનર રેયાન રિકેલ્ટન (૨૫ અણનમ) એ સાજિદ ખાનની બોલિંગમાં છગ્ગો ફટકારીને દક્ષિણ આફ્રિકાને જીત અપાવી હતી.

અગાઉ, હાર્મર નોમાનને આઉટ કરીને ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં ૧,૦૦૦ વિકેટ લેનાર દક્ષિણ આફ્રિકાનો માત્ર ત્રીજો બોલર બન્યો હતો. અગાઉ સવારે પાકિસ્તાને ચાર વિકેટે ૯૪ રનથી પોતાનો બીજો દાવ ફરી શરૂ કર્યો પરંતુ એક કલાકથી થોડા સમયમાં બાકીની છ વિકેટ ગુમાવી દીધી હતી. હાર્મરે ગઈકાલના બંને અણનમ બેટ્સમેન બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાનને તેની પ્રથમ ત્રણ ઓવરમાં આઉટ કર્યા હતા. બાબરે એક સિંગલ સાથે તેની અડધી સદી પૂર્ણ કરી પરંતુ હાર્મરે તેને એલબીડબલ્યૂ આઉટ કર્યો હતો. ત્યારબાદ રિઝવાન પણ હાર્મરનો શિકાર બન્યો હતો. સલમાન અલી આગાએ ૨૮ રન કર્યા હતા પરંતુ મહારાજને તેને આઉટ કર્યો હતો. હાથના સ્પિનરે સાજિદને સ્ટમ્પ આઉટ કરીને પાકિસ્તાનની ઇનિંગનો અંત કર્યો હતો. ■


**પશ્ચિમ રેલવે**

**વિવિધ કાર્યો**

ચીફ વર્કશોપ મેનેજર, કેરિએજ રીપેર વર્કશોપ, પશ્ચિમ રેલવે, એન.એમ. જોશી માર્ગ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ આમંત્રિત કરે છે. ટેન્ડર નોટિસ નંબરઃ WR-PL-ME-EST-૪૯૭૦૬૦, તારીખઃ ૧૮.૧૦.૨૦૨૫. કાર્યનું નામ અને લોકેશનઃ વ્હીલ ક્લિનિંગ ઍન્ડ પેન્ટિંગ, લોડિંગ, અનલોડિંગ, ટ્રાન્ઝીટ ઓફ બોગી, વ્હીલ સેટ, ડબ્લ્યુટીએ આઈટમ, સીટીઆરબી બોક્સીસ ફ્રોમ વૅગન્સ એન્ડ લૉરી ટીબી કટ એન્ડ મેટલ ચીપ્સ ફ્રોમ ઓલ મશીન્સ ટુ વૅગન્સ થ્રુ બિન્સ એસ પર સ્કોપ ઓફ વર્ક એટ લોઅર પરેલ વર્કશોપ, ત્રણ વર્ષની મુદત માટે. અંદાજિત ખર્ચઃ રૂ. ૨,૦૭,૧૪,૪૧૧.૧૬/-. ઈએમડીઃ રૂ. ૨,૫૩,૬૦૦.૦૦/-. સુપરત કરવાની છેલ્લી તારીખ અને સમયઃ ૦૮.૧૧.૨૦૨૫ સુધી, ૧૨.૦૦ કલાકે. ખોલવાની તારીખ અને સમયઃ ૦૮.૧૧.૨૦૨૫ ૧૨.૩૦ કલાકે. વધુ વિગત માટે અમારી વેબસાઈટ www.ireps.gov.inની મુલાકાત લો.

0730

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



**PUBLIC NOTICE પબ્લિક નોટીસ**

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**નં. ડે. ચી. એન્જિ./M&E/૨૫૦૮/W.S. તા. ૧૭.૧૦.૨૦૨૫**

**ટેન્ડર નોટિસ**

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બીડરો પાસેથી ''ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ અને સમય અને બીડ અંતિમ તારીખ અને સમય ''ટેન્ડર્સ'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે.

| | |
|---|---|
| વિભાગઃ ચી. એન્જિ. (M&E) | સેક્શનઃ ડે. ચી. એન્જિ. (M&E) W.S. |
| ટેન્ડર નં.: | ૧. ૨૦૨૫_MCGM_૧૨૨૭૦૦૧_૧<br>૨. ૨૦૨૫_MCGM_૧૨૨૭૦૦૩_૧ |
| વિષયઃ | ૧. R/N વોર્ડમાં R/N વોર્ડ ઓફિસ (CTS નં. ૯૨૧/૭, જયવંત સાવંત માર્ગ, રૂસ્તમજી કોલોની), દહિસર (પ)ના નવા સ્થળ ખાતે સ્થિત ફાયર-ફાઈટિંગ, ફાયર એલાર્મ સિસ્ટમ એસેસરીઝનું રિપેર અને રિપ્લેસમેન્ટ.<br>૨. R/N વોર્ડમાં રાવલપાડા મેટરનીટી હોમ, દહિસર (પૂ) ખાતે સ્થિત ફાયર-ફાઈટિંગ, ફાયર એલાર્મ સિસ્ટમ એસેસરિઝનું રિપેર & રિપ્લેસમેન્ટ. |
| બીડ પ્રારંભઃ<br>બીડ અંતિમઃ | તારીખ - ૨૪.૧૦.૨૦૨૫ સમય- સ. ૧૧.૦૦<br>તારીખ - ૩૦.૧૦.૨૦૨૫ સમય- સાં. ૧૬.૦૦ |
| સંપર્ક વ્યક્તિ<br>a) નામઃ<br>b) ઓફિસ નં.<br>c) ઈ-મેલ ID: | E. E. (M&E) W.S.I<br>શ્રી જયંત સિરસાઠ<br>૦૨૨-૨૯૬૭૭૯૦૫, ૦૨૨-૨૯૬૭૭૫૮૬<br>eews01.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in પર મ્યુનિસિપલ વેબસાઈટ અને https://mahatenders.gov.in પર NIC પોર્ટલની મુલાકાત લેવી. ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ / કુરીયર દ્વારા ઈશ્યૂ કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
એક્ઝિ. એન્જિ. (M&E) W.S.-I.

PRO/1985/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

**K.E.M. હોસ્પિટલ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨.**

**ઈ-ટેન્ડર નોટીસ**

**નં. KEMH/૩૭૫૬/AEME તારીખ. ૨૦.૧૦.૨૦૨૫**

આ એક ઈ-ટેન્ડર નોટીસ છે. બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન ''આઈટમ રેટ ધોરણે/ ટકાવારી રેટ ધોરણે'' નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | કામનું નામ | બાના રકમ ડિપોઝીટ રૂ. | બીડ પ્રારંભ તારીખ & સમય | બીડ અંતિમ તારીખ & સમય |
|---|---|---|---|---|
| | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | KEM હોસ્પિટલમાં ૧લા માળે કોલેજ બિલ્ડીંગ ખાતે વિવિધ કામો હાથ ધરવા ૨૦૨૫_MCGM_૧૨૩૩૨૫૨_૧ | રૂ. ૧૨૦૦૦/- | ૨૪.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૩૧.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૨ | KEM હોસ્પિટલમાં સંલગ્ન કામો સાથે ટ્રોફી કેબિનેટની ડિઝાઈનિંગ, જોગવાઈ અને ફિક્સિંગ ૨૦૨૫_MCGM_૧૨૩૩૨૫૩_૧ | રૂ. ૧૧૦૦૦/- | ૨૪.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૩૧.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૩ | KEM હોસ્પિટલમાં સંલગ્ન કોલેજ બિલ્ડીંગમાં આનુષંગિક કામો હાથ ધરવા ૨૦૨૫_MCGM_૧૨૩૩૨૫૪_૧ | રૂ. ૧૦૦૦૦/- | ૨૪.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૩૧.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૪ | KEM હોસ્પિટલમાં MLTના કન્ટ્રોલ રૂમમાં કામો હાથ ધરાવવા ૨૦૨૫_MCGM_૧૨૩૩૨૫૫_૧ | રૂ. ૨૦૦૦૦/- | ૨૪.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૩૧.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૫ | KEM હોસ્પિટલમાં વિવિધ સ્થળો ખાતે ઈલેક્ટ્રિફિકેશન, એર કન્ડિશનીંગ અને દેખરેખના કામો હાથ ધરવા ૨૦૨૫_MCGM_૧૨૩૩૨૫૬_૧ | રૂ. ૧૧૦૦૦/- | ૨૪.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) | ૩૧.૧૦.૨૦૨૫ (૧૭.૦૦ ક.) |
| ૬ | પાત્રતા માપદંડ (પેકેટ 'A') | ૦૧.૧૧.૨૦૨૫ | | ૧૭.૦૦ ક. |
| ૭ | ટેકનિકલ બીડ (પેકેટ 'B') | ૦૧.૧૧.૨૦૨૫ | | ૧૭.૧૫ ક. |
| ૮ | વાણિજિયક બીડ (પેકેટ 'C') | શેડયુલ મુજબ | | |

ઈચ્છુક ટેન્ડરરે ટેન્ડરની વધુ વિગતો માટે (http://mahatender.gov.in)ની મુલાકાત લેવી. ટેન્ડરોએ નોંધ લેવી જોઈએ કે આ ટેન્ડર નોટીસ અંગે ઈશ્યુ કરાયેલ કોઈપણ સુધારા (http://mahatender.gov.in) પોર્ટલ પર પ્રકાશિત કરવામાં આવશે. સ્થાનિક અખબારોમાં કોઈ સુધારા પ્રકાશિત કરવામાં આવશે નહીં.

**ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા જારી અથવા પ્રાપ્ત કરવામાં આવશે નહીં.**

સહી/-
A.E. (M & E)
K.E.M. હોસ્પિટલ

PRO/1990/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.



**પશ્ચિમ રેલવે બાંદ્રા ટર્મિનસ ⇌ પટના વચ્ચ અનારક્ષિત તહેવાર વિશેષ ટ્રેન ચલાવશે**

| ટ્રેન ક્રમાંક | મૂળ સ્ટેશન અને ગંતવ્ય | સેવાની તારીખો | પ્રસ્થાન | આગમન |
|---|---|---|---|---|
| ૦૯૦૦૯ | બાંદ્રા ટર્મિનસ-પટના | ૨૪/૧૦/૨૦૨૫ | ૨૧:૨૦ કલાકે (શુક્રવાર) | ૧૧:૦૦ કલાકે (ત્રીજો દિવસ) |
| ૦૯૦૧૦ | પટના-બાંદ્રા ટર્મિનસ | ૨૪/૧૦/૨૦૨૫ થી ૨૬/૧૦/૨૦૨૫ | ૧૪:૦૦ કલાકે (શુક્ર, શનિ અને રવિ) | ૦૫:૦૦ કલાકે (ત્રીજો દિવસ) |

**હોલ્ટ્સ:** બોરીવલી, પાલઘર, વાપી, વલસાડ, ભેસ્તાન, ચલથાણ, નંદુરબાર, ભુસાવલ, ખંડવા, ઈટારસી, જબલપુર, કટની, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિઓકી, પં. દીન દયાલ ઉપાધ્યાય, બક્સર, આરા અને દાનાપુર સ્ટેશન બંને દિશામાં.

**રચના:** સામાન્ય બીજા વર્ગના કોચ.

સ્ટોપના સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

ઉપરોક્ત ટ્રેન ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે
wr.indianrailways.gov.in
અમને લાઇક કરો: facebook.com/WesternRly
અમને ફોલો કરો: x.com/WesternRly
instagram.com/WesternRly


# ન્યૂ ઝીલૅન્ડ સામે ઇંગ્લેન્ડે જીતી ટી-૨૦ સીરિઝ, ત્રીજી મેચ વરસાદના કારણે ધોવાઈ

ઓકલેન્ડઃ ન્યૂ ઝીલેન્ડ સામેની ત્રણ મેચની ટી-૨૦ સીરિઝ ઇંગ્લેન્ડે ૧-૦થી જીતી લીધી હતી. ઓકલેન્ડના ઈડન પાર્ક ખાતે રમાયેલી ત્રીજી મેચ વરસાદના કારણે ૩.૪ ઓવર બાદ રમાઈ શકી નહોતી. ક્રાઈસ્ટચર્ચના હેગલી ઓવલ ખાતેની પહેલી મેચ પણ વરસાદને કારણે ધોવાઈ ગઈ હતી. જ્યારે ઈંગ્લેન્ડે બીજી મેચ ૬૫ રનથી જીતી હતી. વરસાદને કારણે ખેલાડીઓને માત્ર ત્રણ બોલમાં મેદાન છોડી દેવાની ફરજ પડી હતી. ૮૦ મિનિટ પછી જ્યારે રમત ફરી શરૂ થઈ ત્યારે તેને ઘટાડીને ૧૪-૧૪ ઓવરની કરવામાં આવી હતી.

સીરિઝની એકમાત્ર મેચ બીજી ટી-૨૦માં પરિણામ આવ્યું હતું. જેમાં ઇંગ્લેન્ડે ૨૩૬ રન કરીને મેદાનનો રેકોર્ડ તોડ્યો હતો અને ન્યૂઝીલેન્ડને ૬૫ રનથી હરાવ્યું હતું. પ્રથમ મેચમાં ન્યૂઝીલેન્ડે ઇંગ્લેન્ડને ૧૫૩ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું તે મેચ પણ રદ કરવામાં આવી હતી. આ શ્રેણી ન્યૂઝીલેન્ડ માટે નિરાશાજનક રહી હતી કારણ કે ઓસ્ટ્રેલિયા સામેની તેમની છેલ્લી સીરિઝ પણ વરસાદથી પ્રભાવિત થઈ હતી. ■

# સંસ્કૃતિની રંગોળી




અનેરી


કાશ્મીરા પુરોહિત - બોરીવલી


અપેક્ષા શેઠ - ઘાટકોપર


બાબુભાઈ સોની - ઘાટકોપર (ઈ.)




પ્રતિક્ષા છેડા


ભાવના શૈલેષ સદરાણી - પનવેલ


જ્યોતિ કુલકર્ણી - થાણે


કસક કેતન મકવાણા - ઘાટકોપર


દર્શિતા દેસાઈ - કાંદિવલી


ભાવિ શેઠ અને ભક્તિ છેડા - ઘાટકોપર (ઈ)


કવિતા પંચોલી - પાલડી, અમદાવાદ


ક્રિશા - પ્રિતી - અલ્પેશ, મુંબઈ


માહી પરમાર - અંધેરી



મનિષા અને જ્યોતિ - થાણે



નિતા દિવેકર - થાણે


પ્રણાલી અને લબ્ધી પારેખ - પુણે


પાયલ શાહ - મુલુંડ


રુચિ સંઘવી


પ્રિશા ડોઢિયા


પૂજા નિરવ પારેખ - કાંદિવલી (વે)


વિરિકા ખેરાડિયા - કલ્યાણ



ઉર્વિ અનિલ તલાટી - કાંદિવલી


શાનવી મહેતા - ગ્રાંટ રોડ


પૂનમ રિતેશ બોરડિયા - કલ્યાણ

## દેશ વિદેશ

### બિહારના જંગલ રાજને ૧૦૦ વર્ષ સુધી જનતા નહીં ભૂલેઃ મોદી

*નવી દિલ્હીઃ* વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે બિહારના જંગલ રાજની ચર્ચા આગામી ૧૦૦ વર્ષ સુધી થશે અને વિરોધ પક્ષ તેના કુકર્મો સંતાડવા ગમે એટલી મહેનત કરે લોકો તેને માફ નહીં કરે. જે દિવસે મહાગઠબંધનના મુખ્ય પ્રધાનપદના ઉમેદવાર તરીકે આરજેડીના તેજસ્વી યાદવના નામની જાહેરાત કરાઈ એ દિવસે મોદીએ ગઠબંધન પર પ્રહારો કરતા કહ્યું હતું કે વિરોધ પક્ષના જોડાણ 'ગઠબંધન' નથી પરંતુ 'લઠબંધન' છે કારણ કે તેના દિલ્હી અને બિહારના નેતા જામીન પર છૂટેલા છે. મોદીએ ભાજપના કાર્યકર્તાઓને એની તકેદારી લેવાનું કહ્યું હતું કે લોકો સુધી જંગલરાજના અત્યાચારો અંગે જાણકારી પહોંચે. (એજન્સી) ■

### ટ્રમ્પ સાથે મીટિંગ નહીં થાય, મોદી આસિયનમાં નહીં જાય

#### મલયેશિયામાં યોજાનારી શિખર પરિષદમાં વડા પ્રધાન વર્ચ્યુઅલી હાજર રહેશે

*નવી દિલ્હીઃ* વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે કહ્યું હતું કે મલયેશિયામાં આવતા અઠવાડિયે યોજાનારી એશિયન-ઈન્ડિયા (આસિયાન)(શિખર પરિષદમાં તેઓ વર્ચ્યુઅલી ભાગ લેશે. આને પગલે મોદી અને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ વચ્ચે આસિયન દરમિયાન બેઠક યોજાવાની સંભાવના પર પૂર્ણવિરામ મુકાયું છે. મોદીએ ગુરુવારે મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે ફોન પર કરેલી વાતચીત દરમિયાન આ સંદેશો આપ્યો હતો. મારા મિત્ર અને મલયેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમ સાથે ઉષ્માભર્યો સંવાદ થયો હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે એશિયન-ઈન્ડિયા શિખર પરિષદના અધ્યક્ષપદ બદલ મેં તેમને અભિનંદન આપ્યા હતા અને શિખર પરિષદની સફળતા માટે શુભેચ્છા પણ આપી હતી.

એશિયન-ઈન્ડિયા પરિષદમાં વર્ચ્યુઅલી ભાગ લઈને એશિયન-ઈન્ડિયા વ્યાપક વ્યૂહાત્મક ભાગીદારી વધુ સઘન બનાવવાના પ્રયાસ કરવામાં આવશે, એમ મોદીએ કહ્યું હતું.

એશિયન બેઠક ૨૬થી ૨૮ ઑક્ટોબર દરમિયાન યોજાશે.

મલયેશિયાએ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ સહિત એશિયન ગ્રૂપના અનેક વાટાઘાટકાર દેશના નેતાઓને પણ આમંત્રણ આપ્યું છે. (એજન્સી) ■

### ચીનમાં જિનપિંગ જ સર્વેસર્વાઃ શાસક પક્ષની મહોર

*બેઇજિંગઃ* શાસક પાર્ટી ચીની કમ્યુનિસ્ટ પાર્ટીના એક મુખ્ય સંગઠને ગુરુવારે તેની ચાર દિવસીય બેઠક સમાપ્ત કરતા રાષ્ટ્રપતિ શી જિનપિંગના પક્ષના વડા અને શક્તિશાળી સૈન્યના ''મુખ્ય'' નેતૃત્વને પુનઃપુષ્ટિ આપી હતી. આ બેઠકમાં ટોચના લશ્કરી અધિકારીઓના મોટા શુદ્ધિકરણને પણ સમર્થન આપવામાં આવ્યું હતું, જ્યારે વધુ સ્થિતિસ્થાપક સ્થાનિક બજાર બનાવવા અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પના ટૅરિફ યુદ્ધને અને પરિણામે વૈશ્વિક વેપાર તણાવની અસરને દૂર કરવા માટે વધુ આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે નવી પંચ વર્ષીય યોજનાને સમર્થન આપવામાં આવ્યું હતું. બેઠકના અંતે જારી કરાયેલા એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું હતું કે સત્રમાં, સમગ્ર પાર્ટી, સમગ્ર સૈન્ય અને તમામ વંશીય જૂથોના ચીની લોકોને પાર્ટી સેન્ટ્રલ કમિટીની આસપાસ વધુ નજીકથી એકત્ર થવા માટે હાકલ કરવામાં આવી હતી જેમાં શી મુખ્ય સ્થાને રહેશે. ■

### વૉટ ચોરીઃ છ શંકાસ્પદ તપાસના દાયરામાં

*બેંગલૂરુઃ* વર્ષ ૨૦૨૩માં યોજાયેલ કર્ણાટક વિધાનસભા ચૂંટણીના અલાંદ મતદારક્ષેત્રમાં વૉટ ચોરીને મામલે તપાસ કરી રહેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) એ મતદાર યાદીમાંથી મતદારોના નામ ગાયબ કરવાના પ્રયાસ કરવામાં આવ્યા હોવાનું શોધી કાઢ્યું હતું અને એ મામલે છ શંકાસ્પદને તપાસના દાયરામાં આવરી લીધા હતા. ક્રિમિનલ ઈન્વેસ્ટિગેશન ડિપાર્ટમેન્ટના સૂત્રોના જણાવ્યાનુસાર મતદારયાદીમાંથી મતદારનું નામ સફળતાપૂર્વક કાઢી નાખવા બદલ શંકાસ્પદોને નામદીઠ ૮૦ રૂપિયા મળતા હતા.

કુલ ૬,૯૯૪ નામ મતદાર યાદીમાંથી નાબૂદ કરવાની તેમને વિનંતી કરવામાં આવી હતી. (એજન્સી) ■

### દિલ્હીમાં પ્રદૂષણને નાથવા કૃત્રિમ વરસાદની તૈયારી

*નવી દિલ્હીઃ* દિવાળી બાદ દિલ્હીમાં ભયંકર પ્રદૂષણ જોવા મળી રહ્યું છે અને આગામી ત્રણ દિવસમાં પહેલીવાર કૃત્રિમ વરસાદ જોવા મળી શકે છે.

ગુરુવારે એક સેસના વિમાન ક્લાઉડ સીડિંગ મિશન માટે રવાના કરવામાં આવ્યું હતું.

એક દિવસ પહેલા જ દિલ્હીના પર્યાવરણ ખાતાના પ્રધાન મનજિંદરસિંહ સિરસાએ કહ્યું હતું કે શિયાળાના પ્રારંભ અગાઉ દિલ્હી-એનસીઆરના ઝેરી ધુમ્મસને હટાવવાના ઉદ્દેશ સાથે કરવામાં આવનારાં બહુપ્રતિક્ષિત કૃત્રિણ વરસાદના પ્રયોગ માટે વાદળો ઉપલબ્ધ નથી.

સપાટી પરના જોરદાર પવનોએ પ્રદૂષકોને દૂર કરવામાં મદદ કરી હોવાથી દિલ્હીની હવા ગુણવત્તામાં ગુરવારે થોડો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ સતત ચોથા દિવસે પણ તે ખૂબ જ ખરાબ શ્રેણીમાં રહી હતી.

કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (સીપીસીબી) અનુસાર, શહેરનો ૨૪ કલાકનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક (એક્યુઆઈ) સાંજે ૪ વાગ્યે ૩૦૫ પર રહ્યો હતો. ■

### સૂર્યકાન્ત બનશે નવા ચીફ જસ્ટિસ

*નવી દિલ્હીઃ* વર્તમાન ચીફ જસ્ટિસ ઑફ ઈન્ડિયા (સીજેઆઈ) બી. આર. ગવઈના કાર્યકાળની મુદત ૨૩ નવેમ્બરે પૂરી થઈ હોવા વચ્ચે સરકારે નવા સીજેઆઈની નિમણૂકની પ્રક્રિયા ગુરુવારે આરંભી દીધી હતી.

સુપ્રીમ કોર્ટ અને હાઈ કોર્ટના ન્યાયાધીશની નિમણૂકની પ્રક્રિયાની જાણકારી ધરાવતા લોકોએ સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે પોતાના ઉત્તરાધિકારીના નામનું સૂચન કરવાનું જણાવતો પત્ર જસ્ટિસ ગવઈને ગુરુવારે સાંજ સુધી કે પછી શુક્રવારે પહોંચાડી દેવામાં આવશે. કેન્દ્રીય કાયદા પ્રધાન વિદાય લઈ રહેલા સીજેઆઈ પાસે યોગ્ય સમયે તેમના ઉત્તરાધિકારીની નિમણૂકના નામની ભલામણ કરવાની માગણી કરશે. (એજન્સી) ■

# સોનામાં ₹ ૫૫૩ની અને ચાંદીમાં ₹ ૧૦૫૧ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગઈકાલે સોના અને ચાંદીના ભાવમાં કડાકા બોલાઈ ગયા બાદ આજે લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી ૦.૫ ટકાનો અને ચાંદીના ભાવમાં ૧.૫૦ ટકાનો સુધારો આવ્યો હતો. જોકે, ઓવરનાઈટ નિરુત્સાહી અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં આજે વિશ્વ બજારથી વિપરીત સોનાના ભાવમાં ગઈકાલના બંધ સામે વધુ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૧થી ૫૫૩નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦૫૧નો ઘટાડો આગળ ધપ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સના જણાવ્યાનુસાર ગઈકાલે નવા મુહૂર્તનાં કામકાજમાં વિશ્વ બજાર પાછળ વેરારહિત ધોરણે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૦,૫૪૯નો અને સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૭૧૧થી ૩૭૨૬નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે સાવત્રિક સ્તરેથી માગ મંદ રહેતાં વિશ્વ બજારથી વિપરીત ચાંદીના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે વધુ કિલોદીઠ રૂ. ૧૦૫૧ના ઘટાડા સાથે રૂ. ૧,૫૧,૪૫૦ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ઔદ્યોગિક વપરાશકારોની છૂટીછવાઈ લેવાલી હતી, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ શુષ્ક હતી. વધુમાં આજે સોનામાં પણ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ભાવ ગઈકાલના બંધ સામે ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૫૧ના ઘટાડા સાથે રૂ. ૧,૨૨,૮૬૦ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૫૩ના ઘટાડા સાથે રૂ. ૧,૨૩,૩૫૪ના મથાળે રહ્યા હતા. તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહી હતી.

# ઇન્ફોસિસના બાયબેકમાં ઇન્વેસ્ટર્સ માટે કેવા સંકેત છે?

**નિલેશ વાઘેલા**

મુંબઇઃ ઇન્ફોસિસે જ્યારથી રૂ. ૧૮,૦૦૦ કરોડના બાયબેકની જાહેરાત કરી છે, ત્યારથી રોકાણકારો તેમાં સહભાગી થવા અને સ્કીમનો લાભ લેવા આતૂર બન્યા છે. જોકે, ૨૨ ઓક્ટોબરના રોજ જારી કરાયેલ એક્સચેન્જ ફાઇલિંગમાં, ઇન્ફોસિસે જાહેરાત કરી છે કે તેના પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રુપે બાયબેકમાં સહભાગી ન થવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો છે.

નંદન એમ નીલેકણી અને સુધા મૂર્તિ સહિતના પ્રમોટર્સ અને પ્રમોટર ગ્રુપે કંપનીના ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના શેર બાયબેકમાં ભાગ ન લેવાનો નિર્ણય લીધા બાદ ૨૩ ઓક્ટોબરે ઇન્ફોસિસના શેર લગભગ પાંચેક ટકા ઊછળ્યા હતા. ગુરુવારે કંપનીના શેર ૧,૫૪૩.૯૦ રૂપિયા પ્રતિ શેરના ભાવે ટ્રેડ થઈ રહ્યા હતા, જે નિફ્ટી આઇટી ઇન્ડેક્સ તેમજ બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટીમાં સૌથી વધુ લાભ મેળવનાર શેર તરીકે ઉભરી આવ્યા હતા. અલબત્ત પાછળથી એકંદર માર્કેટની પીછેહઠ સાથે આ શેરમાં પણ ઘટાડો થયો હતો.

ઇન્ફોસિસના સહ-સ્થાપક ક્રિસ ગોપાલકૃષ્ણન ૦.૮૪ ટકા હિસ્સો ધરાવતા હતા, જ્યારે તેમની પત્ની સુધા ગોપાલકૃષ્ણન કંપનીમાં ૨.૫૨ ટકા હિસ્સો ધરાવતા હતા. નોંધનીય છે કે, બધા પ્રમોટરોમાં સુધા ગોપાલકૃષ્ણન કંપનીમાં સૌથી મોટો હિસ્સો ધરાવતા હતા.

૧૧ સપ્ટેમ્બરે ઇન્ફોસિસે જાહેરાત કરી હતી કે તેના બોર્ડે ૧૮,૦૦૦ કરોડ રૂપિયાના શેર બાયબેક પ્રસ્તાવને મંજૂરી આપી છે, જે અત્યાર સુધીનો સૌથી મોટો છે. બાયબેક ભાવ પ્રતિ શેર રૂ. ૧,૮૦૦ નક્કી કરવામાં આવ્યો છે. ૨૦૨૨ પછી ઇન્ફોસિસ દ્વારા શેર બાયબેકની જાહેરાત કરાયેલી આ પહેલી વાર છે, જ્યારે કંપની રૂ. ૯,૩૦૦ કરોડના બાયબેક પ્રસ્તાવ પર સંમત થઈ હતી.

બાયબેક એ કોર્પોરેટ કાર્યવાહીનો ઉલ્લેખ કરે છે જ્યાં કંપની હાલના શેરધારકો પાસેથી પોતાના શેર ફરીથી ખરીદે છે. ઇન્ફોસિસનો રૂ. ૧,૮૦૦નો બાયબેક ભાવ સપ્ટેમ્બરમાં જાહેરાત કરવામાં આવ્યો, તે દિવસે શેર દ્વારા જોવામાં આવેલા સ્તરથી ૧૯ ટકાથી વધુ પ્રીમિયમ દર્શાવે છે. બાયબેકમાંથી બહાર નીકળવાનો પ્રમોટરોનો નિર્ણય ભવિષ્યના ભાવિ ભાવિકોમાં વિશ્વાસનો સંકેત આપે છે અને રિટેલ રોકાણકારો માટે હકદારી ગુણોત્તરમાં સુધારો કરે છે. પ્રમોટરો કેશ આઉટ ન કરવાથી વ્યવસાયિક સંભાવનાઓમાં વિશ્વાસનો સંકેત મળે છે અને આઇટી ક્ષેત્રમાં એકંદર ભરોસાપાત્ર સેન્ટિમેન્ટને પ્રસ્થાપિત કરે છે.

# નવી સંવતમાં તેજીમય શરૂઆત સાથે નિફ્ટી ૨૬,૦૦૦ની સપાટી પાર કરી પાછો ફર્યો, પ્રૉફિટ બુકિંગે ખેલ બગાડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવી સંવતમાં તેજીમય શરૂઆત આગળ વધી હતી અને અમેરિકા સાથેના વેપાર સોદાના મોરચે વધતા આશાવાદ વચ્ચે આઇટી અને ટેક શેરોમાં મજબૂત ખરીદીને પગલે સેન્સેક્સ તથા નિફ્ટીએ બાવન સપ્તાહની નવી ઊંચી સપાટી પાર કરતા નવી વિક્રમી ટોચ સુધી આગળ વધવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, રશિયાની બે સૌથી મોટી ઓઇલ કંપનીઓ સામે યુએસ પ્રતિબંધો અંગેની ચિંતાઓ વચ્ચે સાવચેતીનું સેન્ટિમેન્ટ સર્જાયું હોવાથી સત્રના પાછલા ભાગમાં પ્રોફિટ બુકિંગ શરૂ થઇ જતાં મોટાભાગનો ઇન્ટ્રા-ડે ધોવાઇ ગયો હતો.

આ ઉપરાંત, ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝમાં એક ટકાથી વધુ ઘટાડાએ પણ બજારોને નીચા સ્તરે ખેંચી લાવવામાં ફાલો આપ્યો હતો. સેન્સેક્સ ૧૩૦.૦૬ પોઈન્ટ અથવા ૦.૧૫ ટકા વધીને ૮૪,૫૫૬.૪૦ પોઇન્ટ પર સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૮૬૩.૭૨ પોઈન્ટ અથવા ૧.૦૨ ટકા વધીને ૮૫,૨૯૦.૦૬ પોઈન્ટની ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. જ્યારે નિફ્ટી સત્ર દરમિયાન ૨૬,૦૦૦ની સપાટી વટાવીને અંતે ૨૨.૮૦ પોઈન્ટ અથવા ૦.૦૯ ટકા વધીને ૨૫,૮૯૧.૪૦ પર બંધ થયો હતો.

સ્થાનિક શેરબજારો હકારાત્મક શરૂઆત કરી હતી; જોકે, રશિયન ઓઇલ પર પ્રતિબંધો અને ભારત તથા યુએસ વેપાર વાટાઘાટો મુલતવી રાખવાના સંભવિત નિર્ણયને કારણે રોકાણકારોએ પ્રોફિટ બુકિંગ શરૂ કર્યું હોવાથી પ્રારંભિક સુધારો ધોવાઇ ગયો હતો.

દરમિયાન, એચ વનબી વિઝા પર ટ્રમ્પના નરમ સ્વર પછી સેન્ટિમેન્ટમાં સુધારો થતાં આઇટી શેરોમાં તેજી જોવા મળી હતી. ભારત-યુએસ સોદા અને ગ્રાહક માગમાં વધારાને કારણે સ્થાનિક બજારના વર્તમાન વાતાવરણમાં સુધારો થયો હોવાથી, વ્યાપક બજાર હવેથી ઘણું સારું પ્રદર્શન કરશે તેવી અપેક્ષા જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના રિસર્ચ હેડ વિનોદ નાયરે વ્યક્ત કરી છે. તેમણે ઉમેર્યું કે, એફઆઇઆઇ ધીમે ધીમે ભારતીય બજારોમાં પાછા ફરી રહ્યા છે, જે તહેવારોની માગ, કરવેરાના લાભો અને જીએસટી ઘટાડાને કારણે કોર્પોરેટ કમાણીમાં સુધારો થવાની અપેક્ષાઓથી પ્રોત્સાહિત છે.

સેન્સેક્સ કંપનીઓમાંથી, ઇન્ફોસિસ ૩.૮૬ ટકા વધ્યો હતો. એચસીએલ ટેક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, એક્સિસ બેંક, કોટક મહિન્દ્રા બેંક, ટાઇટન અને ટેક મહિન્દ્રા પણ ટોપ ગેઇનરમાં સામેલ હતા.જોકે, ઇટર્નલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ભારતી એરટેલ અને અદાણી પોર્ટ્સ ટોપ લુઝર રહ્યા હતા.

ટાટા મોટર્સે તેના ડિમર્જરની પ્રક્રિયા પૂરી કરી દીધી ધી હોવાથી આજથી તેના શેર ટાટા મોટર્સ પેસેન્જર્સ વ્હીકલ્સને નામે ટ્રેડ થશે. હીરો મોટોકોર્પે યુકે માર્કેટમાં પ્રવેશ કર્યો છે. ટોરન્ટ ફાર્મા રૂ. ૧૪,૦૦૦ કરોડનો બોન્ડ ઇશ્યૂ લાવી રહી છે. કોલગેટે બીજા ક્વાર્ટરના પરિણામમાં રૂ. ૩૨૭.૫૦ કરોડનો નફો નોંધાવ્યો છે, જે વર્ષ અગાઉના સમાન ગાળાના રૂ. ૩૯૫ કરોડ સામે ૧૭ ટકાનો ઘટાડો નોંધાવ્યો છે. એચયુએલે શેરદીઠ રૂ. ૧૯ના વચગાળાના ડિવિડંડની જાહેરાત કરી છે. ડાઇઝ, ઇન્ટરમિડિએટ્સ, સ્પોશિયાલિટી કેમિકલ , સોલર પાવર જનરેશન સહિતના વિવિધ ક્ષેત્રે સ્થાનિક અને નિકાસ બજારોમાં કાર્યરત ભગેરિયા ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૨૦૨૬ના પ્રથમ છમાસિક પરિણામમાં ૮૩.૨૮ ટકાના વધારા સાથે રૂ. ૨૨.૩૬ કરોડનો ચોખ્ખો નફો, ૪૮.૨૪ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૬૯.૯૯ કરોડની કુલ આવક અને ૪૭.૭૨ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૪૮.૯૧ કરોડનો એબિટા નોંધાવ્યો છે.

ગુરુવારે ભારતીય શેરબજારોમાં પ્રારંભિક સત્રમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો. કોર્પોરેટ કમાણીમાં સુધારો અને એફઆઇઆઇના નવા આંતર પ્રવાહને કારણે સેન્ટિમેન્ટમાં સુધારો થતાં બંને બેન્ચમાર્ક નવી વિક્રમી ઊંચી સપાટી તરફ આગળ વધ્યા હતા. તહેવારોની મોસમી માગ, તાજેતરના કરવેરા ઘટાડા અને નીતિગત સમર્થન સાથે, નાણાકીય વર્ષ ૨૦૨૬ના બીજા ભાગમાં કોર્પોરેટ નફામાં વધારો થશે તેવી આશાએ બજારમાં ઉત્સાહનો માહોલ રહ્યો હતો.

આઇટી, ખાનગી બેંક અને એફએમસીજી ક્ષેત્રોમાં નોંધપાત્ર મજબૂતાઈ સાથે બજાર સેન્ટિમેન્ટ મજબૂત હકારાત્મક બન્યું હતું. પીએસયુ બેંકો અને નાણાકીય સેવાઓએ પણ અપટ્રેન્ડને ટેકો આપ્યો, જ્યારે ફાર્મા, ઓટો અને રિયલ્ટીએ પણ તેમાં વધારો કર્યો. માત્ર ઓઇલ અને મિડ, સ્મોલ કેપ શેરોમાં થોડી નબળાઈ જોવા મળી, જે વ્યાપક બજાર આશાવાદ દર્શાવે છે.

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં નિફ્ટીએ ૨૬,૨૭૭.૩૫ની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો, જ્યારે સેન્સેક્સ લગભગ તે જ સમયે ૮૫,૯૭૮.૨૫ની વિક્રમી સપાટી પર પહોંચ્યો હતો. ગુરુવારે, નિફ્ટી તેના રેકોર્ડથી માત્ર ૦.૭ ટકા નીચે હતો, જે ૨૬,૦૯૯.૭૦ની ઇન્ટ્રાડે ઊંચી સપાટીને સ્પર્શ્યો હતો. સેન્સેક્સ ૮૫,૨૭૨.૪૦ સુધી વધ્યો, જે તેના સર્વકાલીન ઉચ્ચતમ સ્તરથી લગભગ ૦.૮૦ ટકા પાછળ હતો.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઆઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. સત્રના મધ્યમાં થયેલા સોદામાં યુરોપના બજારો મિશ્ર વલણ પર ટ્રેડ થઈ રહ્યા હતા. બુધવાર (૨૨ ઓક્ટોબર, ૨૦૨૫) ના રોજ યુ.એસ. બજારો નકારાત્મક ક્ષેત્રમાં બંધ થયા હતા.

# ડૉલર સામે રૂપિયામાં ચાર પૈસાનો સુધારો

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ગત મંગળવારે લેવાલી રહી હોવાના નિર્દેશ અને અમેરિકા-ભારત વચ્ચે ટ્રેડ ડીલ થઈ જવાના આશાવાદ વચ્ચે આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ચાર પૈસાના સુધારા સાથે ૮૭.૮૯ના મથાળે બંધ રહ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત સોમવારનાં ૮૭.૯૩ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૮૦ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૯૬ અને ઉપરમાં ૮૭.૮૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ચાર પૈસાના સુધારા સાથે ૮૭.૮૯ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે ગત મંગળવાર અને બુધવારે બજાર અનુક્રમે દિવાળી અને દિવાળી બલિપ્રતિપદા નિમિત્તે સત્તાવાર ધોરણે બંધ રહી હતી તે પૂર્વે સોમવારે ડૉલર સામે રૂપિયો નવ પૈસાના સુધારા સાથે ૮૭.૯૩ના મથાળે બંધ રહ્યો હતો. એકંદરે હાલમાં ટ્રેડરો, વૈશ્વિક પરિબળો, અમેરિકાના આર્થિક ડેટાઓ તથા રિઝર્વ બૅન્કનાં ભવિષ્યની નાણાનીતિનાં સંકેતો પર નજર રાખી રહ્યા છે.

વધુમાં ગઈકાલે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ભારત અને અમેરિકા વચ્ચેની ટ્રેડ ડીલમાં બન્ને પક્ષ તરફથી સારી પ્રગતિ થઈ રહી હોવાના સંકેત આપ્યા હતા. સાથે સાથે ભારત રશિયાથી તેલની ખરીદી બંધ કરવા સહમત થયું હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો.

# મારુતિ સુઝુકીની 'જિમી ફાઈવ ડૉર'ની નિકાસ એક લાખ યુનિટની પાર

નવી દિલ્હીઃ મારુતિ સુઝુકી લિ. એ આજે એક યાદીમાં જણાવ્યું હતું કે ભારતથી તેની કોમ્પેક્ટ એસયુવી 'જિમી ફાઈવ ડૉર'ની ચક્રવૃદ્ધિ ધોરણે નિકાસનો આંક એક લાખ યુનિટની સપાટી પાર કરી ગયો છે. ભારતથી જિમી ફાઈવ ડૉરની નિકાસ વર્ષ ૨૦૨૩માં શરૂ થઈ હતી અને આરંભ બાદ તુરંત જાપાન, મેક્સિકો અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૦૦ કરતાં વધુ દેશમાં નિકાસ કરવામાં આવી હોવાનું એક યાદીમાં ઉમેર્યું હતું. જાપાનમાં તેનું વેચાણ જાન્યુઆરી ૨૦૨૫થી જિમી નોમેડ તરીકે થઈ રહ્યું છે એને ત્યાની નિકાસના ઓર્ડર ૫૦,૦૦૦નો આંક પાર કરી ગયો છે. વધુમાં કંપનીએ જણાવ્યું હતું કે મારુતિ સુઝુકીના નિકાસ વૉલ્યૂમ વર્ષાનુવર્ષ ધોરણે વધારો થઈ રહ્યો છે. ગત વર્ષ ૨૦૨૩-૨૪માં નિકાસ જે ૨.૮૩ લાખ યુનિટની હતી તેની સામે વર્ષ ૨૦૨૪-૨૫માં નિકાસ વધીને ૩.૩૨ લાખ યુનિટની સપાટીએ પહોંચી હતી. જિમી ફાઈવ ડૉરની નિકાસનો આંક એક લાખ યુનિટની પાર કરી ગઈ છે, જે કંપની માટે ગૌરવની બાબત હોવાનું કંપનીનાં મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટીવ ઑફિસરે જણાવ્યું હતું.

## ગુજરાત

# અમદાવાદ-માળિયા છ-માર્ગી રોડ પ્રોજેક્ટનું અમિત શાહના હસ્તે ખાતમુહૂર્ત

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સાણંદ ખાતે અમદાવાદ-માળિયા રોડ પર આવેલા શાંતિપુરા ચોકડીથી ખોરજ જીઆઈડીસી સુધીના છ-માર્ગીયકરણ પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. સાણંદ અને તેની આસપાસના વિસ્તારોમાં થયેલા ઔદ્યોગિક વિકાસને કારણે ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ હસ્તકના આ રસ્તા પર ટ્રાફિકનું ભારણ ખૂબ વધી ગયું હતું. હાલમાં દૈનિક સરેરાશ ૪૩,૦૧૪ વાહનોની અવરજવરને કારણે ટ્રાફિક જામની સમસ્યા નિવારવા માટે વર્તમાન ચાર-માર્ગીય રસ્તાને છ-માર્ગીય બનાવવાની તાતી જરૂરિયાત ઊભી થઈ હતી, જેના ભાગરૂપે આ મહત્ત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

અંદાજિત રૂ.૮૦૫ કરોડના ખર્ચે નિર્માણ થનાર આ પ્રોજેક્ટમાં કુલ ૨૮.૮ કિલોમીટર લંબાઈના રસ્તાને છ-માર્ગીય કરવામાં આવશે. આ યોજના અંતર્ગત, ૨૨.૭૩૧ કિલોમીટરની લંબાઈમાં રસ્તાની બંને બાજુ સર્વિસ રોડનું નિર્માણ કરાશે, જ્યારે ૧૩ નાના પુલોને પહોળા કરવામાં આવશે તથા એક છ-માર્ગીય એલિવેટેડ ફ્લાયઓવર અને એક ત્રણ-માર્ગીય રાઇટ-ટર્નિંગ ફ્લાયઓવરનું પણ નિર્માણ થશે. આ ઉપરાંત, ઉલારીયા, તેલાવ (બે સ્થળે), સાણંદ જીઆઈડીસી ગેટ અને ખોરજ જીઆઈડીસી ખાતે એમ કુલ પાંચ નવા અંડરપાસ બનાવવામાં આવશે તેમજ પ્રોજેક્ટ માર્ગ સાથે જોડાતા રસ્તાઓ પર ૧૭૨ જેટલા કલ્વર્ટનું બાંધકામ અથવા નવીનીકરણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ પૂર્ણ થવાથી સાણંદ અને વિરમગામ જેવાં મોટાં ઔદ્યોગિક કેન્દ્રો ઉપરાંત સુરેન્દ્રનગર, શંખેશ્વર, રાધનપુર અને પાટણ તરફ જતા લાંબા અંતરના ટ્રાફિકને પણ સુવિધા મળી રહેશે.

# સંઘપ્રદેશોની ચૂંટણીમાં મોટાભાગની બેઠકો પર બિનહરીફ થતાં મતદાન પહેલા જ ભાજપનો કેસરીયો લહેરાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દમણ અને દાદરા નગર હવેલીમાં યોજાનારી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતદાન થાય તે પહેલા જ ભારતીય જનતા પાર્ટીએ કેસરીયો લહેરાવ્યો હતો. ૨૧ ઓક્ટોબરે ઉમેદવારી ફોર્મ પાછા ખેંચવાની અંતિમ તારીખ સમાપ્ત થયા બાદ જાહેર થયેલા ચિત્ર મુજબ, દમણમાં મોટાભાગની બેઠકો પર ભાજપના ઉમેદવારો બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા.

જિલ્લા પંચાયત અને નગરપાલિકામાં ભાજપની બિનહરીફ જીત થઈ હતી, દમણ જિલ્લા પંચાયતની કુલ ૧૬ બેઠકોમાંથી ૧૦ બેઠકો પર ભાજપ બિનહરીફ વિજેતા જાહેર થયું હતું. દમણ નગરપાલિકાની કુલ ૧૫ બેઠકોમાંથી ૧૨ બેઠકો પર ભાજપ બિનહરીફ વિજેતા જાહેર થતા હવે માત્ર હવે માત્ર ૩ વોર્ડમાં જ ચૂંટણી યોજાશે. દમણની ૧૬ ગ્રામ પંચાયતોમાંથી ૯ ગ્રામ પંચાયતો ભાજપ સમર્થિત સરપંચ બોડી સાથે 'સમરસ' જાહેર થઈ હતી. બાકીની ૭ સરપંચ પદની બેઠકો માટે ચૂંટણી યોજાશે. સેલવાસ નગરપાલિકામાં કુલ ૧૫ બેઠકોમાંથી ૧૪ બેઠકો તેમજ દાદરા નગર હવેલી જિલ્લા પંચાયતની કુલ ૨૬ બેઠકોમાંથી ૧૭ બેઠકો પર ભાજપ બિનહરીફ જીત્યું હતું.

# અમદાવાદના જગન્નાથ મંદિરમાં ભાઈબીજે જગન્નાથજી, બલરામજી અને સુભદ્રાજીના દર્શન કરવા ભક્તો ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સમગ્ર રાજ્યમાં નૂતન વર્ષની ઉજવણી બાદ ભાઈ બીજની ઉલ્લાસભરી ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદમાં ભાઈબીજ તહેવારના દિવસે જગન્નાથ મંદિરમાં પણ ભાઇબીજ તહેવારની વિશેષ ઉજવણી કરવામાં આવી હતી.

ભાઈ બહેનને સમર્પિત ભાઈ બીજના તહેવારની અમદાવાદના જગન્નાથ મંદિરમાં વિશેષ ઉજવણી કરવામાં આવી હતી. અહી ભગવાન જગન્નાથજી તેમના બહેન સુભદ્રાજી સાથે બિરાજતા હોય અહી ભાઈબીજના તહેવારનું વિશેષ મહત્વ છે.

ભાઈબીજને અનુલક્ષીને ભગવાન જગન્નાથજી, સુભદ્રાજી, બલરામને વિશેષ શણગાર કરાયો હતો. આજે ખૂબ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાનના દર્શન કરવા ઉમટ્યા હતા. મંદિરમાં ભગવાન જગન્નાથ, બલરામજી અને સુભદ્રાજીનો વિશેષ શણગાર કરવામાં આવ્યો હતો. રંગબેરંગી ફૂલો, દીવડા અને સોનાના આભૂષણોથી મંદિરને સજાવવામાં આવ્યું હતું. ભક્તોએ ભાઈ બહેનના પવિત્ર પ્રેમના પ્રતીકરૂપે ભગવાન જગન્નાથના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

# નૂતન વર્ષે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલનું સ્નેહમિલનઃ ત્રિમંદિર અને ભદ્રકાળી માતાજીના દર્શન કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિક્રમ સંવત ૨૦૮૨ના મંગલમય પ્રારંભ અને નૂતન વર્ષ નિમિત્તે ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ધાર્મિક સ્થળોની મુલાકાત લીધી હતી અને રાજકીય તેમજ સામાજિક અગ્રણીઓ સાથે શુભેચ્છાઓનું આદાનપ્રદાન કર્યું હતું. ભૂપેન્દ્ર પટેલે નૂતન વર્ષની શરૂઆત ગાંધીનગરમાં પંચદેવ મંદિરે દર્શન કરીને રાજ્યના સૌ નાગરિકોની સુખાકારી અને ગુજરાત વિકાસપંથે અવિરત આગળ વધતું રહે તે માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ, તેમણે અડાલજ સ્થિત ત્રિમંદિરની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે ઉપસ્થિત ભાવિક ભક્તોને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી અને દીપકભાઈ દેસાઈના આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

અમદાવાદમાં તેમણે નગરદેવી ભદ્રકાળી મંદિરે દર્શન કર્યા હતા. સીએમ ભૂપેન્દ્ર પટેલ અને ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનું ચૂંદડી ઓઢાડીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ભૂપેન્દ્ર પટેલે માતાજીની પૂજા અર્ચના કરી આશીર્વાદ મેળવ્યા હતા.

મુખ્ય પ્રધાને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની મુલાકાત લીધી અને તેમને નૂતન વર્ષની હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી. તેમણે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની મુલાકાત લઈને તેમને જન્મદિવસની શુભકામનાઓ સહ નૂતન વર્ષની મંગલકામનાઓ પણ પાઠવી હતી.

અમદાવાદના શાહીબાગ ખાતે એનેક્ષી સરકિટ હાઉસ ખાતે તેમણે શહેરના શ્રેષ્ઠીઓ અને નગરજનોને મળી શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે શાહીબાગ સ્થિત પોલીસ ઓફિસર્સ મેસ ખાતે આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની સાથે વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને તેમના પરિવારજનોને મળીને શુભેચ્છાઓ આપી હતી.

# કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગાંધીનગરમાં નવનિર્મિત સદસ્ય નિવાસ સંકુલનું લોકાર્પણ કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ગુજરાત વિધાનસભાના સભ્યો માટે નવનિર્મિત નિવાસ સંકુલનું ભાઈબીજના પવિત્ર પર્વે ગાંધીનગરમાં લોકાર્પણ કર્યું હતું. રાજ્ય સરકારના માર્ગ મકાન વિભાગ દ્વારા આ સદસ્ય નિવાસ સંકુલ સેક્ટર ૧૭ માં કુલ ૨૮,૫૭૬ ચોરસ મીટરમાં નિર્માણ પામ્યું છે અને પ્રતિ આવાસ ૨૩૮.૪૫ ચોરસ મીટરની મોકળાશ ભરી જગ્યામાં ૩ બેડરૂમ, લિવિંગ રૂમ, કિચન, ઓફિસ રૂમ તથા સર્વન્ટ રૂમની સુવિધા યુક્ત છે. મુખ્ય પ્રધાન ભુપેન્દ્ર પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી. નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહ પ્રધાને આ સુવિધા સભર આવાસોનું લોકાર્પણ કર્યું હતું.

રૂપિયા ૩૨૫ કરોડના અંદાજિત ખર્ચે નવનિર્મિત આ સદસ્ય નિવાસ સંકુલમાં આધુનિક સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને વિશાળ ગાર્ડન, ૩૦૦ વ્યક્તિઓની ક્ષમતા ધરાવતો મલ્ટીપર્પઝ હોલ, કોમ્યુનિટી હોલ, સ્વિમિંગ પૂલ, જીમનેશિયમ,કેન્ટીન, ઇન્ડોર રમતનાં સાધનો તેમજ તબીબી સારવાર માટે દવાખાનાનું અને પ્રોવિઝન સ્ટોર જેવી સુવિધાઓનું નિર્માણ કરવામાં આવેલું છે.

# અમદાવાદ ઇસરો કેમ્પસના આઈટી સર્વર બિલ્ડિંગમાં આગની ઘટનાથી મહત્ત્વનો ડેટા અને સાધનો નાશ પામ્યા

અમદાવાદઃ શહેરમાં આવેલ ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશનના કેમ્પસમાં આવેલા આઈટી સર્વર બિલ્ડિંગમાં આગ ફાટી નીકળતાં ખળભળાટ મચી ગયો હતો. આ ઘટના ઇસરોના પરિસરમાં બહારના દરવાજા પાસે આવેલા બિલ્ડિંગના ઉપરના માળે બની હતી. આગની જાણ થતાં જ શહેરના ફાયર બ્રિગેડે ત્વરિત કાર્યવાહી કરી હતી.

આગની જાણ થતાની સાથે જ ચાર ફાયર ટેન્કરો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ફાયર ફાઇટર્સે થોડા જ સમયમાં પરિસ્થિતિને કાબૂમાં લઈ લીધી હતી.

સદનસીબે, આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. સાવચેતીના પગલા તરીકે બિલ્ડિંગમાં કામ કરતા કર્મચારીઓને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

પ્રાથમિક અહેવાલો મુજબ, આગ લાગવાનું કારણ ઇલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું હતું, જોકે ચોક્કસ કારણની પુષ્ટિ થવાની બાકી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આગને કારણે આઈટી ઇન્ફ્રાસ્ટ્રક્ચરને નોંધપાત્ર નુકસાન થયું હતું, જેમાં અનેક કમ્પ્યુટર્સ અને સાધનો નાશ પામ્યાં હતાં. ઉલ્લેખનીય છે કે અસરગ્રસ્ત સર્વર્સમાં મહત્ત્વપૂર્ણ ડેટા હતો, અને આગ લાગવાનું કારણ તથા નુકસાનના પ્રમાણની તપાસ માટે આંતરિક તપાસ શરૂ કરવામાં આવી હતી.

# નવા વર્ષના પ્રારંભે હવામાનમાં મિશ્ર માહોલઃ દક્ષિણ ગુજરાતમાં માવઠું, સૌરાષ્ટ્રમાં ગરમીનો પારો ૩૭ ડિગ્રીએ પહોંચ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવા વર્ષની શરૂઆતના ગાળે હવામાનમાં મિશ્ર પરિસ્થિતિ જોવા મળી હતી, જેમાં દક્ષિણ ગુજરાતના છૂટાછવાયા વિસ્તારોમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો, જ્યારે ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ-દીવમાં હવામાન સૂકું રહ્યું હતું.

જો કે તાજેતરમાં દિવસના તાપમાનમાં કોઈ મોટો ફેરફાર નોંધાયો નથી, જોકે દક્ષિણ ગુજરાત અને કચ્છમાં તાપમાન સામાન્યથી ઓછું રહ્યું હતું, જ્યારે દરિયાકાંઠાના સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં તે સામાન્ય કરતાં વધુથી ઘણુ વધુ નોંધાયું હતું. રાત્રિના તાપમાનમાં પણ ખાસ ફેરફાર નહોતો, પરંતુ ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં તે સામાન્ય કરતાં વધુ નોંધાયું હતું. રાજ્યમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ વેરાવળ, સુરેન્દ્રનગર, રાજકોટ અને ડીસા ખાતે નોંધાયું હતું, જ્યારે સૌથી ઓછું લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ નલિયા ખાતે નોંધાયું હતું.

# કારતક મહિનાની શરૂઆતમાં દક્ષિણ અને મધ્ય ગુજરાત સહિત સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી

અમદાવાદઃ ગુજરાતમાં વિક્રમ સંવત ૨૦૮૨ના વર્ષની શરૂઆતમાં જ માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી હતી. બેસતા વર્ષની સાંજે જ ગુજરાતના દક્ષિણ અને મધ્ય જિલ્લાઓમાં કમોસમી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી અઠવાડિયામાં દક્ષિણ ગુજરાત, મધ્ય ભાગ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં માવઠું થઈ શકે છે. હવામાન વિભાગની આગાહી અનુસાર, આજે સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર તેમજ દક્ષિણ ગુજરાતના વલસાડ, નવસારી, ડાંગ, તાપી, સુરત, નર્મદા, ભરૂચ, વડોદરા, છોટા ઉદેપુર અને દાહોદ જિલ્લામાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તે ઉપરાંત આગામી દિવસોમાં સમગ્ર રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદ પડી શકે છે.

## જોગેશ્વરીમાં બિઝનેસ સેન્ટરની ઈમારતમાં આગ





# ગૂંગળામણને કારણે ૧૭ જણ હૉસ્પિટલ ભેગા

## બિલ્ડિંગમાં ધુમાડો ફેલાતાં ફાયર બ્રિગેડે ગ્લાસ ફસાડ તોડી ૨૭ને ઉગારી લીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઈલેક્ટ્રિક વાયરમાં લાગેલી આગ ઝપાટાભેર વધતાં જોગેશ્વરીમાં આવેલા બિઝનેસ સેન્ટરની ઈમારતમાંના કર્મચારીઓના જીવ અધ્ધર થઈ ગયા હતા. બિલ્ડિંગના નવથી ૧૩ માળ ચપેટમાં આવી ગયા પછી ચોથા માળના ડક એરિયા સુધી આગ ફેલાઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ ગ્લાસ ફસાડ તોડીને સીડીની મદદથી ૨૭ જણને ઉગારી લીધા હતા, જેમાંથી ગૂંગળામણને કારણે શ્વાસ લેવામાં તકલીફ થતાં ૧૭ને હૉસ્પિટલભેગા કરવા પડ્યા હતા.

ફાયર બ્રિગેડના અધિકારીએ જણાવ્યું હતું કે આગની ઘટના ગુરુવારની સવારે ૧૦.૫૦ વાગ્યે બની હતી. જોગેશ્વરી પશ્ચિમમાં એસ. વી. રોડ પર આવેલા જેએમએસ બિઝનેસ સેન્ટરના નવમા માળે અચાનક આગ ફાટી નીકળી હતી.

બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડના જવાનો અને પોલીસ અધિકારીઓ એમ્બ્યુલન્સ સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. એ સિવાય મહાપાલિકાના ડિઝાસ્ટર મૅનેજમેન્ટ સેલના અધિકારીઓ અને વીજ વિતરણ કંપનીના અધિકારી ઘટનાસ્થળે દોડી ગયા હતા.

ત્રણ માળ પોડિયમ પાર્કિંગ અને ૧૩ માળની આ ઈમારતને ગ્લાસ ફસાડ હોવાથી બચાવ કામગીરીમાં મુશ્કેલી પડી હોવાનું કહેવાય છે. નવમા માળથી ૧૩ માળ સુધીની વિવિધ ઑફિસોમાં વાયરિંગ, ફર્નિચર, દરવાજા, બારી, કમ્પ્યુટર્સ સહિતના સામાનો સામાન આગમાં બળી ગયો હતો. બિલ્ડિંગના ડક એરિયામાં તો ચોથા માળ સુધી આગ ફેલાઈ હતી.

આગને કારણે બિલ્ડિંગમાં ધુમાડો ફેલાઈ ગયો હતો, જેની સૌથી વધુ અસર ૧૧માથી ૧૩મા માળે થઈ હતી. ફાયર બ્રિગેડના જવાનોએ વેન્ટિલેશન માટે ગ્લાસ ફસાડ તોડવું પડ્યું હતું.

બિલ્ડિંગના દાદર અને હાઈડ્રોલિક પ્લૅટફોર્મ લેટરની મદદથી ઉપરના માળે ફસાયેલા ૨૭ જણને બચાવી લેવાયા હતા, જેમાંથી ૧૭ જણને ગૂંગળામણને કારણે નજીકી એચબીટી હૉસ્પિટલમાં લઈ જવાયા હતા.

ફાયર બ્રિગેડના જણાવ્યા મુજબ નવ જણ ફૈઝલ કાઝી (૪૨), શ્યામ સિંહ (૫૮), મેહરાજ કુરેશી (૧૯), ઈકબાર ધેનકર (૬૧), નદીમ ભાટી (૪૩), વસિમ ખાન (૨૮),

(જુઓ પાનું ૪)

# નાગપુર હવે સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદનના મુખ્ય કેન્દ્ર તરીકે નવી ઓળખ ધરાવે છેઃ દેવેન્દ્ર ફડણવીસ

## મિહાનમાં ૨૨૩ એકર જમીન સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ પ્રોજેક્ટને ટ્રાન્સફર

નાગપુરઃ ભારતની અગ્રણી ઉત્પાદન કંપની, સોલાર ડિફેન્સ અને એરોસ્પેસ, નાગપુરમાં વિસ્તરણ કરી રહી છે. નિયમો અને શરતો અનુસાર, મિહાને આ અત્યાધુનિક સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદન પ્રોજેક્ટ માટે ૨૨૩ એકર જમીન મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ટ્રાન્સફર કરી હતી.

નાગપુરમાં આવેલા મુખ્ય પ્રધાન ફડણવીસના સત્તાવાર નિવાસસ્થાન રામગીરી ખાતે આયોજિત એક કાર્યક્રમમાં, મિહાન પ્રોજેક્ટમાં અનોખા આ પ્રોજેક્ટ માટેની જમીન ફડણવીસને હસ્તે સોલાર કંપનીના ચેરમેન સત્યનારાયણ નુવાલને ટ્રાન્સફર કરવામાં આવી હતી.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સંતોષ વ્યક્ત કર્યો કે સૌર સંરક્ષણ અને એરોસ્પેસના આ નવા વિસ્તરણ પ્રોજેક્ટને કારણે નાગપુર દેશમાં એક મુખ્ય સંરક્ષણ અને એરોસ્પેસ ઉત્પાદન કેન્દ્ર તરીકે નવી ઓળખ મેળવશે. તેમણે કહ્યું હતું કે આ પહેલ મહારાષ્ટ્રના 'મેક ઇન ઇન્ડિયા', 'આત્મનિર્ભર ભારત' અને ઔદ્યોગિક પ્રગતિના વિકાસને વધુ મજબૂત બનાવશે.

ફડણવીસે કહ્યું હતું કે મહારાષ્ટ્રના

(જુઓ પાનું ૪)

### મહારાષ્ટ્રના રાજકારણમાં સૌથી મોટો વળાંક

# પ્રધાનોના કામનું ઓડિટ થશે, શું કૅબિનેટમાં ફેરબદલ થવાની સંભાવના?

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકારણમાં મહત્વપૂર્ણ માહિતી બહાર આવી રહી છે. મહાયુતિ સરકારને એક વર્ષ પૂર્ણ થયા પછી મહત્વપૂર્ણ વિકાસ થવાના છે. એવી ચર્ચા છે કે મહાયુતિના તમામ પ્રધાનોના કામનું ઓડિટ કરવામાં આવશે, એવા સંકેત મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે બુધવારે પત્રકારો સાથેની મુલાકાતમાં આપ્યા હતા.

પ્રધાનોના કામના ઓડિટમાં દરેક પ્રધાને શું કામ કર્યું તેની માહિતી મેળવવામાં આવશે. જોકે, એવી માહિતી પણ બહાર આવી રહી છે કે ગુજરાતની જેમ મહારાષ્ટ્રના પ્રધાનમંડળમાં સાગમટે કોઈ ફેરફાર થશે નહીં.

ફડણવીસે પત્રકારો સાથે અનૌપચારિક વાતચીત કરતી વખતે આ અંગેના અહેવાલોને નકારી કાઢ્યા છે. 'પ્રધાનોના કામના ઓડિટનો અર્થ એ થશે કે ફક્ત પ્રધાનોના કામની સમીક્ષા કરવામાં આવશે. હાલમાં કૅબિનેટના વિસ્તરણનો કોઈ વિચાર નથી. તેનાથી વિપરીત, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીઓ હાલમાં મહત્વપૂર્ણ છે. અમારી નજર તેમના

(જુઓ પાનું ૪)

# '૨૦૨૯ સુધી હું મુખ્ય પ્રધાન' કહીને ફડણવીસે શિંદેને સંદેશ આપ્યોઃ કૉંગ્રેસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાનપદ પર પોતે ૨૦૨૯ સુધી કાર્યરત રહેશે એ વાત સ્પષ્ટ કરી દેવેન્દ્ર ફડણવીસે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેને પરોક્ષ સંદેશ મોકલ્યો હોવાનો દાવો પ્રદેશ કૉંગ્રેસના પ્રવક્તા સચિન સાવંતે ગુરુવારે કર્યો હતો. રાષ્ટ્રીય રાજકારણમાં તેમની ભૂમિકા અંગેના સવાલના જવાબમાં ફડણવીસે બુધવારે સંવાદદાતાઓને જણાવ્યું હતું કે 'દિલ્હી હજી દૂર છે' અને ૨૦૨૯ સુધી પોતે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન પદ પર રહેશે.

સાવંતે પીટીઆઈ વીડિયો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'ફડણવીસનું આ નિવેદન સીએમાં પદ પર ડોળો રાખનારાઓ માટે પરોક્ષ સંદેશ છે. ફડણવીસ શિંદે સાહેબ સાથે સીધી વાત ન કરે એટલે આડકતરી રીતે સમજાવી દેવાનો પ્રયાસ કરી રહ્યા છે. સાથે સાથે પક્ષમાં થઈ રહેલ બદલાવને નજીકથી નિહાળી રહેલા લોકોને પણ આડકતરી રીતે સંકેત આપી રહ્યા છે. ફડણવીસે બુધવારે સ્પષ્ટ કર્યું હતું કે હાલની શાસક વ્યવસ્થામાં કોઈ ફેરફાર નહીં થાય. કોઈ નવા પક્ષને સામેલ નહીં કરવાં આવે અથવા અદલાબદલી પણ નહીં કરવામાં આવે. કૉંગ્રેસ નેતાએ કહ્યું કે તેમનું આ નિવેદન ભાજપના કેન્દ્રીય નેતૃત્વને પણ એક સંદેશ છે કે રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ઉત્તરાખંડમાં જોવા મળ્યું છે કે તેમની જગ્યાએ કોઈ અન્ય બેસી જશે તેવી આશંકાને કારણે તેઓ પોતાનું પદ છોડવા માગતા નથી. સાવંતે દાવો કર્યો હતો કે ફડણવીસને સીએમ પદ પરથી હટાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. એટલે ફડણવીસ એ દાવો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે કે તેઓ રાજીનામું નહીં આપે. (પીટીઆઈ)■

## લોકશાહી જોખમમાં મુકાશે, ફડણવીસે કૉંગ્રેસની ટીકા કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાગપુરમાં કોંગ્રેસ પાર્ટી અને રાહુલ ગાંધીની આકરી ટીકા કરતા કહ્યું હતું કે કોંગ્રેસનું નેતૃત્વ ઘણા લોકોએ કર્યું છે. જોકે, ઇન્દિરા ગાંધીના સમયમાં પણ કોંગ્રેસ ક્યારેય ડાબેરી પક્ષ નહોતો. જોકે, આજે રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ કોંગ્રેસે સરકારની ટીકા કરવાનું બંધ કરી દીધું છે અને આ દેશની બંધારણીય સંસ્થાઓ પર હુમલો કરવાનું શરૂ કરી દીધું છે. આ દેશની લોકશાહી માટે હાનિકારક છે. આપણી પોતાની સંસ્થાઓનો વિરોધ કરવો એ ખોટું છે.

ફડણવીસે કહ્યું હતું કે, જો સુપ્રીમ કોર્ટ કોંગ્રેસ પાર્ટીની તરફેણમાં નિર્ણય આપે છે, તો તેમને આ દેશના ન્યાયતંત્રમાં વિશ્વાસ છે. તેનાથી વિપરીત, જો કોર્ટનો નિર્ણય રાહુલ ગાંધીની વિરુદ્ધ હોય, તો તેઓ કહે છે કે આપણા દેશની ન્યાયતંત્ર સરકાર તરફી છે. આ દેશની લોકશાહી માટે ખતરનાક છે. જો આવનારી પેઢીઓમાં આપણા દેશની સંસ્થાઓ વિશે આવી નકારાત્મકતા ફેલાતી રહેશે, તો દેશની લોકશાહી જોખમમાં મુકાશે. ■

## મુંબઈમાં સાથે મળીને લડીશુંઃ ફડણવીસ

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મુંબઈ, થાણે, પુણે અને અન્ય મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણીઓ માટે મહાયુતિની નીતિ શું હશે તે અંગે પોતાનું વલણ સ્પષ્ટ કરતાં જણાવ્યું હતું કે, અમે ત્રણેયે નક્કી કર્યું છે કે જ્યાં ત્રણેયની તાકાત હશે, ત્યાં સાથે મળીને લડવાનો કોઈ ફાયદો થશે નહીં. આપણે તે સ્થળોએ અલગથી લડવું જોઈએ. જોકે, અમે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણીઓ મહાયુતિ તરીકે લડીશું. મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં, મહાયુતિને ૧૦૦થી વધુ બેઠકો મળશે અને ચોક્કસ બહુમતીનો આંકડો પાર કરીશું. તેથી, મુંબઈમાં મહાયુતિનો મેયર હશે. મુંબઈમાં અમે સાથે મળીને લડીશું, પરંતુ થાણે અંગેનો નિર્ણય નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેને પૂછ્યા પછી જ લેવામાં આવશે. જો તેઓ કહે કે આપણે યુતિમાં લડીશું, તો યુતિમાં, નહીં તો અલગથી ચૂંટણીનો સામનો કરીશું, એમ દેવેન્દ્ર ફડણવીસે વધુમાં કહ્યું હતું. ■

## પાલિકા ચૂંટણીમાં ભાજપને પછાડવા વિપક્ષી એકતા જરૂરીઃ રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી) નેતા સંજય રાઉતે ભારતીય જનતા પક્ષને પછાડવા મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા વિપક્ષી એકતા જરૂરી હોવા પર ભાર મૂકી કોંગ્રેસના મરાઠી નેતૃત્વને મુંબઈ પર ઝળુંબી રહેલા ભયથી સાવધ થઈ મુંબઈને બચાવવામાં મદદ કરવા રજૂઆત કરી હતી.

રાઉતની આ ટિપ્પણી કોંગ્રેસના વિધાન પરિષદના સભ્ય ભાઈ જગતાપની ટિપ્પણી પછી આવી છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણીમાં કૉંગ્રેસ શિવસેના (યુબીટી) અથવા રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (એમએનએસ) સાથે ગઠબંધન નહીં કરે એમ જગતાપે (જુઓ પાનું ૪)

## ઠાકરે બંધુઓએ સાથે ભાઈબીજ મનાવી

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના (યુબીટી) પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ગુરુવારે દાદરમાં તેમના નિવાસસ્થાને તેમની બહેન જયવંતી ઠાકરે સાથે ભાઈબીજની ઉજવણી કરી હતી.


જયવંતી ઠાકરે દેશપાંડેએ પરંપરાગત તિલક સમારોહ કર્યો ત્યારે ઠાકરે ભાંડુઓ સાથે જોવા મળ્યા હતા. ભાઈ - બહેનના પવિત્ર તહેવારની ઉજવણી થઈ હતી. આ પ્રસંગ રાજ્યભરમાં દિવાળીની ઉજવણીના સમાપન સાથે જ યોગાનુયોગ હતો. સોશ્યલ મીડિયા પર સામે આવેલી ઉજવણીની તસવીરોમાં મહારાષ્ટ્રના અગ્રણી રાજકીય પરિવારનું ભાવનાત્મક વાતાવરણ નજરે પડ્યું હતું.

પુણેમાં રાજ્ય કક્ષાના પ્રધાન મુરલીધર મોહોળે પણ તેમની બહેન સાથે ભાઈબીજની ઉજવણીનો વીડિયો શેર કરી લોકોને શુભેચ્છાઓ પાઠવી હતી. દિવાળીના બે દિવસ પછી ઉજવવામાં આવતો ભાઈબીજનો તહેવાર ભાઈ-બહેન વચ્ચેના સ્નેહ અને રક્ષણનું પ્રતીક છે.

છેલ્લા કેટલાક મહિનાઓમાં બંને ઠાકરે ભાઈઓ, ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે વારંવાર ભેગા થયા છે, જેના કારણે તેમના રાજકીય જોડાણની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન, મહારાષ્ટ્ર નવનિર્માણ

(જુઓ પાનું ૪)

# સોયાબીનના ટેકાના ભાવ માટે કૉંગ્રેસે ફડણવીસનો ખુલાસો માગ્યો




મુંબઈઃ શાસક ભાજપ ખેડૂતોની ગણના માણસમાં નથી કરતા એવો આક્ષેપ કરી કૉંગ્રેસે ગુરુવારે કેન્દ્ર અને મહારાષ્ટ્ર સરકાર પાસે સોયાબીનના ટેકાના ભાવ (એમએસપી) ૬ હજાર રૂપિયા પ્રતિ ક્વિન્ટલ કેમ નથી થયા એનો ખુલાસો માગ્યો હતો. કૉંગ્રેસના પ્રદેશ પ્રવક્તા સચિન સાવંતે દાવો કર્યો હતો કે ૨૦૧૩માં વિપક્ષમાં રહેલા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોયાબીન માટે ૬ હજાર રૂપિયા પ્રતિ ક્વિન્ટલ એમએસપી (લઘુતમ ટેકાના ભાવ)ની માગ સાથે ખેડૂત મોરચાનું નેતૃત્વ કર્યું હતું.

કેન્દ્રએ આ વર્ષે મુખ્ય પાક માટે ૫ હજાર ૩૨૮ રૂપિયા પ્રતિ ક્વિન્ટલના ટેકાના ભાવની જાહેરાત કરી છે એ વાતનો ઉલ્લેખ કરી સાવંતે ઉમેર્યું હતું કે ફડણવીસના નેતૃત્વ હેઠળ થયેલા મોરચાને ૧૨ વર્ષ અને મોદી સરકારને સત્તામાં આવ્યાને ૧૧ વર્ષ થઈ ગયા છે. ફડણવીસ સાહેબે જવાબ આપવો જોઈએ કે ૬ હજાર રૂપિયાનો ભાવ ખરેખર ક્યારે પ્રાપ્ત થશે. ભાજપ ૨૦૪૭ સુધીમાં મહારાષ્ટ્રને વિકસિત રાજ્ય બનાવવાની વાત કરે છે, પણ વાસ્તવિકતા એ છે કે તેના શાસનમાં ખેડૂતોને પાષાણ યુગમાં પાછા ધકેલી દેવામાં આવી રહ્યા છે.

ખેડૂતો હાલમાં ખુલ્લા બજારમાં આશરે

(જુઓ પાનું ૪)

## ચિરાબજારમાં ઈમારતનો ભાગ તૂટી પડતાં બે ગુજરાતી સિનિયર સિટિઝન ઈજાગ્રસ્ત

મુંબઈઃ દક્ષિણ મુંબઈના ચિરાબજાર વિસ્તારમાં ઇમારતનો ભાગ તૂટી પડતાં બે ગુજરાતી સિનિયર સિટિઝન ઘાયલ થયાં હતાં.

પાલિકાના અધિકારીના જણાવ્યા મુજબ ચિરાબજારમાં જે.એસ.એસ. રોડ પર આત્મારામ બિલ્ડિંગ (મ્હાડાની બિલ્ડિંગ)માં બુધવારે સવારે ૬.૨૩ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી, જેમાં ઘાયલ થયેલાં બંને રહેવાસીની ઓળખ ઠક્કરજી ગાલા (૭૫) અને ગુણવંતી ગાલા (૭૧) તરીકે થઇ હતી. ગુણવંતી ગાલાને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં અને તેમની હાલત સ્થિર છે.

આત્મરામ બિલ્ડિંગમાં પહેલા માળે આવેલી રૂમ નંબર-૧૧નો રસોડાનો ભાગ તૂટીને ગ્રાઉન્ડ ફ્લોટ પર પડ્યો હતો. દરમિયાન બનાવની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો, પોલીસ, મ્હાડાના

(જુઓ પાનું ૪)

## દિવાળી દરમિયાન થાણેમાં હવાની ગુણવત્તા બગડી

### એક્યુઆઈ ૧૪૧ થી વધીને ૧૫૭ થયો

થાણેઃ થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન હેઠળના વિસ્તારોમાં લક્ષ્મી પૂજા અને દિવાળીના તહેવારો દરમિયાન વરસાદ પડ્યો હોવા છતાં પ્રદૂષણનો સ્તર વધ્યો હતો.

ટીએમસીના અહેવાલને ટાંકીને, એક અધિકારીએ જણાવ્યું હતું કે દિવાળી પહેલાના સ્તરની તુલનામાં લક્ષ્મી પૂજાના દિવસે વાયુ પ્રદૂષણમાં ૧૧.૧ ટકાનો વધારો થયો હતો, જ્યારે સૂક્ષ્મ કણોનો (પીએમ) સ્તર વધીને ૧૩૯ યુજી/એમ૩ થયો હતો.

''દિવાળી પહેલા એર ક્વૉલિટી ઈન્ડેક્ષ (એક્યુઆઈ) ૧૪૧ હતો જે તહેવાર દરમિયાન વધીને ૧૫૭ થયો હતો. દિવાળી

(જુઓ પાનું ૪)

### સાંગલીની ફેક્ટરીમાંથી ૨૫૨ કરોડના મેફેડ્રોનની જપ્તી

# આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ડિકેટનાં મોટાં માથાને દુબઇથી ડિપોર્ટ કરી મુંબઈ લાવવામાં આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાંગલીમાં ફેક્ટરીમાંથી ૨૫૨ કરોડ રૂપિયાના મેફેડ્રોન ડ્રગ્સની જપ્તીના કેસમાં વોન્ટેડ તેમ જ રેડ કોર્નર નોટિસનો સામનો કરી રહેલા મોહંમદ સલીમ મોહંમદ સુહેલ શેખને દુબઇથી ડિપોર્ટ કરીને બુધવારે મુંબઈ લાવવામાં આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય ડ્રગ સિન્ટિકેટનો મુખ્ય સભ્ય મોહંમદ સલીમ શેખ દુબઇમાં બેઠાં બેઠાં કાચા માલની ખરીદી, ડ્રગ્સનું ઉત્પાદન, વેચાણ અને વિતરણની ચેઇનનું સંચાલન કરતો હતો. મુંબઈ લવાયેલા મોહંમદ સલીમની ક્રાઇમ બ્રાન્ચે ધરપકડ કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

મોહંમદ સલીમ શેખને થોડા દિવસ અગાઉ દુબઇમાં 'સિસ્ટર એજન્સીઓ' દ્વારા તાબામાં લેવાયો હતો અને બાદમાં તેને મુંબઈ લવાયો હતો. ધરપકડ બાદ મોહંમદ સલીમને કોર્ટમાં હાજર કરાતાં તેને ૩૦ ઑક્ટોબર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

મોંઘાં કપડાં, ઘડિયાળો તથા લકઝરી કારનો શોખ

(જુઓ પાનું ૪)

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.